શ્રી પરમાણંદ–કેશવ ગ્રંથમાળા–પુષ્પ ૧ લું

## ભગવાન મહાવીર યુગના

# ઉપાસકો



: પ્રકાશક :


શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગર

શ્રી પરમાણંદ-કેશવ ગ્રંથમાળા-પુષ્પ ૧ લું

## ભગવાન મહાવીર યુગના

# ઉપાસકો



: પ્રકાશક :

શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગર

: પ્રકાશક :
શ્રી ખીમચંદ ચાંપશી શાહ
પ્રમુખ, શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

પ્રત : ૧૨૫૦ સંવત ૨૦૨૭

કિંમત : રૂા. ૨-૭૦

: મુદ્રક :
શ્રી ચંદુભાઈ લલ્લુભાઈ ભટ્ટ
અચના છાપખાના
દરબારગઢ : ભાવનગર

# પ્રકાશકનું નિવેદન

શ્રી જૈન આત્માનંદ સભાનો એક ઉદ્દેશ એ છે કે જૈન સમાજમાં ધાર્મિક, નૈતિક, વ્યાવહારિક જ્ઞાનનો પ્રચાર કરવો અને આ હેતુ માટે યોગ્ય સાહિત્યનું પ્રકાશન કરવું. આ ઉદ્દેશને લક્ષમાં રાખી છેલ્લા સાઠ ઉપરાંત વર્ષોથી આ સભા વિવિધ પ્રકારનાં પુસ્તકોનું પ્રકાશન કરતી આવી છે. શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળા, શ્રી આત્માનંદ જૈન ગ્રંથરત્નમાલા (સંસ્કૃત. પ્રાકૃત ગ્રં.), શ્રી આત્માનંદ જન્મ શતાબ્દી સીરીઝ, પ્રવર્તક શ્રી કાંતિવિજયજી ઐતિહાસિક ગ્રંથમાળા ઈત્યાદિ ગ્રંથમાળાઓ દ્વારા ગુજરાતી, સંસ્કૃત, અર્ધમાગધી, પ્રાકૃત, અંગ્રેજી વગેરે ભાષાઓમાં લગભગ ૨૧૦ જેટલાં પુસ્તકો પ્રગટ કર્યાં છે, જેમાંનાં કેટલાંક પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજોને તથા સભાના પેટ્રનો, આજીવન સભ્યો અને અન્ય સભ્યોને ભેટ આપવામાં આવ્યાં છે. આ રીતે સભાએ પોતાનો ઉદ્દેશ સિદ્ધ કરવા પુરુષાર્થ કરેલો છે.

શેઠશ્રી સવાઈલાલ કેશવલાલ શાહ મૂળ ઘોઘા-ભાવનગરના વતની છે, પણ હાલમાં ધંધા અર્થે કલકત્તામાં નિવાસ કરે છે. તેઓ ત્યાં આપણા ગુજરાતી સમાજમાં એક અગ્રગણ્ય નેતા છે, એટલું જ નહીં, પણ સરકારમાં તેમજ માતબર જાહેર સંસ્થાઓમાં પણ આગવું સ્થાન ધરાવે છે. તેઓ બંગાળ રાજ્યના જસ્ટીસ ઓફ પીસ અને પ્રેસિડન્સી માજિસ્ટ્રેટ છે, બિહાર રાજ્યમાં સ્ટેટ બોર્ડ ઓફ શ્વેતાંબર રિલિજિયસ ટ્રસ્ટના સ્પેશિયલ ઓફિસર છે. ઉપરાંત દેશપરદેશની ઘણી જાહેર સંસ્થાઓમાં પ્રમુખ, ઉપ-પ્રમુખ

કે સભ્ય તરીકે રહી પોતાની માનદ સેવાઓ તથા ઉદાર આર્થિક સહાય આપી રહ્યા છે. તેઓએ આ સભાના કાર્યથી આકર્ષાઈ સમાજને આનંદ સાથે જ્ઞાન આપે તથા નૈતિક અને ધાર્મિક ભાવનાઓ જગાવે તેવું શિષ્ટ, સંસ્કારી પણ હળવું સાહિત્ય સભા મારફત પ્રસિદ્ધ કરવાની ઈચ્છા જણાવી. સભાએ આભાર સહિત તેમની દરખાસ્ત સ્વીકારી અને તેને મૂર્ત સ્વરૂપ આપવા તેમના મોટા બાપુ (પિતાશ્રીના મોટા ભાઈ) સ્વ. પરમાણુંદદાસ શેઠ તથા તેમના પિતાશ્રી સ્વ. કેશવલાલ શેઠ એ બંનેમાં સંયુક્ત નામે એક ગ્રંથમાળા શરૂ કરવાનો ઠરાવ કર્યો.

આ ઠરાવ અનુસાર શેઠશ્રી સવાઈલાલભાઈની પૂરેપૂરી આર્થિક સહાય વડે "**શ્રી પરમાણુંદ–કેશવ ગ્રંથમાળા**" શરૂ કરવામાં આવેલ છે તથા તેનું આ પ્રથમ ગ્રંથપુષ્પ પ્રસિદ્ધ થાય છે. થોડા થોડા સમયના અંતરે બીજાં ગ્રંથપુષ્પો પ્રગટ કરવાની શેઠશ્રીની ભાવના છે.

આવી એક ઉદાત્ત યોજના અમલી બનાવવા માટે આ સભા શેઠશ્રી સવાઈલાલભાઈનો આભાર માને છે અને આ ગ્રંથમાળા પ્રસિદ્ધ કરાવવા પાછળ તેમણે જે ઉચ્ચ ભાવનાઓ સેવી છે, તેને આ પ્રથમ ગ્રંથ 'ભગવાન મહાવીરયુગના ઉપાસકો' પરિપૂર્ણ કરશે એવી અભિલાષા અમે સેવીએ છીએ.

**कल्याणमस्तु सर्वजगतः ।**

**ખીમચંદ ચાંપશી શાહ**
પ્રમુખ

## સ્વ. શેઠશ્રી પરમાણંદદાસ રતનજી શાહ



જન્મ :
વિ. સં. ૧૯૩૬
ભાદરવા વદિ અમાસ

સ્વર્ગવાસ :
વિ. સં. ૧૯૮૮
માગશર સુદિ આઠમ

# શેઠશ્રી પરમાણંદદાસ રતનજી શાહ

ઘોઘા એ સૌરાષ્ટ્રના પૂર્વ કિનારે ભાવનગર પાસે ખંભાતના અખાત ઉપર આવેલું એક બંદરી શહેર છે. આજે તો તે પાછળ પડી ગયું છે. પરંતુ બે સૈકાઓ પહેલાના સમયમાં તે એક સમૃદ્ધ બંદર હતું. ત્યાંના સાહસિક વેપારીઓ દરિયો ખેડી મલબાર, લંકા અને ઠેઠ જાવા સુધી ધીકતો વેપાર ચલાવતા. 'લંકાની લાડી ને ઘોઘાનો વર' એ કહેવત આ બંદરની જાહોજલાલીને બિરદાવે છે.

આ શહેરમાં શેઠશ્રી રતનજી જેચંદભાઈના વડવાઓએ વસવાટ કર્યો હતો અને વેપાર ખેડી ત્યાંનાં વેપારી મંડળોમાં અગ્રગણ્ય સ્થાન જમાવ્યું હતું, પણ ઘોઘાનું બારૂં પૂરાવા માંડયું, બંદરી વેપાર ઘટવા માંડયો અને આ શહેર સમૃદ્ધિમાં પાછળ પડવા માંડયું, એટલે શ્રી રતનજીશેઠ સમયના એંધાણ પારખી મુંબઈ ગયા અને ત્યાં ઘાટકોપરમાં નિવાસ કરી તેમણે નિકાસ (export) નો વેપાર શરૂ કર્યો. ધીમે ધીમે આ વેપાર વિકસાવ્યો અને પ્રતિષ્ઠા જમાવી.

શ્રી રતનજીશેઠને બે પુત્રો હતા—પરમાણંદદાસ અને કેશવલાલ. શ્રી પરમાણંદદાસનો જન્મ વિ. સં. ૧૯૩૬ના ભાદરવા માસની અમાસના રોજ ઘોઘામાં થયો હતો. તે સમયની જરૂરિયાત અનુસાર સાધારણ અભ્યાસ કરીને તે મુંબઈ ગયા અને પિતાશ્રી સાથે નિકાસના વેપારમાં જોડાયા.

જો કે શ્રી પરમાણંદદાસ શેઠનો અભ્યાસ સામાન્ય પ્રકારનો હતો, પરંતુ તેમની બુદ્ધિ કુશાગ્ર હતી અને તેમનામાં

વેપારી સૂઝ ઘણી જ હતી. ધંધામાં પ્રમાણિકતા એ તેમનું વિશિષ્ટ લક્ષણ હતું.

આથી તેમનો વેપાર ખૂબ વિકસ્યો. દેશપરદેશમાં–દુનિયાનાં બધાં મોટાં શહેરો સાથે તેમણે વેપારી સંબંધો બાંધ્યા, નામના કાઢી અને તેમની પેઢી ખૂબ પ્રખ્યાતિ પામી.

શ્રી પરમાણંદદાસ શેઠ એક ઉદારદિલ વ્યક્તિ હતા. સામા માણસને પારખી લેવાની તેમની કુનેહ અજબ હતી. જરૂર પડયે બીજાને દુઃખ ન થાય તેટલા માટે પોતે સહન કરી લેવાની શક્તિ તેમનામાં અસાધારણ હતી, અને પરિસ્થિતિની ગૂંચ ઝડપથી સમજી લઈ તેનો તોડ કાઢવાની સૂઝ પણ વિશાળ હતી. પોતાનો સાથ સહકાર શોધનારને સર્વ રીતે સહાયભૂત બની તેને સુખી કરવાની ભાવના તેમનામાં ઘણી ઉત્કૃષ્ટ હતી. આ બધા ગુણોના કારણે તેઓ દેશપરદેશના વેપારીઓમાં તેમ જ સ્નેહી સંબંધીઓમાં ખૂબ જ પ્રિય થઈ પડયા હતા.

તેઓ ધાર્મિક વૃત્તિના હતા. મુંબઈમાં શ્રી ગોડીજી પાર્શ્વનાથ મંદિરના ટ્રસ્ટી તરીકે ઘણાં વર્ષો સુધી તેમણે પોતાની સેવા આપી હતી. ભાવનગરમાં વડવાના દેરાસરમાં શ્રી નેમિનાથ ભગવાનની મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી હતી. ધાર્મિક ક્રિયાઓ કરવા માટે ઘાટકોપરમાં એક ઉપાશ્રય પણ બંધાવ્યો હતો.


તેઓ પોતાના જ્ઞાતિજનો પ્રત્યે હંમેશાં કૂણી લાગણી ધરાવતા. ગરીબ જ્ઞાતિજનોને રહેવા માટે ઘાટકોપરમાં માસિક રૂપિયા એકના સસ્તા ભાડાવાળી ચાલી બંધાવી હતી.

તેઓ ખૂબ કુટુંબપ્રેમી હતા. તેમને કોઇ સંતાન ન હતું, પણ તેમના નાના ભાઇ શ્રી કેશવલાલ શેઠનાં સંતાનો તરફ પોતાનાં સંતાનો જેવી જ ઉષ્માભરી લાગણી રાખતા અને તેમના હિત–કલ્યાણ માટે સદૈવ સચિંત રહેતા.

આપણે ઘણી વાર જોઇએ છીએ કે સદ્દગુણી અને સચ્ચારિત્રવાન પુરુષોનાં આયુષ્ય બહુ લાંબાં નથી હોતાં. શ્રી પરમાણંદદાસ શેઠ પણ એકાવન વર્ષની ઉંમરે ઘાટકોપરમાં વિ. સં. ૧૯૮૮ ના માગશર સુદિ આઠમના રોજ સવારમાં અચાનક હૃદય બંધ પડી જવાથી સ્વર્ગવાસી થયા હતા.

શ્રીપરમાણંદદાસ શેઠનાં લગ્ન ભાવગરવાળા શેઠશ્રી ભાયાણી કુંટુંબ નાં પુત્રી કાશીબેન સાથે થયાં હતાં. આગળ કહ્યું તેમ તેમને સંતાન ન હતું, પણ પોતાના પતિની જેમ તેઓ ધર્મપરાયણ જીવન ગાળતાં. ધાર્મિક ક્રિયાઓમાં શ્રદ્ધાપૂર્વક ભાગ લેતાં સં. ૨૦૦૨ માં એક દિવસ ઘાટકોપરમાં દહેરાસરમાં પોરસી પચ્ચખાણ સાથે સામુદાયિક સ્નાત્ર ભણાવી, દહેરાસરના પગથિયે બેસી ચતુર્વિધ સંઘની સાથે નવકારમંત્ર સાંભળતાં હતાં, તેવામાં અચાનક હૃદય બંધ પડી જવાથી સ્વર્ગવાસી થયાં હતાં. ભગવાનની લીલા અકળ છે. તેમનું મૃત્યુ પણ તેમના પતિના મૃત્યુની જેમ જ ક્ષણવારમાં હૃદય બંધ થઇ જવાના કારણે થયું હતું. આ અનિષ્ટ પ્રસંગે તેમની પાસે કોઇ સ્વજન પણ હાજર ન હતું.

શ્રી પરમાણંદદાસ શેઠ જેવા એક સફળ વેપારી, ધાર્મિક વૃત્તિવાળા અને સ્વજનો પ્રત્યે પ્રેમાળ સદ્દગૃહસ્થનું નામ આ ગ્રંથમાળા સાથે જોડાય છે અને આ પ્રથમ ગ્રંથરૂપી પુષ્પ તેમના મુબારક નામ સાથે પ્રસિદ્ધ થાય છે તે દરેક રીતે અભિનંદનીય છે.



# પ્રસ્તાવના

પ્રજાની રસવૃત્તિને પોષે-સંતોષે, જ્ઞાનની ખીલવણી કરે અને ચારિત્ર ઘડતરમાં સહાયક બને તેનું નામ સાહિત્ય છે. કોઇપણ દેશ, પ્રજા, સમાજ કે ધર્મ સાહિત્ય વગર પાંગરતાં નથી.

સાહિત્યના જુદા જુદા પ્રકારો છે. તેમાં કથા-વાર્તા સાહિત્ય ઘણું જ અગત્યનું સ્થાન ધરાવે છે. કથાઓ બાળક, યુવક કે વૃદ્ધ-એ સૌની રસવૃત્તિને સંતોષે છે અને તેમના મનને પ્રફુલ્લિત કરી તેમનામાં શુભ સંસ્કારોનું સિંચન કરે છે. કોઈપણ વચન કે ઉપદેશ જો દૃષ્ટાંત સહિત રજૂ કરવામાં આવે તો તેનામાં શ્રદ્ધા બેસે છે અને મન ઉપર તેનો ઘણો મોટો પ્રભાવ પડે છે. વ્યવહારમાં પણ માણસો પોતાના જીવનમાં કે અન્ય વ્યક્તિના જીવનમાં બનેલી કોઇ ઘટનામાંથી પ્રત્યક્ષ અનુભવ મેળવે છે અને તે અનુભવના આધારે કેટલુંક કરવા જેવું કાર્ય કરતા થઇ જાય છે અને ન કરવા જેવું કાર્ય કરતા અટકી જાય છે, તેવી જ રીતે ધર્મકથાનું શ્રવણ કે વાંચન હૃદયને હલાવી જાય છે અને માનવના જીવનમાં મોટું પરિવર્તન આણે છે— માનવના જીવનનું નવું ઘડતર અને ચણતર કરે છે. ધર્મકથામાં રહેલી આવી તાકાતને પરાપૂર્વથી ધર્મના ઉપદેશકોએ પિછાણી છે, અને ધર્મકથાઓને પોતાની ઉપદેશવાણીમાં વણી લીધી છે. જગતના દરેકે દરેક ધર્મમાં ઉપદેશકથાઓ વિશિષ્ટ સ્થાન ભોગવે છે. જૈન ધર્મમાં પણ આવી કથાઓનું ઘણું જ મહત્ત્વ છે. અને પૂર્વાચાર્યોએ ધર્મકથાઓનો જુદો વિભાગ કરી તેને **ધર્મકથાનુયોગ** એવું ગૌરવશાળી નામ આપ્યું છે.

આ પુસ્તિકામાં આઠ કથાઓ આપેલી છે. તેનું નિરીક્ષણ કરતાં જણાશે કે તે માત્ર મનોરંજન અર્થે લખાતી હેતુશૂન્ય આધુનિક વાર્તાઓ જેવી નથી, પણ ધર્મકથાઓ ઉપરથી ઉચ્ચ ઉદ્દેશથી લખાયેલી બોધપ્રધાન કથાઓ છે. આ કથાઓનું વસ્તુ ઉપાસકદશા, જ્ઞાતાધર્મકથા, ઉત્તરાધ્યયનસૂત્ર, ઉપદેશપ્રાસાદ, ત્રિષષ્ઠિશલાકાપુરુષચરિત્ર વગેરે જૈન ધર્મકથાનુયોગના ગ્રંથોમાંથી લીધેલ છે. એટલે એ દૃષ્ટિએ આ કથાઓ મૌલિક નથી. પરંતુ તેમનું નિરૂપણ મૌલિક છે અને આજની લોકરુચિને અનુલક્ષીને કરાયેલું છે.

યુગેયુગે જનસમાજની રુચિમાં ફેરફાર થતો રહે છે. એટલે જૂની કથાઓને – તેનું સર્વદેશીય અને સર્વકાલીન હાર્દ બદલ્યા સિવાય–જનરુચિને પસંદ પડે તેવી રીતે તેનું નવ સંસ્કરણ કરવાની આવશ્યકતા ઊભી થાય છે. આ સંસાર અગાધ સાગર જેવો છે. તેમાં માનવે પોતાની જીવનનૌકા પાર કરવાની છે. આ ઉદ્દેશ સિદ્ધ કરવા માટે માર્ગદર્શક દીવાદાંડીનું કાર્ય કરે તે હેતુથી આવી કથાઓનો ઉપયોગ મહાન આચાર્યોએ અને ઉપદેશકોએ કરેલો છે. એટલે તેનું મૂલ્ય સર્વકાલીન–શાશ્વત છે. અને તેથી તેને પલટાતા જતા યુગ અનુસાર નવું સંસ્કરણ આપતાં તેની મહત્તા જરાપણ ઘટતી નથી.

આ કથાઓમાંથી (૧) રાજર્ષિ નમિ (૩) રાજપુત્ર આર્દ્રકકુમાર (૫) ધન્ના–શાલિભદ્ર (૭) મેતાર્ય મુનિવર– એ ચારના લેખક સ્વ. ભીમજી હરજીવન (સુશીલ) છે. ઠાવકી, ઠરેલી, મર્માળી અને લોકભોગ્ય સાદાઈની સાથોસાથ ગિર્વાણ સંસ્કારોનો સુમેળ નિપજાવતી મીઠી લેખનશૈલીનો એક જાણીતો સંપ્રદાય ગુજરાતમાં પ્રવર્તે છે અને કાકા કાલેલકર એ સંપ્રદાયના નેતા ગણાય છે. શ્રી સુશીલ પણ એ શૈલીના આરાધક છે. જૂના 'સૌરાષ્ટ્ર' અને

'જૈન' પત્રોની ફાઇલોમાં પડેલા એમના લેખો તેમની મધુરતા, મર્મપ્રિયતા અને સંસ્કારિતાની આજે પણ પ્રતીતિ કરાવે છે. "આપણાં પામર લખાણો દુનિયા પર લાદવાના લોભ કરતાં જગતના શ્રેષ્ઠ ગ્રંથોનું નિરપેક્ષ પરિશીલન કરવું" એ તેમને વધારે રુચતું અને તેનો તેઓ આગ્રહ સેવતા. તેથી તેમની કૃતિઓનો ફાલ તેમની શક્તિના પ્રમાણમાં ઘણો ઓછો છે. છતાં જે છે, તે ઉચ્ચ કોટિનો છે અને ગુજરાતી સાહિત્યમાં ચિરંજીવ રહેશે તેમાં શંકાને સ્થાન નથી.

એકજ માતાપિતાના બે પુત્રો એક બીજાને ઓળખ્યા વગર યુદ્ધક્ષેત્રમાં અરસ્પરસ સંહાર કરવા એકઠા મળે છે અને બરાબર તે જ સમયે તેમની માતા હાજર થઇ તેમની ઓળખાણ કરાવે છે અને તેમનામાં બંધુભાવ પ્રગટાવે છે એ નાટકીય રીતે અને પછી ધીમે ધીમે આ સંસારની અસારતા સમજાતાં તેઓ બંને થોડાથોડા સમયના અંતરે પરિવ્રજ્યા લઇ પોતાનાં જીવન સાર્થક કરે છે તે કલાત્મક રીતે 'રાજર્ષિ નમિ' માં વર્ણવવામાં આવેલ છે.

'રાજપુત્ર આર્દ્રકકુમાર' માં આર્દ્રક દ્વીપના રાજકુમાર અને શ્રીમતી વચ્ચેના ઘટનાપ્રસંગો સુરેખ રીતે સાંકળવામાં આવ્યા છે. શ્રેષ્ઠીપુત્રી શ્રીમતી અને યુવાન મુનિના વાસનામિલનને પણ ધીરેધીરે સ્વાભાવિકતાના માર્ગે વિકસાવી લેખક એ મિલનને રોકતી કે ગતિ દેતી કંઇ કંઇ નવરંગી ઉર્મિઓનાં ગૂંથણ ગૂંથે છે અને છેવટે એ વીર્યવાન આત્માના રમણીય પતનમાંથી એક વેગવાન ઉદ્ધારનો પુનર્જન્મ નિપજાવે છે!

'ધન્ના-શાલિભદ્ર' માં કુબેર કરતાં પણ ચઢિયાતા એ બંને ધનાઢયો એક બાજુ દેવોને પણ ઇર્ષા આવે તેવા ભોગવિલાસ માણે છે. પણ સહેજ ટકોર થતાં એ બધું તજી દેતા અચકાતા

નથી અને પરિવ્રાજકો બની જીવનનું અંતિમ ધ્યેય સિદ્ધ કરે છે એ સુંદર ચિત્ર આપણી સમક્ષ ખડું કરે છે અને રાગ તથા વિરાગ વચ્ચેનો સંબંધ એ શોકયો જેવો નહીં પણ એ બહેનો જેવો છે તે હકીકતની પ્રતીતિ કરાવે છે.

સત્યને જ વળગી રહેવું એ કેવું દુષ્કર છે તે હકીકત 'મેતાર્ય મુનિવર' સમજાવે છે. દેવી ભાગવતમાં એક સત્યતપા ઋષિની કથા છે. એક સમયે પારધિએ ઘાયલ કરેલું એક મૃગ જીવ બચાવવા નાસતું નાસતું તે ઋષિની ઝૂંપડીમાં પેસી જાય છે. તેની પાછળ દોડતો આવતો પારધિ તે ઋષિને 'ઘાયલ થયેલું મૃગ કઈ બાજુએ ગયું' તે પ્રશ્ન પૂછે છે. ઋષિ દ્વિધામાં પડે છે. જો સાચું કહે તો હિંસા દોષ થાય અને જૂઠું કહે તો અસત્યભાષણનો દોષ આવે. તેમણે ચાલાકી કરી. જવાબ આપ્યો કે "જે જૂએ છે (એટલે કે આંખ) તે બોલી શકતી નથી અને જે બોલી શકે છે (એટલે કે જીભ) તે જોઈ શકતી નથી એટલે હે પારધિ! તારા પ્રશ્નનો ઉત્તર કેવી રીતે આપી શકાય?" પારધિ ચાલ્યો ગયો. આ તો પ્રશ્નનો જવાબ ટાળવાની એક યુક્તિ થઈ. મેતાર્ય મુનિવર આવી કોઈ યુક્તિનો આશ્રય લીધા વિના મૌન સેવે છે અને પરિણામે સોની જે દુઃસહ ઉપસર્ગો તેની ઉપર લાદે છે તે શાંત અને સ્થિર ભાવે સહી મૃત્યુને ભેટે છે. આ છે સત્યતપા ઋષિના કરતાં ઉચ્ચતર ભૂમિકાની વાત. લેખક તેને કલાત્મક રીતે 'મેતાર્ય મુનિવર'માં રજૂ કરે છે.

(૨) રાજર્ષિ ઉદાયન (૪) રાજકુમાર નંદિષેણ (૬) મહાશતક અને (૮) અર્જુન માળી–આ કથાઓના લેખક છે શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા. શ્રી મનસુખલાલભાઈ એક સિદ્ધહસ્ત લેખક છે અને તેમનું 'શીલધર્મની કથાઓ' નામનું પુસ્તક જૈન અને

જૈનેતર સમાજમાં આદરપાત્ર બન્યું છે. તેઓ પોતાને જે કહેવાનું છે તે સીધી સાદી રીતે કહી જાય છે. તેમની ભાષા સરળ છે અને શૈલી ઉપદેશાત્મક છે. તેમાં કલાગૂંથણીનો ખાસ પ્રયત્ન કરવામાં આવતો નથી. પોતાને જે કહેવું છે તેને અલંકારથી સુશોભિત કરવાનો તેઓ પ્રયાસ કરતા નથી. પરંતુ દરેક પ્રસંગને યોગ્ય માપમાં યોગ્ય સ્થાને ગોઠવે છે. આથી વસ્તુસંકલના બરાબર થઇ વસ્તુવિકાસ પણ યોગ્ય રીતે સધાતો જાય છે. અને કથા રસિક બને છે. પ્રત્યેક કથામાં પ્રસંગો જેમ જેમ આગળ વધતા જાય તેમ તેમ તેના પર સંક્ષેપમાં માર્મિક રીતે વિવેચન કરતા જઇ સમગ્ર કથાના હાર્દને સ્પષ્ટ કરવો અને સાથે સાથે કથાના રહસ્યનો બોધ કરાવવો એ આ લેખકની કથાશૈલીની લાક્ષણિકતા છે. એ બોધનું દર્શન કરાવતી વખતે લેખક એકાંતે કોઈપણ એક બાબતનો પક્ષ લેતા નથી. પરંતુ સમગ્ર રીતે કારણ સહિત સમપ્રમાણ, સાધકબાધક મીમાંસા રજૂ કરે છે અને એમ કરતી વખતે લોકવ્યવહારના અવલોકન–અભિપ્રાયથી માંડીને ધર્મ સિદ્ધાંતની વિશદ છણાવટ સુધીના ફલકને આવરી લે છે.

મહાન રાગ પણ ઘણીવાર ત્યાગનું નિમિત્ત બને છે. 'કર્મે શૂરા એ ધર્મે પણ શૂરા' ની જેમ રાગ–ત્યાગમાં પણ અત્યંત રાગી અત્યંત ત્યાગી બની શકે છે. પરંતુ રાગ એ કેવું જલદ બંધન છે. અને તેમાંથી મુક્ત થવું કેટલું કઠિન છે, તે 'રાજર્ષિ ઉદાયનની' કથા દ્વારા આલેખવા પ્રયાસ કર્યો છે. જેઓને સંસારની અનિત્યના, અસારતા અને ક્ષણભંગુરતા સાચા અર્થમાં સમજાય ગઇ છે, તેને ત્યાગના પંથે જતાં કોઈ અટકાવી શકતું નથી, તેમ જ ઝેર આપવા જેવા મૃત્યુદાયક પ્રસંગો પણ તેમનાં સ્વસ્થ અને શાંત ચિત્ત ઉપર કાંઇ અસર કરી શકતા નથી તે આ કથાના હાર્દમાં છે.

ફૂલ, ફળની જેમ પ્રાથમિક અવસ્થા છે તેમ ગૃહસ્થાશ્રમ પણ સંન્યાસાશ્રમની પ્રાથમિક અવસ્થા છે. સ્વસ્થ અને સમભાવપૂર્વકનું દાંપત્ય જીવન 'રાજકુમાર નંદિષેણ'માં રજૂ કરવામાં આવ્યું છે. નંદિષેણ અને દેવદત્તાએ ભોગોમાં રાગ નથી કર્યો. ભોગો ભોગવતાં છતાં તેના મોહ કે રાગના બંધનમાં બંનેમાંથી કોઇ નથી આવ્યું. જીવનનો મોટામાં મોટો અનુભવ લઇ દાંપત્ય જીવન દ્વારા તેઓએ સાબિત કરી આપ્યું છે કે ભોગોમાં લપટાયા સિવાય પણ ભોગો ભોગવી શકાય છે અને ત્યજી પણ દેવાય છે.

ભગવાન મહાવીરના દશ મુખ્ય ઉપાસકોમાં મહાશતકનું સ્થાન અનોખું છે. સત્ય બોલવામાં, આપણે આગળ જોયું, તેમ જેમ સંયમની જરૂર છે, તેમજ અત્યંત વિવેકની પણ જરૂર રહે છે એ આ કથાનો મુખ્ય સાર છે. સમૃદ્ધિ અને વિપુલ વૈભવનાં સાધનો માણસને ઊંચે ચડાવવાને બદલે નીચે લઇ જાય છે એ રેવતીના જીવનમાંથી સમજાય છે. આ કથામાંથી બીજી પણ એક મહત્ત્વની બાબત સાંપડે છે. મહાશતકની ભૂલ માટે તે ભૂલ સમજાવી તેનું પ્રાયશ્ચિત કરવા માટે ખુદ ભ. મહાવીર શ્રી ગૌતમને મહાશતક પાસે મોકલે છે, એ હકીકત ભગવાન પોતે પોતાના શ્રાવકોના જીવન માટે કેવી કાળજી રાખતા હતા તેનું સુંદર ઉદાહરણ છે.

જે લોકો ભગવાનની ભકિતમાં તરબોળ હોય છે, તેમને કોઇ પણ જાતનો ભય નડતો નથી. ઊલટું ભય ઉપજાવનાર ભૂત, પ્રેત, યક્ષ કે અન્ય કોઈ તેના આધીન થઈને તેના દ્વારા પોતાનું શ્રેય સાધે છે એ 'અર્જુન માળી'ની કથાનું રહસ્ય છે.

ભ. મહાવીર જ્યારે સદેહે પૃથ્વી ઉપર વિચરતા હતા, ત્યારે અસંખ્ય માનવોએ તેમના સંપર્કમાં આવી પોતાનું કલ્યાણ સાધ્યું હશે. તેમાંથી આઠનાં ચરિત્રો ટૂંકમાં આ કથાઓ દ્વારા આલેખવામાં

આવ્યાં છે. એક રાજવી, બે રાજકુમારો, ત્રણ શ્રેષ્ઠીઓ, એક ચાંડાલ અને એક લૂંટારો–એમ સમાજના જુદા જુદા સ્તરમાંથી આઠની પસંદગી કરવામાં આવી છે. રાજર્ષિ નમિ ભ. મહાવીર પહેલાના સમયમાં થઇ ગયા હતા. તેમણે ઉચ્ચ કોટિનો વૈરાગ્ય સાધિત કર્યો હતો. તેમની પ્રિય મિથિલામાં વિનાશક આગ લાગતાં પણ તેમનું મન ચલિત થયું ન હતું તેમણે કહ્યું હતું કે "**मिहिळाए डज्झमाणीए न मे डज्झइ किंचण** મિથિલા બળતાં મારું કાંઇ બળતું નથી." ભ. મહાવીરે પોતાના દેશના પ્રવચનમાં આ નમિરાજના ત્યાગને બિરદાવેલ હતો.

શ્રી સુશીલની પહેલી બે કથાઓ તેમના પુસ્તક 'અર્પણ' માંથી અને પાછલી બે કથાઓ તેમના પુસ્તક 'ક્ષમાશ્રમણ' માંથી લેવામાં આવી છે. આ પુસ્તકો આજથી ચાલીસ કરતાં પણ વધારે વર્ષ પહેલાં અઠવાડિક જૈન પત્રે છપાવી પોતાના ગ્રાહકોને ભેટ આપ્યાં હતાં. આજે આ બંને અપ્રાપ્ય છે. તેમાંથી આ કથાઓ લઈ આ પુસ્તિકામાં છાપવાની સંમતિ આપવા માટે અમે જૈન પત્રના માલિક શ્રી ગુલાબચંદ દેવચંદ શેઠનો આભાર માનીએ છીએ. શ્રી મનસુખલાલભાઇએ પણ પોતાના 'શીલધર્મની કથાઓ' પુસ્તકમાંથી કથા વસ્તુ લઈ, યોગ્ય ફેરફાર કરી આ પુસ્તિકા માટે પોતાની ત્રણ કથાઓ અને ચોથી સ્વતંત્ર રીતે તૈયાર કરી આપવા બદલ તેમનો પણ આભાર માનીએ છીએ.

અંતમાં, આજે જ્યારે આપણી ઉપર દેશના નવનિર્માણની જવાબદારીઓ આવી છે, ત્યારે આ કથાઓ આપણી બુદ્ધિને તેજસ્વી બનાવી, આપણાં હૃદયમાં ધર્મવૃત્તિ જગાડી આપણા સૌનો જીવનદીપ બની રહે એ જ અભ્યર્થના.

**ખીમચંદ ચાંપશી શાહ**

# અનુક્રમણિકા


| | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | રાજર્ષિ નમિ | ૧ |
| ૨ | રાજર્ષિ ઉદાયન | ૨૦ |
| ૩ | રાજપુત્ર આર્દ્રકકુમાર | ૪૦ |
| ૪ | રાજકુમાર નંદિષેણ | ૫૫ |
| ૫ | ધન્ના–શાલિભદ્ર | ૭૪ |
| ૬ | મહાશતક | ૧૦૬ |
| ૭ | મેતાર્ય મુનિવર | ૧૨૧ |
| ૮ | અર્જુન માળી | ૧૩૫ |

# ૧. રાજર્ષિ નમિ

મિથિલા અને સુદર્શનપુરના રાજાઓ વચ્ચે પેઢી દર પેઢી વેર ઉતરતા. ધૂંધવાઈ રહેલી આગમાં ઘીનો છાંટો પડતાં ભડકો થાય તેમ એ બંને રાજ્યો વચ્ચે છેક નજીવા કારણે પણ યુદ્ધનો જ્વાલામુખી સળગી ઊઠતો. ઉપદેશકો અને રાજદ્વારી પુરુષોએ એ દાહને ઠારવા ઘણા ઘણા પ્રયત્નો કર્યા. પણ આખર સુધી એ પ્રયત્ન જ રહ્યા—કોઈને સિદ્ધિનો યશ ન મળ્યો.

પરંતુ સંસારની વિચિત્ર ઘટમાળ કોઈ કોઈ વાર એવા ઘાટ ઘડી નાંખે છે કે ભલભલા પંડિતોના અભિમાન પણ આપોઆપ ઓસરી જાય. મિથિલા અને સુદર્શનપુરના રાજવીઓ વચ્ચે પણ એક એવી જ કલ્પનાતીત ઘટના બની ગઈ અને બંને રાજ્યો જ્યોતમાં જ્યોત ભળી જાય તેમ પરસ્પરમાં સમાઈ ગયાં.

બન્યું એવું કે એક દિવસે મિથિલાપતિનો માનીતો પટ્ટહસ્તિ ઉન્મત્ત બની નાસતો નાસતો સુદર્શનપુરની હદમાં ભરાયો. સુદર્શનપુરના રાજાએ તેને યુક્તિથી પકડી પોતાની પાસે રાખી લીધો. મિથિલાપતિએ એ હાથી પાછો સોંપી દેવાનું કહેણ દૂત મારફત મોકલ્યું. પણ વિના યુદ્ધે એ હાથી સોંપી દેવો તેમાં સુદર્શનપુરના રાજાને પોતાનું માનભંગ લાગ્યું. નવા યુદ્ધને માટે આટલું જ નિમિત્ત બસ હતું.

સુદર્શનપુર અને મિથિલાની સેનાઓના વ્યૂહ સામસામા ગોઠવાઇ ગયા. ભેરી અને શંખના નાદથી રણભૂમિ ગરજી ઊઠી. સુદર્શનપુરનો રાજા ચંદ્રયશ અને મિથિલાપતિ નમિ પણ સૈન્યના મોખરે આવી ઊભા. યુદ્ધના આરંભની હવે ઘડીઓ જ ગણાતી હતી.

એટલામાં વાદળમાં અચાનક વીજળી ઝબકે તેમ તપસ્વિની જેવી દેખાતી એક અજાણી નારી એ બંને સૈન્યોની વચ્ચે દૂરથી દોડતી આવીને ઊભી રહી. યુદ્ધના ચડતા આવેશમાં સૈનિકોને આ વિઘ્ન અસહ્ય લાગ્યું. પરંતુ સુદર્શનપુર કે મિથિલા એ બંનેના રાજવીઓમાંથી કોઇ તેને વચમાંથી આઘા ખસી જવાનું કહી ન શક્યું.

બંનેએ હાથી ઉપરની અંબાડીમાં બેઠા બેઠા એ અજાણી સ્ત્રી તરફ નજર ફેંકી. તેમના અંતરાત્મામાંથી અવાજ ઊઠયો કે આ કોઈ સામાન્ય સ્ત્રી નથી, અને તે કોઇ અસામાન્ય કારણના લીધે સેંકડો પુરુષ સૈનિકોની વચ્ચે યુદ્ધની ભૂમિમાં યુદ્ધના જ પ્રસંગે આમ નિર્ભયપણે આવીને ઊભી રહી છે.

તપસ્વિનીએ એક વાર સુદર્શનપુરના રાજવી સામે અને એક વાર મિથિલાના નરેશ સામે ઊંચે જોયું. ઉપદેશની શુષ્કતા કે ઉપાલંભની કઠોરતાને બદલે કેવળ મમતા અને વાત્સલ્ય જ એ નયનોમાંથી નીતરતું હતું. શીલની–સૌંદર્યની મૂર્તિ જાણે તપના તેજમાં સ્નાન કરીને સીધી અહીં આવી હોય એમ એ ઉભય રાજવીને થયું. કોઈ કાળે નહીં અનુભવેલા પૂજ્ય ભાવે તેમને બંનેને ક્ષણવાર પરતંત્ર જેવા બનાવી દીધા.

" હાય, ભગવાન ! એક જ માતાના બે પુત્રો પહેલી જ વાર યુદ્ધના મેદાનમાં શત્રુરૂપે મળે એ કેટલો કરુણ પ્રસંગ છે ! " તપસ્વિનીએ દર્દભરી આંખે આકાશ સામે જોઈ એક સંતપ્ત નિશ્વાસ મૂકયો.

મિથિલાપતિ અને સુદર્શનપુરપતિ થોડીવાર તો મુગ્ધ ભાવે આ દશ્ય નિહાળી રહ્યા. શું કરવું એ તેમને ન સૂઝયું. રખેને આમાં પ્રપંચ હોય અને પોતે નબળાઈને વશ થઈ જતા હોય એવી મૂંઝવણ અનુભવી.

" બેટા ચંદ્રયશ ! જરા નીચે આવ; અને કોની વચ્ચે આ યુદ્ધ લડાવાનું છે તે મારી પાસેથી જાણીલે. પછી જો યુદ્ધ અનિવાર્ય લાગે તો સુખેથી ક્ષત્રિય રાજવીને શોભે તેમ લડી લેજે. તું બે વરસે મોટો છે એટલે તને હું પહેલો આગ્રહ કરું છું. " સુદર્શનપુરપતિ ચંદ્રયશની સામે જોઈ તપસ્વિનીએ આ શબ્દો ઉચ્ચાર્યા.

"અને નમિરાજ ! તું પણ જરા નીચે આવ." નમિરાજને ઉદ્દેશી તે વધુ કંઈક બોલવા જતી હતી, પણ અતિ ભાવાવેગને લીધે તેનું ગળું રૂંધાયું. ભયંકર સ્વપ્ન જોઈને બાળક ધ્રૂજી ઊઠે તેમ તે સહેજ કંપી. પણ બીજી જ પળે પોતે બે વીરપુત્રોની માતા છે એ વિચારે સ્વસ્થ બની.

મિથિલાપતિ અને સુદર્શનપુરપતિ હાથી ઉપરથી નીચે ઊતરે એટલામાં તો ફરી એક લાંબુ ચિત્રપટ એ નારીની નજર આગળ થઈને પસાર થઈ ગયું. થોડી પળોમાં ભય, અભિમાન અને વાત્સલ્યના અસંખ્ય ભાવો એ સાધ્વી સ્ત્રીના મ્હોં ઉપર આવીને ઊડી ગયા. કોનામાં એટલી અંતર્દૃષ્ટિ હોય કે અંતરના એ ગૂઢ ભાવોને ઉકેલી શકે ?

ચંદ્રયશ તથા નમિરાજ હાથીએથી ઊતરી, તે સાધ્વી નારી પાસે આવી ઊભા. સાધ્વીએ તેમને વાત્સલ્યની અમીદૃષ્ટિએ સત્કાર્યા. થોડી વાર સુધી બધે મૌનની શાંતિ પથરાઈ.

"સૂર્યના આવા નિર્મળ પ્રકાશમાં, આટલા બધા માણસોની હાજરીમાં મારે પોતાના જ કુળની એક કલંક કથા ઉચ્ચારવી પડે એ કેટલી વિડંબના છે ? તમે બંને રાજવીઓ એક જ માતાપિતાનાં સંતાનો છો, સહોદર બંધુઓ છો અને તમો ઉભયની માતા આ જે તમારી સામે ઊભી છે તે છે–એટલું કહેવું બસ નહીં થાય ?" તપસ્વિનીના એકેએક શબ્દમાં વાત્સલ્યની આર્દ્રતા અને ભયંકર સ્મૃતિની વેદના છુપાયેલી હતી.

"સુદર્શનપુરપતિ અને મિથિલાપતિ બંને એક જ માતા-પિતાનાં સંતાન હોય એ દેખીતી જ અસંભવિત વાત છે. તમે કદાચ ન જાણતા હો તો અમારી પાસેથી એટલું જાણી લો કે અમે છીએ જન્મવેરીઓ. જન્મ પામતાંની સાથે જ શત્રુતાને સંઘરી સાચવી રાખનારા રાજવંશીઓ. કોઈ આધ્યાત્મિક રહસ્ય કે ગત ભવની કથા કહેતા હો તો જુદી વાત." નમિરાજ સ્વભાવે ઉગ્ર છે અને અશ્રદ્ધા તો પાલક પિતા તરફથી વારસામાં જ ઊતરી હશે એમ આ ઉદ્ગારોએ બતાવી આપ્યું.

"નહીં, વત્સ! હું ગત ભવની કથા કહી તમારા ઊકળતા લોહીને અકાળે ઠારી દેવા નથી માગતી; તેમ કોઈ આધ્યાત્મિક રહસ્ય સુણાવી તમારી યૌવનસુલભ ઉદ્દામતાને અપંગ બનાવી દેવાની પણ મારી ઇચ્છા નથી. હું આ ભવની જ તમારી માતા છું અને જાણે ગઈ કાલનું જ હોય તેવા એક કારમા પ્રસંગનું રહસ્ય તમારી આગળ ખુલ્લું કરવા માગું છું."

"એમ જ હોય તો પછી આટલા લાંબા વખત સુધી એ બધું છુપાવી રાખવામાં અને રહી રહીને આ મુહૂર્તે જ ખુલ્લું કરવામાં તમારો શું આશય છે? ગમે તેવું પ્રિય કે અપ્રિય પણ જો તે સત્ય જ હોય તો શું વહેલામાં વહેલું પ્રગટ થવા યોગ્ય ન હતું?" સુદર્શનપુરપતિએ વિનય સાથે આ શબ્દો ઉચ્ચાર્યા. તે પણ નમિરાજની જેમ જ શંકા અને કુશંકાની સત્તા નીચે હતો તેમ દેખાયું.

"દરેક સત્ય અનુકૂળ મુહૂર્તની રાહ જોતું હોય છે. સત્ય એ કાંઈ ઇંદ્રજાળ નથી કે 'પ્રગટ થાઓ' એમ કહેતાંની

સાથે જ તે સામે આવીને ખડું થઈ જાય. પરિપાક અને પ્રસવની વેદના તો તેને પણ હોય છે. હું પોતે પાંચ વરસ પહેલાં એ વાત કહેવા તમારી પાસે આવી હોત તો તમે કદાચ ઠંડે કલેજે સાંભળી લેત અને બહુબહુ તો એકાદ નિ:શ્વાસ નાંખી પાછા રાજપ્રપંચની ગડમથલમાં પડી જાત. અંધારામાં આથડેલો અટવીનો પ્રવાસી જ પ્રકાશના પહેલા કિરણનો મહિમા સમજે છે" એટલું કહી તપસ્વિનીએ પૂર્વ દિશા તરફ થોડે દૂર દેખાતી એક વૃક્ષઘટા તરફ જવા પગ ઉપાડચા.

"અને બેટા ચંદ્રયશ ! સાચી વાત ગમે ત્યારે કહી નાખવી એ શું તને એટલી બધી સહેલી વાત લાગે છે? આ વાત કહેતાં મારું હૃદય કેટલું વલોવાય છે તે એકમાત્ર કેવળી ભગવાન સિવાય બીજું કોઈ જ સમજી શકે એમ નથી. એક માતાને પોતાના પુત્રો પાસે પોતાના જ કુટુંબની એક શરમભરી કથા કહેતાં કેટલી વેદના, કેટલી મૂંઝવણ, કેટલો સંકોચ થતો હશે એની તો તમને કલ્પના સરખી પણ ક્યાંથી આવે ? એ મૂંઝવણ સમજવા તો પુરુષે સ્ત્રીનો જન્મ લેવો પડે."

જ્યોત્સ્નામયી રાત્રીએ, નિર્જન નદીના કિનારે, દૂરદૂરથી તણાઈ આવતા વિરહસંગીતના સ્વરો અંતરમાં જેવું તોફાન જગાવે અને છતાં જેમ જેમ સાંભળતા જઈએ તેમ તેમ પળે પળે મનોરમ મૂંઝવણની સાથે મોહ પણ વધતો જાય એવી જ દશા આ બંને રાજવીઓ અનુભવી રહ્યા. તપસ્વિનીના વૃત્તાંતમાં તેમને કોઈ અકલ્પિત ઈતિહાસનો ભાસ થયો.

પોતાની કુટુંબકથા સાંભળવાની ચંદ્રયશ અને નમિરાજની ઉત્કંઠા વધતી ચાલી. તેઓ તપસ્વિનીને અનુસરતા છાવણીઓથી થોડે દૂર એક નિર્જન સ્થાને ગયા અને માતાની સન્મુખ પુત્રો બેસે તેમ સ્વસ્થપણે તેની સામે બેઠા.

તપસ્વિનીએ પણ હવે વધુ વિલંબ ન કરતાં પોતાની આત્મકથા કહેવી શરૂ કરી.

"બેટા ચંદ્રયશ ! એ વખતે તો તું બહુ નાનો હતો. પણ પાછળથી તો તેં તારી માતા–મદનરેખાનું નામ તો સાંભળ્યું હશે ?"

"હા. પણ મારી માતા મદનરેખા તો ઘણાં વર્ષો પહેલાં એકાએક વૈરાગ્ય પામી, સંસાર તજી, પોતાની મેળે જ કોઈને કહ્યા વિના ચાલી નીકળેલી એમ સાંભળેલું." ચંદ્રયશ જવાબમાં બોલી ઊઠયો.

"બરાબર, પણ તે અર્ધ સત્ય છે. પ્રતિષ્ઠિત ગણાતા રાજવંશ અને કુલીન કુળની પ્રતિષ્ઠા મોટે ભાગે એવાં અર્ધ સત્યો ઉપર જ આધાર રાખતી હોય છે. એકાએક વૈરાગ્ય પામવાનું મને શું નિમિત્ત મળ્યું, એ જાણવાની કોઈ શા સારૂ દરકાર રાખે ? અને કોઈ જાણતું હોય તોપણ એ ભૂલી જવા જેવી વાતોને શા સારૂ સદા સંભારી રાખે ? હું પણ એ કહેવા તૈયાર ન થાત. પરંતુ બે પાડોશી રાજ્યો જો કોઈ દૈવી સંકેતે સ્થાયી ઐકયબંધને બંધાતાં હોય તો મારી એકલીની રાજી કે નારાજી કંઈ લેખામાં ન ગણાય."

મિથિલાપતિ નમિરાજ તો આમાંનો એક અક્ષર પણ નહોતો જાણતો. સુદર્શનપુરને મિથિલાનું એક અંગ બનાવી દેવું, સુદર્શનપુરનું નામ–નિશાન મીટાવી દેવું અને સુદર્શનપુરનું રાજબીજ ભૂલેચૂકે પણ ક્યાંય મૂળ ન નાખે તેની તકેદારી રાખવી એ રાજમંત્ર તેના લોહીમાં મળી ગયો હતો. પોતે સુદર્શનપુરના રાજવંશનો એક કુળદીપક છે એ રહસ્ય તેની બુદ્ધિ અને સંસ્કારથી અગમ્ય હતું. ચંદ્રયશ કરતાં તેની જિજ્ઞાસા હવે વધુ તીવ્ર બની.

"એ જ હું મદનરેખા–ચંદ્રયશ અને નમિરાજની માતા." એટલું કહેતાં તપસ્વિનીની આંખે અંધારાં આવ્યાં. તે ઘડીવાર થંભી હૈયાને જાણે નીચોવતી હોય તેમ સખતાઈ તેના વદન ઉપર તરવરી.

એક દિવસે તમારા પિતા યુગબાહુ વસંતોત્સવ ઉજવવા ઉદ્યાનમાં ગયા. હું પણ છાયાની જેમ તેમને અનુસરતી તેમની સાથે ગઈ. મારાં પુણ્ય પરવાર્યાં હશે. બીજે દિવસે સવારે ઊઠીને મેં જોયું તો એમનું મસ્તક દેહથી છૂટું પડ્યું હતું. એક રાત્રીમાં જ કોણ જાણે કેટલાય કઠણ યુગ વીતી ગયા હોય તેમ મને લાગ્યું, હું ત્યાંથી ભયભીત બનીને તરત જ નાઠી અને એક જૈન મુનિ પાસે જઈને સંસારત્યાગની આ દીક્ષા લઈ લીધી. આ છે મારા જીવનની ટૂંકી મર્મકથા."

"કાયરની જેમ વધ કરનાર એ નરાધમ–" ચંદ્રયશ વધુ શું કહેવા જતો હતો તે મદનરેખા તરત જ સમજી ગઈ.

"બેટા, પૂરી વાત તો સાંભળ." મદનરેખાએ કપાળ ઉપરનો પસીનો લૂછ્યો અને તેજ વખતે તેના અંતરમાંથી

મહા પ્રયત્ને દાબી રાખેલી હોય છૂટી. "એ જો નરાધમ હોત અને એ પાપનો બદલો વેરથી, હિંસાથી કે પ્રેમથી લઈ શકાય તેવો હોત તો તો હું કોઈપણ રીતે મન વાળીને સુદર્શન-પુરમાં પડી રહી મૃત્યુને સુધારી લેત, પણ તું જેને નરાધમ કહે છે તે બીજો કોઇ નહીં પણ સુદર્શનપુરનો પતિ અને મારો જેઠ મણિપ્રભ પોતે જ હતો. દુનિયા તો તે વખતે માત્ર એટલું જ સમજી શકી કે વસંતોત્સવ માણતા યુગબાહુને કોઇ દુશ્મને રાત્રીમાં ગુપ્તવેશે આવીને ઉદ્યાનના લતામંડપમાં મારી નાખ્યો.

"આ વાતમાં સત્યાંશ છે. પણ સંપૂર્ણ સત્ય તો ઘણું ક્રૂર અને ભયંકર છે. ખરું કહું તો યુગબાહુ સ્વરૂપે કામદેવ સમાન છતાં સ્વભાવે અને ગુણોએ તો દેવો પણ તેની પૂજા કરવા પ્રેરાય તેવા હતા. તેમને કોઈ દુશ્મન જ ન હતો—જન્મથી જ તે અજાતશત્રુ હતા. કલંક કે નબળાઈની છાયા સરખી પણ એમને નહોતી સ્પર્શી. રાજવંશમાં જન્મવા છતાં તેમનો સંયમ અને સંતોષ કોઇ ત્યાગી જીવનને શોભે તેવા હતા. એમણે પોતે એક વખત સાધુધર્મની દીક્ષા લઈ, મૈત્રી, કરુણા, પ્રમોદ, માધ્યસ્થ વગેરે ભાવનાનાં ધર્મબીજની છૂટે હાથે સંસારભરમાં લહાણી કરવાના અભિલાષો સેવ્યા હતા. પણ પરાગભર્યાં પુષ્પોનાં આયુષ્ય હંમેશાં ટૂંકાં જ હોય છે એ હું સમજી ન શકી. મેં તેમને દીક્ષા લેતા વાર્યા."

તપસ્વિની જરા થંભી. ચંદ્રયશ અને નમિરાજ પણ એ સાધ્વીના અસહ્ય તાપથી દાઝતા હોય એમ તેમનાં મ્હોં ઉપરની રતાશે સૂચવ્યું.

" મણિપ્રભને–મોટાભાઈને એવું શું કારણ મળ્યું કે તેણે પોતાના નાના ભાઈનો વધ કરાવ્યો ? ". નમિરાજે પૂછ્યું.

" એ કારણ તે હું પોતે–મારી વેરણ જેવી આ રૂપશિખા. જો એ કઠોર સત્ય મને પહેલેથી જ સમજાયું હોત તો હું પોતે ગમે તે રીતે મારો માર્ગ શોધી લેત. પણ આ ચૌદ રાજલોકમાં સામાન્ય સંસારીઓને અગમ્ય એવી જે કર્મની અનિવાર્ય સત્તા વિસ્તરેલી છે તેની પાસે મારા જેવી નિર્બળ નારી શું કરી શકે ? પહેલાં તો એમના તરફથી મૂલ્યવાન વસ્ત્રાલંકારોના ઉપહાર મારી પાસે અવારનવાર આવવા શરૂ થયા. સુંદર દેખાતાં પુષ્પોની નીચે હંમેશાં વિષધર સર્પો પથરાયેલા હોય છે એમ માની લેવાનું મને કંઈ જ કારણ ન હતું. અને એવી કુશંકા બીજા કોઈ પ્રત્યે નહીં અને પોતાના જ જેઠ પ્રત્યે શી રીતે સંભવે ? સંસારના કૂડકપટ અને પ્રપંચથી અનભિજ્ઞ મારા જેવી સ્ત્રી એ ઉપહારમાં નિર્મળ મમતા સિવાય બીજું શું કલ્પે ? પછી જ્યારે એક દિવસે એક દાસીએ એ મણિપ્રભનો મારી ઉપરનો તેમની પાપવાસના પ્રગટ કરતો એક પત્ર મને પહોંચાડયો, ત્યારે જ એ ઉપહારોનું યથાર્થ રહસ્ય મને સમજાયું. મારા દેવોપમ પતિનો ભાઈ સુદર્શનપુરપતિ વાસનાઓનો જ દાસ છે એ જાણી મારા જીવનના આમોદ અને ઉલ્લાસ એકાએક આથમી ગયા. મેં એ પત્રનો કંઈ જવાબ ન આપ્યો. દાસીના દેખતાંજ એ પત્ર ફાડી નાંખ્યો અને હવે પછી ઉંબરામાં પગ સુદ્ધાં ન મૂકવાનો હૂકમ સંભળાવી દીધો. દાસી ચાલી

ગઈ. પછી તેણે એક કુકર્મી કામીની જેમ એ અપમાનનું શી રીતે વેર લીધું એ તમને આરંભમાં જ હું કહી ચૂકી છું. ”

વર્ષાના ચડતા પૂરને વીંધીને આવતો તરિયો કાંઠે પહોંચ્યા પછી અતિશય થાકને લીધે એક ઊંડો શ્વાસ ખેંચે તેમ મદનરેખાએ દીર્ઘ નિઃશ્વાસ મૂકયો. આત્મકથાની અડધી નદી તે તરી ચૂકી હતી.

“ પણ આ નમિરાજને જાણવા જેવી વાત તો હજી હવે કહેવાની છે. મણિપ્રભને તે જ રાત્રીમાં અકસ્માત સર્પ ડસ્યો અને તે તેના પાપનું ફળ ભોગવવા દેહપિંજર તજી પરલોકમાં ચાલ્યો ગયો. પણ મને આ ખબર પાછળથી પડી. તે વખતે તો હું ભયભીત બની ગઈ હતી અને મારી જાતને બચાવવા સગર્ભા હોવા છતાં, તે ઉદ્યાનમાંથી નાસી અરણ્યમાં ઘૂસી ગઈ. ત્યાં કોઈ તાપસની કુટીર કે કોઇ સુરક્ષિત આશ્રમમાં પહોંચું તે પહેલાં જ માર્ગમાં આ નમિકુમારનો જન્મ થયો. ભયંકર અરણ્યમાં મારી અને મારા આ તરતના જન્મેલા બાળકની શી દશા થશે તેની ચિંતામાં હું બેભાન બની. મૂર્છામાંથી જાગી ત્યારે વૃક્ષનાં સૂકાં પાંદડાંની બનાવેલી એક શય્યામાં હું પડેલી હતી. આ શી રીતે બનવા પામ્યું તેની કલ્પના કરવા જેટલી શક્તિ પણ તે વખતે મારામાં ન હતી. હું અકળાઈને ચીસ પાડવા જતી હતી એટલામાં એક વયોવૃદ્ધ પુરુષે મને એક પિતાની જેમ આશ્વાસન આપ્યું અને મારો બાળક ભવિષ્યમાં મિથિલાના સિંહાસનને શોભાવશે એમ કહ્યું. એ વખતે તો બહુ નબળાઇને લીધે મેં

વિશેષ વાત કહેવા આગ્રહ ન કર્યો, પણ થોડા દિવસ પછી એ વૃદ્ધ તપસ્વીએ પહેલેથી માંડીને મને બધી વાત કહી. મિથિલાપતિ પદ્મરથ નિઃસંતાન હતો અને તે ભાગ્યયોગે અજાણતાં આ અરણ્યમાં આવી ચડ્યો હતો અને મારા નવા જન્મેલા બાળકને મિથિલાના સિંહાસનની શૂન્યતા ટાળવા પાલક પિતા તરીકે પોતાની સાથે લઇ ગયો હતો એ બધું તેમણે મને વિસ્તારપૂર્વક કહ્યું. મારો ખોવાયેલો બાળક તે આજનો આ મિથિલાપતિ નમિરાજ. "

મદનરેખાએ આ છેલ્લા શબ્દો નમિરાજની સામે જોઈ ઉચ્ચાર્યા. અને તેનાં નયનોમાંથી, પ્રેમાશ્રુની ધારા વહી નીકળી. નિર્મમ સૈનિક જેવો નમિરાજ, જે આજસુધી માતૃપ્રેમથી અજાણ્યો હતો, તે પોતાની માતાને ભક્તિભાવપૂર્વક નમ્યો.

" નમિના રાજ્યમાં જ મેં આટલા દિવસો ગાળ્યા છે. એને કંઇ જાણ ન થવા પામે એવી રીતે દૂર દૂર રહીને મેં એના સુખ–કલ્યાણની અહોનિશ પ્રાર્થના કરી છે. મારે તો આખું વિશ્વ સંતાન સમું હોવું જોઈએ; છતાં નમિરાજ પ્રત્યેની એક તરફી મમતાને હું તજી શકી નથી. મારી એ નબળાઈનું મને પૂરેપૂરું ભાન છે. આવા જ કોઇ એકાદા પ્રસંગની રાહ જોતી મારા દિવસો વિતાવી રહી હતી. અનુકૂળ પ્રસંગે નમિરાજને તેની યથાર્થ સ્થિતિ અને સ્વરૂપનું ભાન કરાવી મારે આ દેશ તજીને ચાલ્યા જવું એમ મેં ઘણા દિવસથી નિશ્ચય કરી રાખ્યો હતો. એ નિશ્ચય આજે સંપૂર્ણ થયો છે. સુદર્શનપુર અને મિથિલાના નરેશો

એક જ માતાપિતાના સંતાનરૂપે પરસ્પર આલિંગે એ મારી દૂરદૂરની આશા આજે સફળ થઈ છે. "

મદનરેખાની આત્મકથા પૂરી થઇ અને થોડી વાર સુધી ભાવોનું જ એકાધિપત્ય પ્રવર્ત્યું.

નમિરાજ અને ચંદ્રયશે માતાને એકવાર–માત્ર એક જ દિવસ પોતાને ત્યાં આવી જવા પ્રાર્થના કરી. પણ મદનરેખા માતૃહૃદયની નબળાઈ સમજતી હતી.

" સુદર્શનપુર અને મિથિલાના મિલનસ્વપ્ને મારા વ્રત અને આચારમાં કેટલી શિથિલતા આણી છે એ હું તમને શી રીતે સમજાવું ? દુર્બળતાના અણુઓથી ઘડાયેલું આ હૃદય પુત્ર અને પુત્રવધુઓના પરિવારમાં વધુ દુર્બળ બને તો હું આ લોક અને પરલોક બંને ખોઇ બેસું. "

મમતાથી નિર્બળ બનેલી માતાએ તે જ ક્ષણે પોતાના ઉપર કાબૂ મેળવી લીધો અને તે તપસ્વિની ઊઠીને અરણ્ય તરફ ચાલી નીકળી. તે અદૃશ્ય થઈ ત્યાં સુધી તેની પાછળ બંને પુત્રો મુગ્ધભાવે જોઈ રહ્યા.

યુદ્ધ બંધ રહ્યું, સૈન્યો વિખરાયા અને નમિરાજે મોટાભાઇ ચંદ્રયશની સાથે સુદર્શનપુરમાં જીંદગીમાં પહેલી જ વાર પ્રવેશ કર્યો.

સુદર્શનપુર અને મિથિલા વચ્ચે ભીષણરૂપે ગર્જતો વિરોધનો સાગર સુકાયો અને બંને રાજ્યો આત્મીય સ્વજનની

જેમ સૌહાર્દના બંધને બંધાયાં. પુરવાસીઓએ આ ઇતિહાસ જાણ્યો અને જાણે માનવભક્ષી રાક્ષસ, કોઈ એક જાદુગરના મંત્રબળે મૃત્યુની ચિત્રનિદ્રામાં પડ્યો હોય એમ માની આ દૈવપ્રેરિત શાંતિ ઉપર અંતરના આશીર્વાદ વરસાવ્યા.

સંગીત બંધ પડે પણ તેના સૂર ઘણા વખત સુધી કાનમાં ગુંજ્યા કરે છે, સ્વપ્ન ઊડી જાય પણ તેની સ્મૃતિ ચિત્તને ઘણીવાર લગી બેચેન બનાવી મૂકે છે.

માતા મદનરેખા સૈનિકોના વ્યૂહ વચ્ચે સ્વપ્નની જેમ એકાએક ઊતરી આવી અને તરત જ અદૃશ્ય થઇ ગઈ. તેનો પ્રત્યેક શબ્દ ચંદ્રયશના અંતરમાં ઉદાસીનતા લાવી મૂકતા સંગીતના સૂરની જેમ ગુંજી રહ્યો હતો.

જે રાત્રીએ પિતા યુગબાહુનું ખૂન થયું, માતા મદનરેખા ભયભીત બનીને અરણ્યમાં નાસી ગઈ અને પિતાના મોટા ભાઈ સુદર્શનપુરપતિ મણિપ્રભને સર્પ ડસવાથી તેનું મૃત્યુ થયું, તે વખતે ચંદ્રયશની ઉંમર માત્ર બે વર્ષની હતી. મણિપ્રભ નિઃસંતાન હોવાથી તે સુદર્શનપુરપતિ બન્યો. વર્ષો વીતતાં ગયાં અને હવે તે યૌવનની મોજમજાહ માણતો હતો. પણ આ એકજ દિવસમાં તે વૃદ્ધ જેવો બની ગયો. ભોગોપભોગ અને રંગરાગમાથી તેનો રસ ઊડી ગયો. રાજમહેલનો એકેએક પથ્થર જાણે મદનરેખાના વીતકની નજરે નિહાળેલી કહાણી સંભળાવી રહ્યો હોય અને પોતે જાણેકે વાસનાઓના કારાગારમાં બંદીવાન તરીકે પડ્યો હોય એમ મનમાં ને મનમાં મૂંઝાવા માંડ્યો. સત્યનો પ્રખર પ્રકાશ

જરા મોડો તેના મ્હોં ઉપર પડયો હોત તો મૂર્છાવસ્થાનું સુખ તે ધરાઈ ધરાઈને ભોગવી લેત. પ્રકાશેજ તેને અકાળે જગાડયો. મદનરેખા તો પ્રકાશનાં બે જ કિરણ ફેંકીને ચાલી ગઈ. પણ ચંદ્રયશની ઊંઘ ઊડી ગઈ.

એક દિવસે ચંદ્રયશે નમિરાજને એકાંતમાં બોલાવીને કહ્યું: "ભાઈ, સંસારનો કોઇ અકસ્માત્ કે ઉપસર્ગ અર્થ-રહિત નથી. એ હવે મને બરાબર સમજાયું છે. માતાની ઉપર જો આ દુઃખનું ઘોર વાદળ ન વર્ષ્યું હોત તો સુદર્શન-પુર અને મિથિલા કલેશની ભઠ્ઠીમાં સદા સળગતાં સળગતાં ભસ્મીભૂત બની નામશેષ થઈ જાત. આજે એ બે મહાન રાષ્ટ્રો ઐકયના બંધને બંધાવા પામ્યાં એ ખરી રીતે માતા મદનરેખાના જ પુણ્યબળ અને પવિત્રતાને આભારી છે."

"પણ એમાં રાતદિવસ વિચાર કરવા જેવું શું છે? મને તે નથી સમજાતું. એ તો એના જેવું છે: વૃક્ષની ડાળીએ એક સરસ ફળ ઝુલતું જોઇએ, તીર છોડીએ અને ફળ તૂટીને પૃથ્વી ઉપર પડે એટલે વળી આગળ ચાલીએ. ફળ હાથમાં આવી ગયા પછી તે કેમ બન્યું, શા સારૂ બન્યું, એમ ન બન્યું હોત તો – એવા વ્યર્થ વિચારો કરી શા સારૂ બળ્યા કરવું!" નમિરાજ માત્ર વર્તમાનમાં જ મશગૂલ હતો સંસારને સુખધામ માનતો. વિચાર કરવા જેવું કે જીવ બાળવા જેવું કંઇ હોય એ તેની બુદ્ધિને અગોચર હતું.

"મહા મહેનતે મેળવેલું ફળ પાછું માટીમાં મળી ન જાય અને તેનો સરસમાં સરસ ઉપયોગ થાય તે તો આપણે

જોવું જોઈએ ને ? મારી અહોનિશની ચિંતા પણ એ જ છે. માતાની વાતે મને બેચેન બનાવ્યો છે, છતાં મારું મોટામાં મોટું આશ્વાસન તો એ છે કે એ બલિદાન, અકસ્માત્ અને ઉપસર્ગમાંથી બે મહાન રાષ્ટ્રોનું ઐક્ય જન્મ્યું છે. એ ઐક્ય સ્થાયી સ્વરૂપ લે, એક મહાન સામ્રાજ્યના મંડાણ-રૂપ બને તે માટે થોડું વધુ બલિદાન આપણી પાસેથી માગી લે છે. મેં નિશ્ચય કર્યો છે કે હું મોટો હોવાથી તેમજ મારા સ્વભાવ અને આશયને અનુકૂળ હોવાથી મારે જ આ સુદર્શનપુરની ગાદીએ મારા સહોદર બંધુ મિથિલાપતિને સ્થાપી, મારે જિનશાસનના કલ્યાણકર માર્ગે ચાલી નીકળવું."

એકવાર નમિરાજ પોતે જે સુદર્શનપુરપતિનો ઘાત કરવા તૈયાર હતો તે સુદર્શનપુરપતિના વૈરાગ્યના આ શબ્દો સાંભળી ઉદ્વિગ્ન થયો. નવી રાજઋદ્ધિ ભલે પ્રાપ્ત થતી હોય પણ સહોદર બંધુના નિર્મળ પ્રેમભાવને ગુમાવવા તે તૈયાર ન હતો.

"જો, ભાઇ," ચંદ્રયશે વધુ સ્પષ્ટીકરણ કરતાં કહ્યું. "તું હજી નાનો છે. જન્મથી નહીં તો ભાગ્યથી પણ તે મિથિલાની સમૃદ્ધિ મેળવી છે. ખરેખર, તું ભાગ્યશાળી છે, બળવાન છે અને મહેચ્છાઓથી પણ પૂર્ણ છે. મિથિલા અને સુદર્શનપુરના સંયુક્ત શાસનનો પ્રતાપ તું આખા આર્યાવર્તમાં ફેલાવી શકશે. માતાએ જે દુઃખ અને પરિતાપ વેઠયાં છે તેની પાસે મારો આ ત્યાગ તો કંઇ જ બિસાતમાં નથી. સુદર્શનપુર અને મિથિલા એક અને અભિન્ન રહે એ મારા જીવનની મહાકાંક્ષા આજે પાર પડી છે. સાધુસમુદાયમાં

રહ્યો રહ્યો પણ એ દેવવાંછિત દૃશ્ય નિહાળી મારા અંતરના આશીર્વાદ પ્રેરીશ. ”

નમિરાજે તરતમાં તો સંમતિ ન આપી. પણ જેમ જેમ દિવસો વીતતા ગયા અને ચંદ્રયશે ભોગવૈભવની વચમાં વસવા છતાં પોતાના જીવનને છેક વૈરાગ્યમય બનાવી મૂક્યું ત્યારે જ નમિરાજે સુદર્શનપુરનું શાસન સંભાળી લઇ મોટા ભાઈ ચંદ્રયશને મુનિધર્મના મહાવ્રત અંગીકાર કરવાની રાજી-ખુશીથી સંમતિ આપી.

નમિરાજ જેટલો યુદ્ધવીર હતો તેટલો જ શૃંગારપ્રિય હતો. કાંતો તે સૈન્યનું સંચાલન કરતો હોય અને કાંતો સેંકડો સુંદરીઓથી વીંટળાઈ, ઉદ્યાનની એકાદ કુંજમાં રસપ્રમત્ત ભૃંગની જેમ પડયો હોય. એ સિવાય જીવનના નિર્દોષ રસ, આનંદ કે ઉલ્લાસથી સાવ અજ્ઞાત હતો.

છતાં તેના પ્રબળ પ્રતાપે આસપાસના નાના–મોટા સામંતો અને પ્રતિસ્પર્ધીઓને નિષ્પ્રભ બનાવી દીધા. નમિરાજ એ કોઈ મહા સમ્રાટ થવાને સરજાયો હોય એવી તેની કીર્તિકથા દૂરદૂરના દેશોમાં પણ ફેલાઇ ગઈ.

રાગ અને વિરાગ વચ્ચે શોકયનો નહી પણ સગી બહેનોના જેવો સંબંધ હોય છે. આ વાત વખત જતાં નમિરાજે પોતાના જીવનથી સત્ય કરી બતાવી. અતિ રંગરાગથી કંટાળેલો વિલાસી જ્યારે કંઇ જુદા જ પ્રકારની તૃપ્તિ કે શાંતિ માટે તલસતો હોય છે ત્યારે વિરાગ પોતે સામે આવી,

તેને સ્નેહથી સ્પર્શે છે, આલિંગે છે અને ઊંડી તૃપ્તિ ઉપજતાં સુધી તેની પાછળ ફરતાં સતી સન્નારીની જેમ સ્વસ્થતાના ગર્ભાગારમાં લઈ જાય છે

નમિરાજ પણ એક દિવસ નિત્યના વિનોદ, વિલાસ અને શૃંગારથી થાકયો–કંટાળ્યો. રમણીઓનાં જે નૂપુરઝંકાર અને કંકણધ્વનિ તેને સંસારના સારભૂત લાગતાં, તે જ ઝંકાર અને ધ્વનિ તેને અકારાં થઈ પડયાં.

વાત આમ બની. જ્યાં ભોગોનાં સાધનો અને સામગ્રી વધુ હોય છે ત્યાં રોગોનું પ્રમાણ પણ વધુ હોય છે. નમિરાજના શરીરમાં એક દિવસ દુઃસહ દાહજ્વર ઉત્પન્ન થયો. ચંદનના લેપથી તેમને કંઈક શાંતિ મળતી હોય તેમ જણાયું. એટલે બધી રાણીઓ જાતે ચંદન ઘસવા લાગી. આ વખતે રાણીઓના હાથમાં પહેરેલાં કંકણોના કારણે અવાજ થતો હતો તે નમિરાજને અસહ્ય લાગ્યો. આથી રાણીઓએ સૌભાગ્યના ચિહ્નરૂપ એકએક કંકણ રાખી બાકીનાં તમામ કાઢી નાંખ્યાં.

નમિરાજે જ્યારે એ હકીકત જાણી કે માત્ર એક કંકણ રાખવાથી અવાજ બંધ થયો, ત્યારે તેને વિચાર આવ્યો કે દુઃખનું મૂળ સંગમાં છે. વસ્તુઓનો સંયોગ જ દુઃખનું ઉત્પાદક કારણ છે. આ વાત સમજાતાં તેને સત્ય.જ્ઞાન લાધ્યું કે ત્યાગથી જ શાશ્વત સુખ મળી શકે છે.

ધીમે ધીમે નમિરાજનો વ્યાધિ શાંત થઈ ગયો. પરંતુ વ્યાધિ દરમિયાન તેને જે સત્ય લાધ્યું હતું તે સત્યે હવે તેને સંસારથી વિમુખ બનાવી દીધો. તેણે પ્રવ્રજ્યા લેવાનો નિશ્ચય કરી લીધો.

સવીર્યતા કોઈ દિવસ વચલો માર્ગ નથી સ્વીકારતી. 'ધીમે ધીમે–ક્રમે ક્રમે' એ પ્રકારના સંસારના કહેવાતા ડહાપણ સામે તે બળવા જ કરતી આવી છે. નમિરાજે પણ વચલો માર્ગ પસંદ ન કર્યો, અને એક દિવસે અતુલ રાજ-વૈભવ અને દુર્ભેદ્ય મોહજાળને તોડી, પ્રપંચને સામે પાર પહોંચી ગયો. દેવતાઓએ તેની વિરાગ દશાની દ્રઢતા કસવા ઘણા ઘણા ઉપસર્ગો કર્યા પણ એક વખતનો બળવાન મિથિલાપતિ એ અનુકૂળ તેમજ પ્રતિકૂળ ઉપસર્ગો વચ્ચે પણ મેરુ શિખરની જેમ અડગ, અચળ અને અડોલ રહ્યો. તેને ચકાસવા બ્રાહ્મણના વેશમાં આવેલા ઇંદ્રને તેણે સંભ-ળાવી દીધું કે "જે કોઇ સંગ્રામમાં દુર્જય એવા હજારોના હજારો શત્રુઓને જીતે, તે કરતાં તો, જે એકમાત્ર પોતાના આત્માને–પોતાની જાતને–જીતે તે જ ખરેખરો ઉત્તમ વિજયી છે." આ પછી નમિરાજ રાજા મટી રાજર્ષિ તરીકે વિશ્વવંદ્ય બન્યા.

સ્વયં ભગવાન મહાવીર જે રાજર્ષિના શ્રદ્ધાબળ અને ત્યાગબળને પ્રશંસે, તેની આત્મદશા કેટલી ઉન્નત, કેટલી ભવ્ય અને કેટલી વંદનીય હશે? રાગમાથી જન્મેલ વિરાગ, પંકમાંથી જન્મેલા પંકજની જેમ કેટલો મનોરમ્ય લાગે છે?

# ૨. રાજર્ષિ ઉદાયન

સિંધુસૌવીર દેશમાં વીતભય નગરમાં ઉદાયન નામે રાજા રાજ્ય કરતો હતો, તેના લગ્ન ચેટક રાજાની પુત્રી પ્રભાવતી સાથે થયા હતા. તેને અભિચી નામે એક પુત્ર હતો. એ વખતે ચંપાનગરીમાં કુમારનંદી નામે એક સોની રહેતો હતો. કુમારનંદી ધનવાન, સોહામણો અને રૂપાળો યુવાન હતો, પરંતુ ચંદ્રમામાં જેમ કલંક છે, તેમ તેનામાં પણ એક કલંક હતું. તે અત્યંત વિષયી અને સ્ત્રીલંપટ હતો. કામાગ્નિ જેવો ભયંકર બીજો કોઈ અગ્નિ નથી. અગ્નિમાં જેમ જેમ લાકડાં હોમવામાં આવે તેમ તેમ તેની જ્વાલા પ્રચંડ થતી જાય, તેમ અંતઃપુરમાં જેમ જેમ સ્ત્રીઓ વધતી ગઈ તેમ તેમ કુમારનંદીનો કામાગ્નિ વધુ અને વધુ પ્રજ્વલિત બનતો ગયો.

એક વખત પંચશૈલ દ્વીપની અધિષ્ઠાયી બે વ્યંતર દેવીઓ હાસા અને પ્રહાસા તેમના સ્વામી વિદ્યુન્માળી સાથે નંદીશ્વર દ્વીપ જઈ રહી હતી. માર્ગમાં તેનો સ્વામી ચ્યવી ગયો.

એટલે કુમારનંદી સોનીને અત્યંત કામી જોઈ ત્યાં ઊતરી. કામી પુરુષો સ્ત્રીઓની મહેમાનગતિ કરવામાં અત્યંત કુશળ હોય છે. બંને દેવીઓને જોઈ કુમારનંદી પ્રથમ દૃષ્ટિએ જ મોહમાં પડી ગયો અને જ્યારે પ્રેમની માગણી કરી ત્યારે તેને પંચશૈલ દ્વીપમાં આવવાનું આમંત્રણ આપી દેવીઓ ચાલી ગઈ.

બંને દેવીઓના ગયા બાદ કુમારનંદી શૂન્યમનસ્ક થઈ ગયો. તેની ભૂખ મરી ગઈ અને ઊંઘ ઊડી ગઈ. માનવીનું ચિત્ત જેનું ચિંતન કરે તેમાં જ તે તદાકાર બની જાય છે. ચિત્તમાં જે વેગ નિર્માણ કરીએ તેનાથી ચિત્ત ભરાઈ જાય છે, અને કુમારનંદીનું આ બંને દેવીઓ બાબતમાં એવું જ બન્યું. સ્વપ્નાવસ્થામાં તેને બંને દેવીઓ દેખાતી, એટલું જ નહિ પણ જાગ્રત અવસ્થામાં તેના ઉદ્યાનમાં આવેલ વૃક્ષોમાં તેને દેવીઓનો ભાસ થતો. પંચશૈલ દ્વીપમાં જવાનું કામ ભારે કઠિન હતું અને બહુ મુશ્કેલીથી તે ત્યાં જઈ પહોંચ્યો.

બંને દેવીઓ પાસે જઈ કુમારનંદીએ ભોગ માટેની પ્રાર્થના કરી એટલે દેવીઓએ તેને કહ્યું: 'અહીં દેવ દેવીઓ મનુષ્યની માફક કામસુખનો અનુભવ કરીને પ્રસન્નતા મેળવે છે એ ખરું, પણ તમે મૃત્યુલોકના માનવી છો એટલે તમારા દેહ સાથે અમે કામસુખ ભોગવી શકીએ નહિ. નિયાણું બાંધી તમારા જીવનનો ત્યાગ કરી દો અને પછી અહીં જન્મ લઈ લો એટલે અમે તમને અમારા સ્વામી તરીકે સ્વીકારીશું.' આવી સૂચના આપી બંને દેવીઓએ તે કુમારનંદીને ચંપાનગરીમાં મૂકી દીધો.

વાસના, ભોગવિલાસની વૃત્તિ અને આસક્તિ જ્યાં પડયા હોય ત્યાં પ્રેમ નથી પણ માત્ર મોહ જ છે, માનવી માટે તારકને બદલે મારક બની જાય છે. ચંપાનગરીમાં પાછા આવીને કુમારનંદીએ જ્યારે નિયાણું બાંધી અગ્નિમાં પડી બળી મરવાની તૈયારી કરી, ત્યારે તેના મિત્ર નાગિલે તેની પાસે દોડી જઈ કહ્યું. ‘ કુમારનંદી ! કેવળ ભોગ, વિલાસ કે વાસનાની તૃપ્તિથી ચિત્તની શાંતિ પ્રાપ્ત થઈ શકતી નથી. શમ, દમ અને તપથી આ તત્ત્વોને દાબવાં જોઇએ. જેનાથી ચિત્ત કલુષિત થાય, માનસ અસ્થિર બને અને વૃત્તિઓ અશાંતિ અનુભવે એવાં તત્ત્વોને દાબવાનો–ટાળવાનો માર્ગ માત્ર ત્યાગ, તપ અને સંયમ છે. જેમ કોઇ મૂર્ખ કાળા, લીલા અને પીળા વગેરે પુષ્પના સંયોગથી સ્ફટિકને અભેદરૂપે કાળા, લીલા અને પીળા સ્વભાવવાળા જાણે છે, તેમ વસ્તુસ્વરૂપનું જ્ઞાન ન હોવાના કારણે તું આ અવિચારી પગલું ભરવા તૈયાર થયો છે. માનવજીવન મનુષ્યને આત્મસંયમ અને આત્મદર્શન અર્થે પ્રાપ્ત થયું છે, અને તે ભોગલીલા દ્વારા નહિ પણ દેહદમન વડે શકય બને છે. ’

નાગિલના ઉપદેશની અસર કુમારનંદી પર ન થઈ કારણ કે તે કામાંધ બની ગયો હતો. સૌને રડતાં મૂકી પેલી દેવીઓના સમાગમ અર્થે કુમારનંદી નિયાણું બાંધી અગ્નિને શરણ થયો. સંકલ્પમાં અદ્‌ભુત શાંતિ અને સામર્થ્ય છે અને તદનુસાર મૃત્યુ બાદ તે પંચશૈલ દ્વીપનો સ્વામી વિદ્યુન્માળી બન્યો. નાગિલને પોતાના મિત્રના અવસાનનો ભારે આઘાત લાગ્યો અને વૈરાગ્ય ઉત્પન્ન થતાં તેણે દીક્ષા લીધી. મૃત્યુ બાદ અચ્યુત દેવલોકમાં તે દેવ બન્યો.

પંચશૈલ દ્વીપમાં એક ઉત્સવ વખતે દેવો નંદીશ્વર દ્વીપની જાત્રાએ જઈ રહ્યા હતા. તે વખતે હાસા નૃત્ય કરતી હતી અને પ્રહાસા ઉત્તમ વાદ્ય વગાડી તેને સાથ આપતી હતી. બંને દેવીઓએ વિદ્યુન્માળીને કહ્યું: 'સ્વામીનાથ! સૌથી મોખરે રહી આપને ઢોલ વગાડવાનો છે.' વિદ્યુન્માળીને ઢોલ વગાડવામાં શરમ થઈ. પણ ત્યાં કાંઈ પોપાબાઈનું રાજ્ય ન હતું. કર્મરાજાનો વહીવટ બહુ સુવ્યવસ્થિત હોય છે. વિદ્યુન્માળીએ જેવી ના પાડી કે તરત જ ઢોલ તેના ગળામાં આવીને વળગ્યો.

એ યાત્રા સંઘમાં વિદ્યુન્માળીનો પૂર્વજન્મનો મિત્ર નાગિલ જેણે ઉચ્ચ કોટિનું દેવપણું પ્રાપ્ત કર્યું હતું તે પણ સામેલ હતો. નાગિલે અવધિજ્ઞાનની મદદથી પોતાના પૂર્વજન્મના મિત્ર કુમારનંદીને વિદ્યુન્માળી તરીકે ઓળખી લીધો અને પોતાની પાસે બોલાવી તેને ઓળખ આપી. વિદ્યુન્માળીને શરમનો પાર ન રહ્યો અને પોતાની ભૂતકાળની ભૂલનું તેને ભાન પણ થયું. પોતે હવે શું કરી શકે એમ પૂછતાં દેવે તેને કહ્યું: 'મિત્ર! ગૃહસ્થપણે ચિત્રશાળામાં કાયોત્સર્ગે રહેલા ભાવસાધુ શ્રી વીર ભગવંતની પ્રતિમા તું કરાવ. તેથી તને બોધિબીજ ઉત્પન્ન થશે.'

કુમારનંદીએ મિત્ર દેવની સૂચના અનુસાર એક ભવ્ય પ્રતિમા તૈયાર કરાવી અને ચંદનની પેટીમાં મૂકાવી તે સમયે કોઈ મુસાફરનું વહાણ ખરાબે ચડી ગયું હતું અને તે મુસાફર ભારે મુશ્કેલીમાં મૂકાઈ ગયો હતો. કુમારનંદી દેવે તે જોઈ તેની પીડા દૂર કરી અને પેલી પ્રતિમાની પેટી આપી

કહ્યું કે 'અહીંથી વીતભયનગર જઈ ત્યાંના લોકોને આ પેટી બતાવીને ઘોષણા કરજે કે, એમાં પરમાત્માની પ્રતિમા છે અને જેના પવિત્ર હસ્તે આ પેટી ખૂલશે તેને આ પ્રતિમા ભેટ આપવાની છે.'

પછી તો પેલો મુસાફર પ્રતિમાના પ્રભાવથી વિના તકલીફે વીતભયનગર પહોંચી ગયો. દેવની સૂચના મુજબ ઘોષણા કરી અને નગરીના લોકોએ પેટી ઉઘાડવા પ્રયત્નો કર્યા. અનેક જનોએ પ્રયત્નો કર્યા પણ સફળતા ન મળી. અંતે ઉદાયનની રાણી પ્રભાવતીના હાથે એ પેટી ખૂલી. પછી તો તેણે રાજમહેલમાં એક ચૈત્યગૃહ બંધાવી સુંદર મણિમય સિંહાસન પર એ પ્રતિમાની સ્થાપના કરી. ઉદાયન તથા પ્રભાવતી બંને તેની પાસે ધ્યાન ધરતાં અને અપૂર્વ ભક્તિ કરતાં.

એક દિવસે ચૈત્યગૃહમાં પ્રભાવતી અભિનય સહ નૃત્ય કરતાં કરતાં મધુર અવાજે સંગીતના સૂર દ્વારા મૂર્તિ સામે એક ધ્યાન થઈ ગઈ હતી અને ઉદાયન પણ વીણા વગાડતો વગાડતો પ્રતિમા સાથે એકાકાર થઈ ગયો હતો. એવામાં એકાએક ઉદાયનના હાથમાંથી વીણા વગાડવાની કાંબી સરી પડી અને તેનાથી થયેલા અવાજના કારણે ભક્તિમાં ભંગ પડયો. પ્રભાવતીએ ઉદાયન સામે જોયું અને તે સ્તબ્ધ થઈ ગઈ. ઉદાયનને મૂર્છા આવી ગઈ હતી. પછી પ્રભાવતીએ ઉદાયનને શયનગૃહમાં લઈ જઈ તેના મુખ પર ઠંડુ પાણી છાંટયું અને મૂર્છામાંથી જાગૃત થતાં પ્રભાવતીએ તેમને પૂછયું: 'નાથ! એકાએક આપને આ શું થઈ ગયું?'

કાંઈ પણ જવાબ આપવાને બદલે ઉદાયને તેનું શિર રાણીના વક્ષઃસ્થલ પર મૂકી દીધું અને તેનાં ચક્ષુઓમાંથી

અશ્રુઓ ટપકવાં લાગ્યાં. પ્રભાવતીને લાગ્યું કે રાજાએ કોઇ બિહામણું દૃશ્ય જોયું હોવું જોઇએ, નહિ તો તેના મનને આટલો બધો આઘાત કદાપિ ન થાય.

થોડીવારે શાંત બની ઉદાયને કહ્યું: 'દેવી! નૃત્ય કરતી વખતે તારા પર દૃષ્ટિ પડતાં મને માત્ર તારું મસ્તક વિનાનું ધડ જ દેખાયું અને એ દૃશ્ય જોતાં મેં મારી શુદ્ધિ ગુમાવી. તે પછી શું થયું તેની મને કાંઈ ખબર નથી. તારા સાંનિધ્ય વિના મારી જાતની કલ્પના કરતા જ હું ધ્રૂજી ઊઠું છું. આકૃતિ વિના જેમ પડછાયો ન હોય, તેમ તારા વિના મારી હસ્તીનો હું વિચાર જ કરી શકતો નથી.'

રાજાની વાત સાંભળી બાહ્યરીતે તો પ્રભાવતીએ મુક્ત મને હસવાનો દેખાવ કર્યો, પણ તેના આંતર મનમાં તે પામી ગઇ કે તેનું મૃત્યુ બહુ નજીક છે. પોતાની પાછળ રાજાની મુગ્ધતા અને પરવશતાનો પણ તેને ખ્યાલ આવી ગયો. તેણે વિચાર્યું કે જ્ઞાની પુરુષોએ **सर्वं परवशं दुःखम्**–એમ કહ્યું છે તે સાચું જ છે. ઉદાયન અને હું બાલ્યાવસ્થામાં એક બીજાને જાણતાં પણ ન હતા. કર્માનુસાર અમારો સંયોગ એ જ દુઃખની પરંપરાનું કારણ બનતું જોવાય છે. અશુભ કર્મનો ઉદય આત્માના ગુણને આવરણરૂપ છે, પણ અહીં તો અમારા બંનેનું શુભ મિલન પણ આવરણનું કામ કરતું માલૂમ પડે છે. આવી પરિસ્થિતિમાં પોતાનું મૃત્યુ થતાં ઉદાયનની શી હાલત થશે, એનો વિચાર કરતાં તે કંપી ઊઠી.

પ્રભાવતીએ પછી તો દૃઢ સંકલ્પ કર્યો કે ઉદાયનને આવા રાગમાંથી કોઈ પણ યુક્તિથી મુક્ત કરાવવો, કારણ કે લોખંડમાં અગ્નિ રહેલો હોય ત્યાં સુધી એના પર હથોડાના ઘા પડતા રહે છે, તેમ માણસમાં જ્યાં સુધી રાગ–મોહ રહેલા હોય ત્યાં સુધી તેના પર દુઃખ અને આપત્તિઓ આવવાની જ. રાગ અનેક અનર્થોનું મૂળ છે. બહુ વિચારતાં તેને લાગ્યું કે, જો તે ત્યાગ–તપ–સંયમનો માર્ગ સ્વીકારી દીક્ષા લઈ લે તો ધીમે ધીમે ઉદાયન તેની પ્રત્યેના રાગમાંથી મુક્ત થશે. કામરાગ, સ્નેહરાગ અને અન્ય રાગોમાંથી મુક્તિ મેળવવી શક્ય છે, પણ દૃષ્ટિરાગ સૌથી વધુ ભયંકર છે અને તેથી જ તેમાંથી મુક્તિ મેળવવી અતિ કઠિન છે.

ઉદાયનને પ્રભાવતી પર જો કે અપૂર્વ પ્રેમ હતો, પણ નિર્મળ નિર્ભેળ પ્રેમ કરતાં કેટલાક અંશે તેમાં રાગનુ તત્ત્વ પણ હતું. ઉદાયન સાથેના વાર્તાલાપમાંથી તે દિવસે તેણે જાણી લીધું કે, તે તેની જાતને માત્ર પોતાના પ્રતિબંબ જેમ માને છે અને તેથી જ તો ધડ વગરના મસ્તક જોવાના ભ્રમ માત્રથી મૂર્છા આવી ગઈ. ઉદાયનને દેહાકર્ષણમાંથી મુક્ત કરાવવા પ્રભાવતીએ તેને માનવજીવનની અનિત્યતા, અસારતા અને ક્ષણભંગુરતા સમજાવી અને દીક્ષા લેવા માટે રજા માગી. ઉદાયનને આધ્યાત્મિક વિષયમાં અપૂર્વ રસ હતો અને તેથી પ્રભાવતીને ખાતરી હતી કે વહેલા મોડા ઉદાયન પણ તે જ માર્ગે વળશે.

ભોગોને માણસ જો સમજપૂર્વક છોડી નથી દેતો, તો ભોગો આપણને એક દિવસ અવશ્ય છોડી જવાના છે, એ વાત ઉદાયન સારી રીતે સમજતો હતો. પરંતુ દીક્ષાર્થીના

માતાપિતાની ગેરહાજરીમાં તેના માતાપિતા બનવામાં જે પતિપત્નીને અપૂર્વ લહાવા રૂપ લાગતું હોય છે; તે જ પતિપત્નીનાં ચક્ષુઓમાંથી પોતાનાજ પુત્રની દીક્ષા સમયે અશ્રુઓની ધારા વહેલા લાગે છે, તેમ પ્રભાવતીની દીક્ષાની વાત સાંભળી ઉદાયનનાં ગાત્રો શિથિલ બની ગયાં. અનેક પ્રયત્નોને અંતે મોડે મોડે આખરે ઉદાયને તેને દીક્ષા લેવા માટે રજા તો આપી પણ શરત કરી કે, 'તું મરીને દેવલોકમાં જાય ત્યારે ત્યાં મને ભૂલી જવો નહિ, પણ મારી સમક્ષ આવી મને સદ્બોધ આપવો.' પ્રભાવતીએ અત્યંત આનંદપૂર્વક આમ કરવાનું ઉદાયનને વચન આપ્યું અને તેણે દીક્ષા લીધી. દીક્ષા લીધા બાદ તરત જ પ્રભાવતી મૃત્યુ પામી અને તે દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થઈ.

ભોગો અવશ્ય છોડી દેવા જોઈએ, એવું સમજવા માત્રથી કાંઇ ભોગમાંથી કોઇ મુકત બની શકતું નથી, કારણ કે જીવને આવી બધી ટેવોનો વારસો તો અનાદિ કાળથી મળેલો હોય છે. આહાર, નિદ્રા, ભય અને મૈથુનની સંજ્ઞાઓ જીવ સાથે જન્મથી જ જોડાયેલી હોય છે. તે માટે કોઇને કાંઇ શીખવવું પડતું નથી. પણ આ બધામાંથી મુકત થવા માટે તો ભગીરથ પ્રયત્નો અને પ્રબળ પુરુષાર્થ કરવો પડે છે.

૨

પ્રભાવતીની દીક્ષા અને એકાએક સ્વર્ગગમન બાદ ઉદાયનની માનસિક અને શારીરિક પરિસ્થિતિ કથળવા માંડી. ગૃહિણીશૂન્ય ઘર અને જળવિહોણી નદી બંને સરખા છે, પછી એ ઘર રાયનું હોય કે રંકનું. ઉદાયનના જીવનમાંથી

આનંદ અને ઉલ્લાસનો લોપ થઈ ગયો. સ્વર્ગસ્થ પત્ની સાથેના ભૂતકાળનાં સ્મરણો અને સંસ્કારો યાદ આવતાં તે વિચારશૂન્ય બની જતો. તેના વર્તન અને વાતચીત પરથી તેના મનને લકવો થઈ ગયો હોય તેવું દેખાતું હતું. ચિત્તમાં જે વેગ નિર્માણ કરીએ તેનાથી ચિત્ત ભરાઇ જાય છે. શોકગ્રસ્ત માનવી શોકનાં નિમિત્ત કારણોનો જેમ જેમ વધુ વિચાર કરે, તેમ તેમ તેનું મન વધારે ને વધારે વ્યાકુળ થતું જાય છે. માણસ જેનું ચિંતન કરે, તેમાં જ તેનું ચિત્ત તદાકાર થઇ જાય તેવો ચિત્તનો સ્વભાવ છે, રાત્રે ઊંઘમાં સ્વપ્નાવસ્થામાં તેનું મન અને દેહ તેની મૃત પત્ની સાથે એકાકાર થઇ જતાં. ઉચ્ચ જ્ઞાનતંત્રનાં પ્રતાપે માનવ આત્મનિગ્રહ દાખવી પોતાના શોકને દબાવી તો શકે છે, પણ તેથી જે પ્રત્યાઘાત થાય છે. તેની અસરમાંથી મુક્ત રહેવું ભારે કઠિન છે. બાહ્યદૃષ્ટિએ શુદ્ધ બ્રહ્મચારી ઉદાયન ઊંઘમાં સ્વપ્ન દ્વારા તેની મૃત પત્નીના સહવાસમાં વિલાસ ભોગવતો. દરેક પ્રકારનો ઉપભોગ, પૂર્વના ઉપભોગથી બંધાયેલી ચિત્તવૃત્તિ દ્વારા માનવ મનને જે એક પ્રકારની ગતિ મળે છે તેના ઉપર આધાર રાખે છે; અને તેથી જ ધર્મશાસ્ત્રોએ વાસનાને અનાદિ કહી છે. સ્વપ્નમાંથી જાગ્રત થઇ જ્યારે ઉદાયનને વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ આવતો, ત્યારે તે એક નાના બાળકની જેમ રડી પડતો. આ દુઃખના નિવારણ અર્થે તેણે ઘેન અને નશામાં રહી શકાય એવાં ઔષધો લેવાં શરૂ કર્યાં.

માણસ દુઃખનું સ્વરૂપ અને તેનાં કારણો સમજવાને બદલે તેનાથી દૂર નાસવાનો પ્રયત્ન કરે છે, પણ તે માર્ગ

યથાર્થ નથી. દુઃખ ભસતા કૂતરા જેવું છે. ભસતા કૂતરાને તમે પડકારો તો તે તમારાથી દૂર ચાલ્યો જશે, પણ તેનાથી બીશો તો તે તમારી પાછળ દોડશે દુઃખને ભૂલવા માટેના પ્રયત્નો મિથ્યા છે. દુઃખ, દુઃખનું સ્વરૂપ અને દુઃખનાં કારણો સમજી લઇ તેને દૂર કરવાના પ્રયત્નોમાં જ માનવતા છે.

ઘેન અને નશામાં રહે ત્યાં સુધી તો ઉદાયન પોતાનું દુઃખ ભૂલી જતો, પણ પછી ભૂતકાળની પરિસ્થિતિ વધુ બિહામણા સ્વરૂપે તેની સામે આવી ઊભી રહેતી. દિન પ્રતિદિન તેની શારીરિક અને માનસિક પરિસ્થિતિ કથળવા માંડી, અને રાજમંત્રીઓ તેમ જ કુટુંબીજનોને ઉદાયનના જીવન માટે ચિંતા થવા લાગી.

રાજગૃહીના રાજવૈદ્ય જીવક એ વખતે ભારતના સૌથી મહાન ચિકિત્સક હતા. રોગનું નિદાન અને નિવારણ કરવામાં તેનાથી કોઈ વધુ કુશળ અને નિષ્ણાત વૈદ્યરાજ એ વખતે ન હતો. તેની સારવારથી અનેક મૃતપ્રાયઃ દર્દીઓ નવું જીવન પ્રાપ્ત કરતા. લોકવાયકા તો એવી હતી કે જીવક પાસે સંજીવની વિદ્યા હતી. રાજગૃહીના રાજવી શ્રેણિકની પત્ની ચેલણા અને ઉદાયનની સ્વર્ગસ્થ પત્ની પ્રભાવતી બંને બહેનો હતી. તેથી ઉદાયનની ગંભીર બિમારીની ખબર પડતાં ચેલણાએ જીવકને તેની સારવાર અર્થે વીતભયનગર મોકલ્યો હતો.

જીવકને ઉદાયનની માંદગી વિચિત્ર લાગી. એને કોઇ ખાસ રોગ હોય તેવું ન લાગ્યું અને તેમ છતાં તેનાં દેહ

અને મન પ્રતિદિન ક્ષીણ થતાં હતાં. જીવક જેવો પ્રખર ચિકિત્સક હતો, તેવો જ મહાન્ માનસશાસ્ત્રી પણ હતો. ઉદાયનના જીવન વિષે, તેના દાંપત્ય જીવનની બાબતમાં તેમજ પ્રભાવતી પ્રત્યેના તેના અપૂર્વ રાગ સંબંધમાં બધું જાણ્યા પછી જીવકને લાગ્યું કે, સાચા દંપતી પૈકી એમાંથી કોઈ એકનું મૃત્યુ થતાં, મૃત્યુ પામનાર પાત્ર તો પુનર્જન્મ પ્રાપ્ત કરી લે છે, પણ જે પાછળ રહે છે તે તો જીવંત રહેવા છતાં મૃતપ્રાયઃ બની જાય છે. પ્રચંડ અગ્નિમાં બાળવાની જે શક્તિ રહેલી છે, તે કરતાં અનેક ગણી શકિત વિરહની આગમાં રહેલી હોય છે. એ સત્ય જીવકે ઉદાયનના જીવનમાંથી પ્રત્યક્ષ રીતે જોઇ લીધું.

ઉદાયનને બચાવવા માટે પુનર્લગ્ન સિવાય અન્ય કોઇ માર્ગ જીવકે ન જોયો તેથી તેને ફરી લગ્ન કરી લેવાની સલાહ આપતાં કહ્યું: 'રાજન્! પત્નીનાં મૃત્યુ પછી પુનર્લગ્ન કરનાર વિધુરો કાંઇ મૂર્ખ, કાયર કે વિલાસી નથી હોતાં. પુરુષને સ્ત્રીમાંનું આકર્ષતું તત્ત્વ માત્ર તેનું સૌન્દર્ય કે રૂપ નથી હોતું, પરંતુ સ્ત્રીમાં સુખી થવાની અને સુખી કરવાની જે અદ્ભુત શકિત રહેલી છે, તેથી જ પુરુષને પુનર્લગ્ન કરવાની ફરજ પડે છે. સંસારમાંથી સ્ત્રીને લઇ લ્યો, તો પછી બાકી શૂન્ય જ રહેશે. દેહ અને આત્મા જેમ ભિન્ન ભિન્ન છે, તેમ એ બંનેના ધર્મો પણ ભિન્ન ભિન્ન હોવા જોઇએ. સંસારમાં જેણે સુખપૂર્વક જીવવું હોય, તેણે બંનેના ધર્મોનું પાલન કરવું જોઇએ. સંયોગ અને વિયોગની રમત એનું જ નામ સંસાર. કમળ જળમાં રહ્યા છતાં જળથી અલિપ્ત રહી શકે છે તે સાચું, પણ કમળ એકેંદ્રિય છે, ત્યારે મનુષ્યને પાંચ ઇંદ્રિયો ઉપરાંત

બળવાન મન પણ મળેલું હોયછે. જ્યાં જે જે યોગ્યછે ત્યાં તે તે મુજબ વર્તે તે જ સાચા આત્માર્થીની વ્યાખ્યા છે. રાજા ભોગના માટે સર્જાયો છે ત્યારે યોગી ત્યાગના માટે. આમ છતાં ભોગી થવા માટે સર્જાયેલો રાજા જો ત્યાગના માર્ગે જાય તો અંતે બંનેને હાંસીપાત્ર થવું પડે છે.'

ઉદાયને આછાં સ્મિતપૂર્વક જીવકને કહ્યું: 'વૈદ્યરાજ! **परं वा परसंगं वा धम्मं मनइ जो जडो** એટલે કે જે પર-વસ્તુને કે પરવસ્તુના સંગને ધર્મ માનતો હોય તેને જડ-અવિવેકી સમજવો. દેહ અને આત્માના ધર્મો ભિન્ન ભિન્ન છે એ સાચું. પણ મુખ્યતા આત્માના ધર્મની છે, કારણકે એ નિત્ય છે. દેહના ધર્મ ગૌણ છે, કારણ કે અંતે તો એક દિવસ દેહનો નાશ થવાનો જ છે. આમ છતાં મારા દર્દના નિવારણ અર્થે માત્ર આપે નહિ, પણ અનેક ચિકિત્સકોએ પુનર્લગ્નનો માર્ગ સૂચવ્યો છે. આનો તાત્ત્વિક અર્થ એ થયો કે સ્ત્રીના સંગનો અભાવ એજ મારા દર્દનુ કારણ છે, અને તેથી પુનર્લગ્નના માર્ગે તેનું નિવારણ થઇ શકે છે. પરંતુ આપ તેમજ અન્ય ચિકિત્સકો જેઓએ આ માર્ગ સૂચવ્યો છે, તેમને કામ અને પ્રેમ વચ્ચેના ભેદની સમજણ હોય એમ મને લાગતું નથી. કામની તૃપ્તિ અગર કામાગ્નિમાંથી મુક્તિ કામભોગ દ્વારા અગર કામદમન દ્વારા કદાપિ થઈ શકતી નથી, માત્ર પ્રેમ દ્વારા જ માનવી કામવાસનાથી મુક્ત બની શકે છે. પ્રેમ અને કામ ઉભય એકી સાથે રહી નથી શકતાં અને રહી શકતાં હોત તો મારા પત્નીને દીક્ષાના માર્ગે મેં કદાપિ ન જવા દીધી હોત. જેટલા અંશે માનવીમાં કામ

વાસના વિલીન થયેલી હોય છે તેટલા જ અંશે તેનો પ્રેમ વિકસિત થયેલો હોય છે. પ્રેમ જ્યારે પૂર્ણ બને છે ત્યારે તેના કારણે કામ શૂન્યતા આપોઆપ આવીને ઊભી રહે છે. જીવનમાં માણસ જે અનુભવે છે, તે અનુભવો સૂક્ષ્મ અવસ્થાને પામતાં સંસ્કારનું રૂપ ધારણ કરે છે અને આ સંસ્કારો પુનઃ જાગૃત થાય તેને સ્મૃતિ કહેવામાં આવે છે. એટલે મારી વર્તમાન પરિસ્થિતિ એ બીજું કાંઈ નથી, પણ તેની સાથે થયેલા ભૂતકાળનાં સ્મરણોની સ્મૃતિ જ મને પીડા ઉપજાવી રહી છે. પરવસ્તુ સાથેનાં સંયોગમાં કલ્પેલું સુખ ઝાંઝવાના જળ જેવું છે અને અકાલ્પનિક સુખની સ્મૃતિ મારા રોગનું મૂળ છે.'

જીવક હસીને બોલ્યો: 'ગૃહસ્થાશ્રમના સુખને ઝાંઝવાના જળ જેવું કેમ કહી શકાય? દાંપત્ય જીવન અને ગૃહસ્થાશ્રમની વ્યવસ્થા ન હોત તો આપણે બધા પેદા ક્યાંથી થયા હોત?' ઉદાયને કહ્યું: 'વૈદ્યરાજ! પર વસ્તુના સંયોગથી જીવને જે આનંદ, સુખ કે હર્ષ ઉત્પન્ન થાય છે તે અનિત્ય, ક્ષણભંગુર અને નાશવંત છે, કારણ કે વસ્તુમાત્ર પરિવર્તન પામવાના સ્વભાવવાળી છે. એટલે એક દૃષ્ટિએ તો જીવને જેનો સંયોગ થાય છે, તે સંયોગ જ દુઃખની પરંપરાનું મૂળ છે. જ્યોતિષશાસ્ત્ર તો હું જાણતો નથી, પણ અમારા રાજજ્યોતિષીએ મારા લગ્ન વખતે મારી જન્મકુંડલી જોઈ કહ્યું હતું કે, જે જાતકનો સપ્તમેશ કુંડલીમાં વ્યય સ્થાને હોય અને વૈભવ વિલાસનો ગ્રહ શુક્ર દુઃસ્થાનમાં પડયો હોય, એવા જાતકે લગ્નની ધાંધલથી દૂર રહેવું જોઇએ. મારી જન્મકુંડલી એવા જ પ્રકારની હશે અને તેથીજ લગ્ન, ભોગ અને વૈભવ

વિલાસથી મને દૂર રહેવા સૂચન કર્યું હતું. પરંતુ મને ખેદ અને આશ્ચર્ય તો એટલા માટે થાય છે કે, તમે બધા મને ભૂતકાળમાં કરેલાં લગ્ન માટે ઠપકો આપવાને બદલે પુનર્લગ્ન કરવાની સલાહ આપી રહ્યા છો. મારા દુઃખ અને વ્યાધિ માટે આપની પાસે હું તો કોઇ એવું અદ્‌ભુત ઔષધ માગી રહ્યો છું, કે જેના સેવનથી મારા પૂર્વનાં સ્મરણો અને જૂના સંસ્કારોનું વિસ્મરણ થઇ જાય. આમ થઈ શકે તો જ મારી વેદનાનો અંત આવી શકે."

(૩)

જીવકે રાજાના કુટુંબીજનો અને મંત્રીઓને કહ્યું કે, "પત્નીના મૃત્યુના તીવ્ર આઘાતના કારણે થયેલા પ્રત્યાઘાતથી ઉદાયને ચિત્તની સમતુલા ગુમાવી છે. માનસશાસ્ત્રની પરિભાષામાં આને ચિત્તરોગ કહેવામાં આવે છે. આયુર્વેદશાસ્ત્રમાં આ દર્દનો કોઇ ઉપાય નથી. પત્નીના વિરહની વેદનાનું નિવારણ કોઈ સુયોગ્ય પાત્ર શોધી તેને અપનાવી લેવામાં રહેલું છે, પણ જે માણસ પોતાના પ્રથમ લગ્નમાં જ ભૂલ જોતો હોય તેને બીજા લગ્ન માટે કેમ કરી સમજાવી શકાય? આમ છતાં ઉદાયનની બાબતમાં એક આશાજનક ચિહ્ન છે ખરું. પ્રભાવતીના મૃત્યુ બાદ પણ તેના સૂક્ષ્મ દેહ સાથે ઉદાયનનો સંપર્ક ચાલુ રહેલો છે, તે જોતાં તે આત્મા દ્વારા તેની મૂર્છા ઊતરે એવી ચોકક્સ શકયતા છે એમ કહી શકાય. પણ આ દર્દમાં કોઇ દવા કારગત થાય એમ લાગતું નથી."

જીવક પછી તો રાજગૃહી ચાલી ગયો. તેના ગયા બાદ ઉદાયનની સ્થિતિ દિવસે દિવસે વધુ અને વધુ બગડતી ચાલી. પ્રભાવતીનો જીવ જે દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયો હતો, તેણે જ્ઞાનની મદદ વડે ઉદાયનની મનોવેદના જાણી લીધી અને દીક્ષા લેતી વખતે ઉદાયનને આપેલું વચન તેને યાદ આવ્યું. હવે તે વચનનું પાલન કરવાનું નક્કી કર્યું.

એક મધ્ય રાત્રિએ અસલ પ્રભાવતીનું સ્વરૂપ ધારણ કરી તે ઉદાયનની શય્યા પાસે પહોંચી ગઇ. ઉદાયન તે વખતે તંદ્રામાં હતો. પ્રથમ તો તેને ભ્રમ થયો કે આ દૃશ્ય પણ હંમેશની જેવું એક સ્વપ્ન છે, પણ પછી તેણે આંખો પટપટાવી અને હાથ પર ચૂંટી ખણી એટલે ખાતરી થઈ કે દેવલોકમાંથી ખરેખર પ્રભાવતી આવી પહોંચી છે.

બંને હાથ જોડી પ્રભાવતીએ ઉદાયનને કહ્યું: "નાથ! દાંપત્ય જીવનમાં આપને વચન આપ્યા મુજબ આજે હું તમને ઉપદેશ આપવા આવી છું. આસક્તિ અને અનાસક્તિના સાચા સ્વરૂપને જે સમજે છે, તેનું એકલાપણું આત્માનંદમાં પરિણમે છે અને તેના રાગ, ભય, ક્રોધ શમી જાય છે. કોઇ અમુક પદાર્થ કે વ્યક્તિમાં વાસનાને ઘનીભૂત કરવામાં આવે ત્યારે માનવસમગ્રને ક્ષતિ પહોંચાડી અમુક અંશને મોટો કરવા પ્રયત્ન કરે છે. પરિણામે અંશ પ્રત્યેની આસક્તિના કારણે માનવમનમાં સંઘર્ષ અને તુમુલ યુદ્ધ જાગે છે. દેવો અને માનવો વચ્ચે ભોગની રીતમાં આજ મુખ્ય તફાવત છે અંશ પાછળ ઘેલા થવાની ભૂલ દેવો કરે, માનવ નહિ માનવી માટે તો અંશનો ત્યાગ સમગ્રને માટે

ક્ષણિકનો ત્યાગ નિત્ય માટે, અહંકારનો ત્યાગ પ્રેમ માટે અને સુખનો ત્યાગ શાશ્વત આનંદને માટે હોય. ત્યાગમાં જ સાચો આનંદ છે, ત્યારે ભોગમાં તો આનંદનો ત્યાગ છે."

પ્રભાવતીએ ગદ્દ્ગદિત સ્વરે પછી કહ્યું: "આપણા સુખી દાંપત્ય જીવનમાં તમારી મશ્કરી કરતાં હું કહેતી હતી કે તમે પત્નીઘેલા છો, પણ એ વખતે આટલી હદે તમે એકાકી અને પત્નીઘેલા છો એની મને કલ્પના નહિ. જેઓનાં હૃદય કૃપણતા અને કાયરતાથી ભરેલાં છે, તેઓ સાંસારિક સુખનું એકેક ટપકું ચાટયાં કરે છે—કૂતરું હાડકું ચાટયા કરે તેમ. કોઇ જન્મારામાં જાણે એ જોયું જ ન હોય! મારા વિયોગના કારણે તમે મનની સમતુલા ગુમાવી ચિત્તની સ્વસ્થતા ખોઇ બેઠા છો. આપણા પ્રથમ મિલન વખતે આનંદના અતિરેકથી તમે કહ્યું હતું કે વિધાતાએ આપણા મિલન દ્વારા આપણા પર અલૌકિક સુખનો ભાર મૂકયો છે, ત્યારે મારે કહેવું હતું કે વિધાતા જેની પર અલૌકિક સુખનો ભાર મૂકે છે, તેની પર અપાર વેદનાનો ભાર પણ લાદે છે. જે આત્માની ઊર્ધ્વગતિ થવા સર્જાયેલી હોય, જે આત્માનો પૂર્ણ વિકાસ થવાનો હોય તેના ભાગ્યે જ સંસારના સર્વ દુઃખો આવે છે. દુઃખનો પ્રકાર ભલે ગમે તે હોય, પણ માનવીના આત્મ-પ્રદેશ પર અજ્ઞાન રૂપી બાઝી ગયેલાં જડત્વનાં પડો દૂર કરવા માટે દુઃખ–વેદના–આઘાત જેવું અન્ય કોઇ ઔષધ નથી. ભગવાન નેમિનાથ લગ્ન મંડપના દ્વારેથી પાછા ફરી ગયા, ત્યારે વેદના–આઘાત–દુઃખથી રાજિમતી નિશ્ચેતન થઇ નીચે પડી ગયા. પણ અંતે એ વેદના, આઘાત અને દુઃખ જ

તેના દર્દની દવા રૂપ બની ગયાં અને ભગવાન નેમિનાથ કરતાં પણ પ્રથમ નિર્વાણ પદ પ્રાપ્ત કર્યું. ભૌતિક સુખોનો ભોગવટો અને આધ્યાત્મિક સુખની પ્રાપ્તિ બંને એકી સાથે કદી શકય નથી. જેણે જેણે આધ્યાત્મિક સુખની પ્રાપ્તિ કરવી હોય તેણે તેણે એકાંતે ભૌતિક સુખોનો ત્યાગ કરવો જ રહ્યો. તમારી બાબતમાં આવો ત્યાગ જ્યારે સરળ અને સહજ બનવાની તક ઉત્પન્ન થઈ, ત્યારે જ તમારા મનની આવી વિડંબના ? ”

ઉદાયનને એક ચિત્તે સાંભળતો જોઈ પ્રભાવતીના સ્વરૂપમાં આવેલા દેવે કહ્યું: “ તમારી જેવા મહાન પતિથી દૂર થઇ તપ–ત્યાગ–સંયમનો માર્ગ મેં દુઃખ અર્થે નહિ પણ આપણા ઉભયની શાંતિ અર્થે ગ્રહણ કર્યો હતો. લોકો ભોગનો અર્થ સમજતા નથી, એટલે ભોગો પાછળ દોડી હેરાનપરેશાન થાય છે. ભોગની તૃપ્તિ, ભોગનો સાચો આનંદ અને ભોગની ભવ્યતા તો ત્યાગમાં સમાયેલી છે. આ વસ્તુ તમને સમજાઈ જાય તો પૂર્વનાં સ્મરણો, પૂર્વના ભોગો, પૂર્વનાં સંસ્કારો અને તમારી પૂર્વકાળની પત્ની એવી હું–બધાનું જ આપોઆપ વિસ્મરણ થઈ જાય. ”

ઝેરી સર્પના દંશથી વ્યાધિગ્રસ્ત થનાર માનવીને સર્પનું ઝેર ઉતારવા માટે ગારુડીના મંત્રો જે કાર્ય કરે છે, તેવું જ કાર્ય દેવના શબ્દોએ ઉદાયનને મૂર્ચ્છામાંથી જાગૃત કરવામાં કર્યું અને શારીરિક તેમજ માનસિક બંને રીતે ઉદાયનનું સ્વાસ્થ્ય સુધરી ગયું.

ઉદાયનને હવે રાગનું સ્વરૂપ સમજાઇ ગયું. તેને ખાતરી થઈ ગઈ કે **निःस्नेहो याति निर्वाणं स्नेहोऽनर्थस्य कारणम्** રાગમુક્ત દશા એજ નિર્વાણ છે અને રાગ જ બધા અનર્થોનું મૂળ છે. વસ્તુ, પદાર્થ કે વ્યક્તિ પ્રત્યેના રાગમાં પ્રાપ્તિની ચિંતા, વિયોગનો ભય અને અપ્રાપ્તિની નિરાશાના કારણે દુઃખ જ પરિણમે છે એ વાત સમજતાં એ રાગમુક્ત બનવા લાગ્યો. રાજ્ય, સત્તા, પુત્ર અને વૈભવનાં સાધનો પરથી તેનું દિલ ઊઠી ગયું. ઉદાયનને અભિચિ નામે એકનો એક પુત્ર હતો. પ્રથમ તો તેણે વિચાર કર્યો કે અભિચિને રાજ્ય સુપ્રત કરી ભગવાન મહાવીર પાસે દીક્ષા લઈ લેવી. આત્મદર્શન અને આત્મકલ્યાણ અર્થેનો એ જ માર્ગ સાચો છે તેની તેને ખાતરી થઈ. પણ પછી વળી થયું કે રાજ-વૈભવ અને વિપુલ સત્તા તો માણસને મોટા ભાગે ઊર્ધ્વગતિમાં લઈ જવાને બદલે અધોગતિમાં લઈ જવામાં નિમિત્ત રૂપ બને છે. વળી જે વસ્તુ દુષિત હોવાના કારણે હું તેનો ત્યાગ કરું છું તે જ વસ્તુનો વારસો મારા બાળકને આપી જવાનો અર્થ પણ શું ? આમ વિચારી રાજ્ય પોતાના ભાણેજ કેશી કુમારને સોંપ્યું અને તેણે ભગવાન મહાવીર પાસે દીક્ષા લઇ લીધી.

કર્મમાં શૂરા હોય છે તે ધર્મમાં પણ શૂરા હોય છે. ઉદાયને પણ દીક્ષા લીધા બાદ ઉગ્ર તપ શરૂ કર્યું. તપશ્ચર્યામાં પારણાના દિવસે નીરસ, વિરસ, રૂક્ષ, અમ્લ અને કાળ પહોંચતો હોય એવા આહાર વડે ઉદાયને પોતાના દેદીપ્યમાન શરીરને કૃશ કરી નાખ્યું, અને અનેક રોગોએ તેના શરીરમાં ઘર કર્યું. પરંતુ દેહ જેમ જેમ દર્દોથી ઘેરાવા લાગ્યો તેમ તેમ

તેનો આત્મપ્રદેશ ઉજ્જવળ બનતો ચાલ્યો. ઉદરના વ્યાધિના કારણે ચિકિત્સકોએ રાજર્ષિ ઉદાયનને દધિના સેવનનો માર્ગ સૂચવ્યો. મુનિરાજે દધિનો ઉપયોગ શરૂ કર્યો અને યોગાનુયોગે વિહાર કરતાં કરતાં એક વખત વીતભયનગર તે આવી પહોંચ્યા.

કેશીકુમાર તો ભલો હતો પણ ભલા રાજવીની આસપાસ પણ ચંડાળ ચોકડી જામી જતાં વાર લાગતી નથી. પ્રધાનમંત્રીએ રાજાને ચેતવ્યો કે ઉદાયન મુનિ ત્યાગના માર્ગથી કંટાળી ગયા છે અને કંડરીક મુનિની માફક ફરી રાજ્ય ગ્રહણ કરવા આવેલ છે. પ્રથમ તો કેશીકુમારે વિચાર્યું કે રાજ્ય તો ઉદાયનનું છે અને તેને પાછું જોઈતું હોય તો ફરી ગ્રહણ કરવાનો તેને અધિકાર પણ છે. પરંતુ એક વખત સત્તા પર આરૂઢ થયા પછી સત્તાની ખુરશી છોડવી કોઈને ગમતી નથી. માનવમન ભારે તરકટી છે એટલે કેશીકુમારે ફરી વિચાર્યું કે: 'અરે! રાજ્ય તો તુચ્છ વસ્તુ છે, પણ ધર્મના માર્ગથી મામાનું પતન કેમ કરી થવા દેવાય? પતન કરતાં તો મૃત્યુ અનેક રીતે ઉત્તમ ગણાય.' પછી તો તેણે મંત્રીઓ સાથે ચર્ચા કરી કોઈપણ યુક્તિ દ્વારા ઉદાયનના જીવનનો અકાળે અંત લાવવાનું નક્કી કર્યું.

રાજાના માણસોએ આ કાર્ય માટે પુષ્કળ દ્રવ્ય આપી એક ગોવાળણીને સાધી. ઉદાયનના ઉદરવ્યાધિ માટે ચિકિત્સકોએ દહીંનો જ ઉપાય સૂચવ્યો હતો અને તેથી ગોવાળણી દ્વારા વિષમિશ્રિત દહીં ખવરાવ્યું. વિષનું પ્રમાણ ઓછું હતું તેથી તાત્કાલિક તેનું મૃત્યુ ન થયું, પણ રાજાની આ યોજના રાજર્ષિ ઉદાયનના જાણવામાં આવી ગઈ.

ઝેરની વાત મુનિના જાણવામાં આવી ગઇ છે તેની ખબર ગોવાળણીને પડતાં તે ગભરાણી અને ઉદાયન મુનિ પાસે આવી પોતાના અપરાધની સઘળી વાત કહી દીધી, તેમજ બચાવવા માટે કાકલૂદી ભરી વિનંતી કરી.

ગોવાળણીને આ બાબત માટે ચિંતા ન કરવાનું કહેતા સમભાવપૂર્વક ઉદાયન મુનિએ કહ્યું: "બાઇ! મારાં કર્મોનો નાશ કરવામાં તું તો મને મદદરૂપ થઇ છો, એટલે જે થઇ ગયું તેની સહજ પણ ચિંતા કર્યા વિના તું અહીંથી નાસી છૂટ. સંસાર ભ્રમણમાં અનેક વાર આ જીવે નરકાદિ અનેકવિધ દુઃખ સહન કર્યાં છે, તો આ વખતે તારા દ્વારા તો મને કર્મની નિર્જરા કરવાની અણમૂલ તક પ્રાપ્ત થઇ છે, એટલે એ રીતે તું તો મારી ઉપકારી છો. આમાં તારો કશો અપરાધ નથી, આ બધું તો ભવિતવ્યતાને આધીન છે."

પછી તો ચિકિત્સકો, કેશીકુમાર અને પ્રધાનમંત્રીઓ મુનિરાજ પાસે આવ્યા અને ઉપચાર માટે અનેક માર્ગો બતાવ્યા. પરંતુ મુનિરાજે તો અનશનવ્રત ધારણ કર્યાની વાત જાહેર કરી દીધી અને ઉલ્લાસપૂર્વક તેમજ પ્રસન્નચિત્ત શુભ ભાવનામાં એક ચિત્ત બની કેવળ જ્ઞાન પ્રાપ્ત કર્યું. રાજર્ષિ ઉદાયનનો આત્મા આ રીતે જન્મ–મરણના ચક્રમાંથી સદા માટે સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બની ગયો.

રાજકુમાર મંત્રી અભયકુમારના પ્રશ્નનો જવાબ આપતાં ભગવાન મહાવીરે એક વખત કહ્યું હતું તેમ ઉદાયન રાજા આ અવસર્પિણી કાળના અંતિમ રાજર્ષિ છે. તેમના નિર્વાણ બાદ કોઇ રાજવી મુક્તિ મેળવનાર નથી. છેલ્લા રાજર્ષિ તરીકે તેમનું નામ ઇતિહાસમાં અમર બનેલું છે.

---

# ૩. રાજપુત્ર આર્દ્રકકુમાર

કાળમીંઢ પથ્થરના અસંખ્ય થરને ભેદતાં અને ઝરણુ રૂપે વહેતાં નિર્મળ જળના પ્રવાહને કેટકેટલી કઠિન સાધનાઓ કરવી પડી હશે? પાષાણનાં વજ્ર કઠોર હૈયાં વીંધતાં એ ક્ષુદ્ર જળબિંદુઓ કેટલીવાર નિરાશ થઈને પાછાં વળ્યાં હશે? અંતે એકનિષ્ઠ પ્રયત્નના પ્રતાપે આર્દ્રતાએ ચિર-લાંછિત વિજય મેળવ્યો અને આસપાસની વેરાન ભૂમિને લીલીછમ બનાવી દીધી. ગિરિઝરણની આર્દ્રતાનો આ ટૂંકો પણ ભવ્ય ઇતિહાસ!

આર્દ્રકકુમારનો જન્મ પણ એવા જ પ્રતિકૂળ સંયોગોમાં થયો હતો. તેનું હૈયું શ્રદ્ધા અને પવિત્રતાથી ભીંજાયેલું હતું, પણ આસપાસ અનાર્યતાના કઠિનમાં કઠિન થર પથરાયેલા પડ્યા હતા. આર્દ્રકકુમારની તીવ્ર શ્રદ્ધાએ અનાર્ય ભૂમિમાં પણ રસાર્દ્રતા રેલાવી, ભોગ-વૈભવની ભૂમિને પોતાના સંસ્કાર બળે વિખ્યાત બનાવી.

નિમિત્ત તો સામાન્ય હતું. પણ એ નિમિત્તે આર્દ્રક-કુમારના છૂપા ભાવો જગાડ્યા.

ભગવાન મહાવીરના સમયમાં ભારતના રાજ્યોમાં મગધનું રાજ્ય અગ્રસ્થાન ભોગવતું હતું. ત્યાંના મહારાજા શ્રેણિક (બિંબિસાર) એક ચકોર અને કુનેહબાજ રાજવી હતા. તેણે એકલા ભારતમાં જ નહીં, પણ ભારત બહાર સમુદ્રપારના દેશો સાથે વેપાર ખીલવ્યો હતો અને ત્યાંના રાજાઓ સાથે ગાઢ મૈત્રી સંબંધો બાંધ્યા હતા.

આવો જ એક સંબંધ સમુદ્રપાર આવેલા એક આર્દ્રક દ્વીપના રાજા સાથે શ્રેણિક મહારાજાએ વિકસાવ્યો હતો. આ બંને રાજામહારાજાઓ અરસપરસ અવારનવાર ભેટ સોગાદો મોકલી પોતાનો મૈત્રીસંબંધ ગાઢ કરતા હતા. આ દ્વીપનો રાજકુમાર જૈન કથાઓમાં આર્દ્રકકુમાર તરીકે પ્રસિદ્ધ છે.

મગધનો મંત્રી અભયકુમાર, જે મહારાજા શ્રેણિકનો પુત્ર હતો, તે અત્યંત બુદ્ધિશાળી, દીર્ઘદૃષ્ટિ અને ધર્માત્મા પુરુષ હતો. અને તેના બુદ્ધિચમકારોની, હાજરજવાબી ઉકેલોની અને મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢવાની તેની હૈયાઉકલતની અનેક વાતો અનેક ગ્રંથોમાં સચવાઈ રહેલી છે. એ જ્યારે મંત્રીપદે હતો ત્યારે એક વખત આર્દ્રક રાજાને ભેટ-સોગાદો આપવા એક વેપારી મંડળને મગધની રાજધાની રાજગૃહીથી આર્દ્રક દ્વીપ મોકલવામાં આવ્યું. તેની સાથે અભયકુમારે એક જિનપ્રતિમા આર્દ્રકકુમારને ભેટ મોકલી. આ જિનપ્રતિમાને જોતાં જ આર્દ્રકકુમારના નિર્મળ ચિત્તમાં પૂર્વ ભવનાં સંસ્મરણો ઉભરાયાં. તેને થયું

કે "આ જિન પ્રતિમામાં જે શાંત પવિત્ર ભાવો મૂર્તિમંત થયેલ છે તે મેં કોઈ શુભ મુહૂર્તે અનુભવ્યા છે." વિસ્મૃત પ્રેમકથા એકાએક યાદ આવે તેમ ભૂલાયેલો પૂર્વ ભવ તેનાં નેત્ર સમક્ષ ખડો થયો અને તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું.

રાજવૈભવ, સુખોપભોગ, સાંસારિક ગડમથલ એ બધાંમાંથી હવે આર્દ્રકુમારનો રસ ઊઠી ગયો. તે કલાકોના કલાકો સુધી જિન પ્રતિમાનું ધ્યાન ધરવા લાગ્યો. તેની આવી ઉદાસીન અવસ્થા અનુભવી તેના પિતાને ધ્રાસકો પડયો. કુમારને કોઈએ ભોળવ્યો હોય અથવા તો કોઈએ તેની ઉપર કામણ કર્યું હોય એવો તેને વહેમ ગયો. તેને પહેલાની જેમ રસ લેતો કરવા રાજાએ ઘણાઘણા ઉપાયો અજમાવ્યા પણ તેની કંઈ અસર ન થઈ. આર્દ્રકુમારને તો હવે પોતાનો દેશ જંગલી–આસુરી મુલક લાગવા માંડયો અને જ્યાં તેણે પૂર્વ જન્મમાં આરાધના કરેલી તથા જે ભૂમિ અગણિત સંતોના પાદસ્પર્શથી પાવન બનેલી એ આર્યભૂમિના–ભારત ભૂમિના દર્શનની એને ઝંખના થવા લાગી. અહોનિશ વિચારગ્રસ્ત રહેતો કુમાર છાનોમાનો નાસી ન જાય તે માટે પાંચસો સુભટો તેની આસપાસ પહેરો ભરવા તેના પિતાએ ગોઠવ્યા. પણ સ્નેહવત્સલ પિતાની સર્વે સાવધાનીઓને નિષ્ફળ બનાવી એક રાત્રે ગુપ્ત વેશે રાજકુમાર એક વહાણમાં ચઢી ગયો અને ભારત ભૂમિના કિનારે ઊતર્યો.

નિરાબાધ સુખ, શાશ્વત શાંતિ અથવા પરમ પદની પ્રાપ્તિ એજ આર્દ્રકુમારનું પ્રધાન ધ્યેય બન્યું. ત્યાગ–વૈરાગ્ય તપશ્ચર્યાના માર્ગે પ્રયાણ કરવા તેનું દિલ વારંવાર પોકારી

ઊઠ્યું. તેણે કોઈની સલાહ કે સૂચના લીધી નહીં, પણ અંતરની ઝંખનાને શાંત કરવા તેણે પોતે જ જૈન દીક્ષા ગ્રહણ કરી લીધી અને જૈન મુનિનો વેશ પહેરી લીધો. પછી કાયાનું દમન કરતા મનોવિકારને રોધતા આર્દ્રકમુનિ ભરતભૂમિમાં વિહરવા લાગ્યા.

એક દિવસ તેઓ વસંતપુર નામના નગરના ઉદ્યાનમાં કાયોત્સર્ગ કરી રહ્યા હતા, એટલામાં દેવદત્ત નામના એક શેઠની શ્રીમતી નામની એક અવિવાહિત કન્યા પોતાની કેટલીક સખીઓ સાથે તે ઉદ્યાનમાં રમવા આવી. રમતાં રમતાં પોતાની સખીઓથી છૂટી પડી ગઇ અને અકસ્માત્ આ ધ્યાનસ્થ મુનિ પાસે આવી. આ તપસ્વીની મુખમુદ્રા જોતાં જ કોઇ યોગબળે જાણે તેના કોઈ પૂર્વ ભવનો પ્રેમ-સંબંધ હોય, તેમ તેનો પ્રણયરાગ પ્રદીપ્ત થયો.

કેટલાક બનાવોનાં કારણો આપણે સમજી શકતાં નથી, પરંતુ તેનાં બીજો કોઈ પૂર્વભવના પ્રસંગોમાં પડયાં હોય છે. 'પ્રથમ દર્શને પ્રીત' એ આપણે ઘણીવાર જોઇએ છીએ અને આશ્ચર્ય પામીએ છીએ. પરંતુ તેનું બીજ કોઈ પૂર્વ ભવના પ્રણયમાં પડેલું હોય છે. શ્રીમતીમાં આર્દ્રક મુનિ માટે પ્રથમ દર્શને જ પ્રેમાંકુર ફૂટી નીકળ્યો તેનું કારણ પણ કોઇ પૂર્વ ભવનો દાંપત્યસંબંધ અને અપૂર્ણ રહી ગયેલી ક્રીડા-વાસના હતાં.

શ્રીમતી એકીટસે ધ્યાનસ્થ મુનિ તરફ જોઇ રહી. રાજકુમારની સ્વાભાવિક સુકુમારતા તેમના તેજઃપુંજમાં ભળી જઇ એક પ્રકારનો પૂજ્ય ભાવ પ્રગટાવતી હતી. મુનિવર

જ્યારે વીતરાગની ભાવનામાં નિમગ્ન હતા, ત્યારે શ્રેષ્ઠીપુત્રી શ્રીમતી સરાગતામાં ઊંડેઊંડે ઊતરતી જતી હતી. બન્નેની દિશા જુદી જુદી હતી પણ નિમગ્નતા લગભગ સમાન હતી.

સંધ્યાનું આછું નિર્મળ તેજ રાજવંશી મુનિના અંગે-અંગને આલિંગતું હતું. શ્રીમતીને એ સંધ્યાના કિરણો ઉપર અદેખાઈ આવી. "સંધ્યા પણ કેટલી ભાગ્યશાળી છે? મુનિવરનાં અચેત અંગો સાથે એ કેવી સ્વચ્છંદ ક્રીડા કરી રહી છે? પોતાનો રાગ સંધ્યાના રંગ સાથે મળી જાય અને મુનિવરનાં ચરણોમાં અહોનિશ રમવાનું પ્રાપ્ત થાય તો કેવું સારૂં?"

સખીઓના પદરવથી તેની વિચારતંદ્રા તૂટી. તેને પોતાની પરવશ સ્થિતિનું ભાન થયું. સ્ત્રીસુલભ શરમે તેના દેહ અને મન ઉપર અધિકાર જમાવ્યો. મુનિની કાઉસગ્ગ મુદ્રા પાસે શ્રીમતીની દશા નિહાળવાનો સખીઓને અવકાશ ન હતો. આવા પ્રસંગો તો આ ઉદ્યાનમાં ઘણીવાર બનતાં. મુનિઓના વિહાર અને ધ્યાનસ્થ દશા એ તેમને સુપરિચિત હતાં. સહુ સખીઓ આઘે ઊભી રહી આર્દ્રકમુનિને ભક્તિભાવે નમી.

સમય થતાં બધી સખીઓ શ્રીમતીને સાથે લઈ ઘેર પાછી ફરી. પરંતુ હવે પહેલાંની શ્રીમતી એ અત્યારની શ્રીમતી ન હતી. સખીઓના વિનોદ કે સ્વચ્છંદ ખેલનમાં તેણીએ કંઈ ભાગ ન લીધો તેની ચંચળતા અને તોફાન ઊડી ગયાં હતાં. તે એકપણ શબ્દ બોલ્યા વિના ઘેર પાછી આવી.

રાત્રે ઊંઘમાં પણ એ જ મુનિની કુમારમૂર્તિ તેનાં માનસ-પટમાં અંકાઇ રહી.

આજ સુધીમાં શ્રીમતીએ અનેક મુનિવરોનાં સ્વાગત કર્યાં હતાં, તેમના ધર્મોપદેશ સાંભળ્યા હતા; પણ ઉદ્યાનમાં ધ્યાનસ્થ રહેલી આર્દ્રકકુમાર મુનિની મૌન વૃત્તિએ તેને જેવી દીન અને પરવશ બનાવી દીધી હતી તેવી દશા તો તેણે પહેલાં કોઇવાર અનુભવી ન હતી. યૌવનનાં ઉદ્દામને ચરણ નીચે ચાંપતાં ભલભલા તપસ્વીઓને તેણે તાપમાં તપતા અને કરમાતા જોયા હતા. આજસુધી તેના અંતરનો એક તાર પણ નહોતો કંપ્યો. આર્દ્રકકુમાર મુનિમાં એવું શું હતું કે તેને જોતાં જ તેના બધા જ તાર એકીસાથે ઝણઝણી ઊઠયાં ?

ખરૂં, આર્દ્રકકુમાર મુનિવેશમાં હતા. શ્રીમતીને મન એ વેશ કેવળ આવરણતુલ્ય ભાસ્યો. યુગયુગની આરાધનાનું ધન એ આવરણ પાછળ છુપાયેલું હોય તેમ તેને લાગ્યું.

પણ અંતરના સબળ સૈન્ય સાથે અહોનિશ ઝુઝનાર મુનિ એક અબળાની વિનંતિ સ્વીકારે એ શું સંભવિત હતું ? તેને પોતાના દેહ ઉપર ક્ષણવાર તિરસ્કાર આવ્યો, યોગ-વૈરાગની કઠિનતા તેને કાળરૂપ લાગી. દેવોનું વરદાન જાણે છેક પાસે આવીને પાછું વળી જતું હોય એવી વેદના તે અનુભવી રહી

સૂર્યોદય થાય તે પહેલાં જ શય્યામાંથી તે જાગૃત થઈ. ઘરના કોઇપણ માણસને કહ્યા વિના ઉદ્યાનભણી ચાલી નીકળી.

પદ્મની તાજી ખીલેલી પાંખડી જેવી શ્રીમતી આટલી સાહસિક શી રીતે બની ? અત્યારે તેની ચાલમાં કે ચહેરા ઉપર નિરાશા ન હતી. જગતની સઘળી લોકલાજ અને આક્ષેપને પોતાની પાછળ રહેવા દઈ આર્દ્રકકુમાર મુનિના ચરણમાં પોતાનું સર્વસ્વ અર્પવા તૈયાર થઈ હતી. અને જેનું સર્વસ્વ કોઇ ઈષ્ટદેવને ચરણે નિવેદાયું હોય તેને લોકલાજ કે ભય શું કરી શકે ? વિશુદ્ધ પ્રેમબળ, અર્પણતા એ તેનાં શસ્ત્ર હતાં. મુનિને વરવું એ તેનું ધ્યેય હતું.

આર્દ્રકકુમાર હજી કાયોત્સર્ગમાં જ્યાંના ત્યાં સ્થિર હતા. આખું ઉપવન એ યોગમાં પોતાના સૂર મેળવતું હતું. પણ એ શાંતિ કે રસૈક્યના સંગીતને સાંભળવા જેટલી ધીરજ શ્રીમતીમાં નહોતી. મુગ્ધની જેમ તે એકદમ પહોંચી ને મુનિનાં ચરણમાં પોતાનું શિર મૂકી દીધું.

થોડીવારે આર્દ્રક મુનિએ આંખો ખોલી અને શ્રીમતીની સામે નિહાળ્યું. પુણ્યનાં પરમાણુઓ જાણે દેહ ધરી યોગમાર્ગથી ચલિત કરતા હોય એમ ક્ષણવાર લાગ્યું. એક વખતનો રાજ-વૈભવ યાદ આવ્યો. ભારત ભૂમિ જેવા આર્યદેશમાં આવ્યા પછી આવો ઉપસર્ગ ઘટશે તેવી તો તેને કલ્પના પણ નહોતી આવી. તોફાની પવનના લીધે સંયમના સઢ ચીરાતા હોય તેમ લાગ્યું. પોતે કેટલા નિર્બળ છે—અનુકૂળ ઉપસર્ગોની સામે લડવામાં કેટલા કાયર છે તે સમજાયું.

પોતાના બળ ઉપર જ મુસ્તાક રહેનાર યોગી પ્રતિકાર ન કરી શક્યો. છૂટવાનું મન છતાં પગ પાછો ન ખેંચી શક્યો.

ત્યાગની દીક્ષા લેતી વખતે દેવોના નિષેધને ન ગણકારનાર તપસ્વી પોતાની દુર્બળતા જોઈ રહ્યો. પગે પડતી શ્રીમતીનો અનાદર કરવાનું સાહસ તે શી રીતે કરી શકે? તેણે પોતાના બળનો ઉપયોગ કરવા માંડયો.

શ્રીમતીએ ફરી એકવાર આર્દ્રક મુનિની સામે જોવાનો પ્રયત્ન કર્યો. મુનિ પણ જાણે સ્વપ્નની કોઇ એક સુંદરીને નિહાળતા હોય તેમ વિહ્વળપણે સામે જોઈ રહ્યા. વચનો કરતાં પણ એ દૃષ્ટિમાં અજબ અર્થ હતો. અંતર અંતરને ઉકેલતુ હોય ત્યાં શબ્દનું શું ગજું? પૂર્વભવનાં–યુગયુગનાં બે સ્નેહીઓ માંડમાંડ એકબીજાને મેળવી શકયાં હોય એવી તૃપ્તિ ઉભય આત્માઓએ અનુભવી. સપાટી ઉપરના તોફાનની નીચે ગંભીર શાંતિ અને તૃપ્તિ દેખાયાં.

શ્રીમતીની જેમ આર્દ્રક મુનિનો માર્ગ એટલો સરળ ન હતો. બળના ઉપાસકને માટે બીજા બધા માર્ગ બંધ હતા. આખરે તે શ્રીમતીનો બળાત્કારે ત્યાગ કરી પોતાની સાધના પૂરી કરવા ત્યાંથી ચાલી નીકળ્યો. સ્નેહનો પરાજય થયો. બળનો વિજયધ્વજ ફરકયો.

બળ એ જ ત્યાગ હોત તો આર્દ્રક મુનિ જરૂર જીતી જાત. પણ તે પોતે ન સમજે તેમ શ્રીમતીના સ્નેહબળ પાસે હાર્યો હતો. ભલે તે ઉપદ્રવની બીકે વસંતપુરના ઉદ્યાનનો અને શ્રીમતીનો ત્યાગ કરી ગયો, પણ અંતરમાંથી શ્રીમતીની પરવશ પ્રતિમાને દૂર ન કરી શકયો. માતપિતાના સ્નેહનો અને માતૃભૂમિના સંબંધનો ત્યાગ કરી આવનાર

આર્દ્રકકુમાર શ્રીમતીને ભૂલી ન શકયો. બળનો ગર્વ કરનાર મુનિ અંતરથી તો કયારનોય પરાજીત થઇ ચૂકયો હતો. એ પરાજય તેના વિના બીજું કોઇ સમજી શકે તેમ ન હતું.

અનાદર પામેલી શ્રીમતીએ લગીરે કલ્પાંત ન કર્યું. કંગાળ નારીની જેમ કાલાવાલાં પણ ન કર્યાં. અર્પણતા એ તેનું ધ્યેય હતું. તે પોતે મુનિના ચરણે પોતાનું સર્વસ્વ ધરી ચૂકી હતી. તેનો સ્વીકાર થાય યા ન થાય એ તેને જોવાનું ન હતું. અને સ્નેહનો સ્વીકાર થવો જ જોઇએ એવો આગ્રહ શા સારૂ? સ્નેહની સાધનામાં નિષ્ફળ નીવડેલી નારી પિતૃગૃહે પાછી ફરી.

એક પછી એક એમ વર્ષો વીતતાં ચાલ્યાં. શ્રીમતીની આંખો નિરંતર આર્દ્રક મુનિને શોધતી. ભલભલા શ્રેષ્ઠીપુત્રોનાં માંગાં શ્રીમતીએ પાછાં વાળ્યાં. તે તો નિર્ભયપણે કહેતી કે “મનથી તો હું આર્દ્રક મુનિને જ વરી ચૂકી છું.” લોકોને લાગ્યું કે શ્રીમતીનું મગજ ભમી ગયું છે–તે અશકય વ્રત આદરી બેઠી છે. મુનિને ચળાવી શકે એવું શ્રીમતીમાં શું હતું? અપ્સરાઓના સરાગ અભિનયને જે લીલામાત્રથી ઠેલી શકે, તેને એક શ્રીમતી જેવી પામર નારી શું કરી શકવાની હતી? છતાં શ્રીમતીએ પોતાનો આદર્શ ન તજ્યો સ્નેહમાં તે દ્રઢ આસ્થા રાખી રહી.

એ પ્રેમપ્રસંગ ઉપર બાર બાર વર્ષના વાયરા વહી ગયા. પ્રકૃતિએ કંઇકંઇ નવા સાજ સજ્યા અને જૂના ઉતાર્યા. સ્મરણ અને વિસ્મરણના અખંડ પ્રવાહમાં અસંખ્ય પ્રેમના પ્રસંગો

ઘડાયા અને પાછા અનંતમાં વિલીન થઇ ગયા. માત્ર શ્રીમતીની સ્નેહસાધના અતૂટ રહી. વસ્તુમાત્રને જીર્ણ બનાવતો કાળ એ સ્નેહી હ્રુદય ઉપર પોતાનો પ્રભાવ ન આંકી શકયો. વ્રતને કોઇ અવધિ ન હોય. ભવોભવના સ્નેહીને બાર વર્ષ શી બિસાતમાં ?

એક માત્ર આર્દ્રક મુનિના દર્શનની વાંચ્છાથી રોજ દાનશાળામાં બેસી વસંતપુરમાં આવનાર દરેક મુનિનું સ્વાગત શ્રીમતી પોતે કરતી હતી. કોઈ કાળે પણ મુનિઓના સમુદાયમાં આર્દ્રક મુનિ આવી ચડશે એ આશા ઉપર જ તેનું જીવન અવલંબતું હતું.

બાર વર્ષ ઉપર બનેલી ઘટનાને યાદ રાખવા જેટલી જગતને કંઇ પરવા ન હતી. શ્રીમતીના સગાં–સંબંધીઓ પણ એ વાત લગભગ ભૂલી ગયા હતા. શ્રીમતીના જીવનનો પલટો એ હવે તેમને કંઈ આશ્ચર્યની વાત લાગતી ન હતી. વિસ્મૃતિના આવા ગાઢ અંધકારમાં માત્ર બે હયાંઓને વિષે બે અખંડ દીપ સળગી રહ્યા હતા.

એ પરમ આકાંક્ષિત પળ પણ એક દિવસે આવી પહોંચી. તે દિવસે રોજની જેમ શ્રીમતી મુનિના આગમનની રાહ જોતી બેઠી હતી. પોતાની દૃષ્ટિવડે ભૂમિને પ્રમાર્જતા આર્દ્રક મુનિ બહુ જ મંદગતિએ તે જ દાનશાળા તરફ આવતા હતા. કોઈએ કલ્પ્યું પણ નહીં હોય કે દાન લેવા આવતા મુનિ અહીં પોતાનાં જ આત્માનું દાન આપી સંસારના સ્નેહને અભિનંદશે. બંનેએ પરસ્પરને દૂરથી જોયા અને પિછાન્યા.

શ્રીમતી આજસુધીના ઐચ્છિક સંયમના પ્રતાપે ઔત્સુક્ય અને આવેગને પચાવી ચૂકી હતી. સ્નેહની ખાતર ઝૂરવામાં જે અનેરા લહાવો છે તેનો આસ્વાદ લઈ ચૂકી હતી. આર્દ્રક મુનિ એ માર્ગમાં નવા વિદ્યાર્થી હતા એમ પણ કંઈ ન હતું. તેમણે પણ ઘણીવાર યોગના આદર્શોનું ચિંતન કરતાં વસ્તુતઃ શ્રીમતીનું જ ધ્યાન ધર્યું હતું. ભાગ્યે જ કોઈ એવી પળ હશે કે જે વખતે તેમણે શલ્યની જેમ ખૂચતા એ કાંટાને ઉખેડીને ફૂંકી દેવાનો પ્રયત્ન નહીં કર્યો હોય. ગમે તેમ પણ તે સામર્થ્યના પૂજારી હતા—અને પોતે યે સર્વ રીતે સમર્થ પુરુષ હતા. છતાં જે સૌંદર્ય, લાલિત્ય અને સુકુમારતાની પાસે સામર્થ્ય સામે આવીને દીન ભાવે આત્મનૈવેદ્ય ધરી જાય, ત્યાં આર્દ્રક મુનિની બળાત્કાર સાધના નિષ્ફળ નીવડે એમાં શું આશ્ચર્ય ?

જે શ્રીમતી એક વખતે ઉદ્યાનમાં આવી પગે પડી, ઉપવનના પંખીને પણ કંપાવે તેમ કરગરી હતી અને જેનો ત્યાગ કરવામાં આર્દ્રક મુનિએ પોતાના સામર્થ્યનો વિજય માન્યો હતો, તે જ શ્રીમતી પાસે આવી તેમણે પોતાનાં ચિરસંચિત ત્યાગ—વૈરાગ્ય—સંયમ સર્વસ્વ ધરી દીધું. પતનનો ઇતિહાસ એ કરતાં કંઈ વધુ લાંબો ન હોય. આર્દ્રક મુનિ ફરીથી સંસારમાં આવ્યા અને શ્રીમતીએ તેમને હૈયાના નિર્મળ સ્નેહથી સત્કાર્યા.

આર્દ્રક મુનિના અધઃપાત ઉપર એ વખતે પણ અનેકે અનુકંપાનાં આંસુ પાડયાં હશે. એક મુનિનો સંસારપ્રવેશ એ કંઈ યોગમાર્ગનો જેવો તેવો અકસ્માત નથી, પણ એને

એકલો અકસ્માત્ કે અધઃપતન કેમ કહેવાય? સ્નેહના અનાદરનો અને બળના અત્યધિક અભિમાનનો શું એ યોગ્ય બદલો ન હતો? શું શ્રીમતીનો ત્યાગ કરીને નાસી જતી વખતે આર્દ્રક મુનિ પોતે સંપૂર્ણ સુદ્રઢ રહી શકયા હતા? જો વૃત્તિઓ ઉપર તેમનો કેવળ બળાત્કાર ન હોત, અંતરને પ્રગટતી ઉષાના પ્રકાશ જેવું નિર્મળ બનાવી શકયા હોત તો તેઓ પોતાની સાથે શ્રીમતીને પણ ઊંચે ને ઊંચે લઇ જઇ શકયા હોત–યોગમાર્ગમાં અનેરા રંગ અને રસ રેલાવ્યા હોત.

ભલે એ પતન હોય, પણ એ પતનમાંથી જ વેગવાન ઉદ્ધારનો પુનર્જન્મ થયો. વીર્યવાન્ આત્માઓનાં પતન પણ કેટલાં રમણીય હોય છે! નિર્વીર્યને પોતાના પતનનું ભાગ્યે જ ભાન હોય છે–તે એક વાર પડયા પછી નીચે ને નીચે તણાવામાં જ અહોભાગ્ય માને છે. આર્દ્રક મુનિનું પતન એ પવિત્ર આત્માનું કેવળ પદસ્ખલન હતું. પ્રાતઃકાળ થતાં સંસારના મનુષ્યો જાગે અને ગઇ કાલનાં અધુરાં કામ પૂરાં કરવા બમણા બળથી પ્રયત્ન કરે, તેમ આર્દ્રક મુનિ પણ ભોગનિદ્રામાંથી જાગૃત થયા. યોગભ્રષ્ટતા તેમને પ્રત્યેક પળે ડંખવા લાગી. આજે હવે બળાત્કારને કયાંય સ્થાન ન હતુ. બળનું સ્થાન સ્નેહે અને અભિમાનનું સ્થાન વિવેકે લીધું હતું.

શ્રીમતી પણ તેમના માર્ગમાં કંટકરૂપ ન રહી. આર્દ્રક મુનિની પ્રતિકૃતિ સમો એક બાળક એ તેનું આશ્વાસન અને અવલંબન બન્યો હતો. વિયોગિનીને બદલે તે એક માતા

બની હતી. તેના બધા ઉચ્છ્વાસ અને આવેગ શમી ગયા હતા.

પણ બાળક પ્રત્યેનો મોહ આર્દ્રક મુનિના યોગમાર્ગમાં ઘડીક અંતરાયરૂપ બન્યો. અને બાળકની અનુમતિ કે સંમતિ પણ શી રીતે સંભવે? એક વખતનો યોગી હવે પોતાના આત્મા ઉપર બળાત્કાર પણ કરી શકે તેમ ન હતું. તે અનુકૂળ મુહૂર્તની રાહ જોવા લાગ્યો.

એક દિવસે કંઈક આવા જ નિશ્ચય વિષે ઉહાપોહ કરતાં બંને બેઠાં હતાં. તેમની સામે આંગણામાં બાળક રમતો હતો. માતાએ તેને બોલાવી સહેજ વિનોદના રૂપમાં કહ્યું કે "બેટા, તારા બાપુ તો હવે ચાલ્યા જશે."

"ચાલ્યા જશે" એટલે શું એનો અર્થ બાળક ન સમજ્યો. પણ બાપુ ક્યાંક બહાર જવા માંગે છે અને માતા ઉદ્વિગ્ન છે એટલું તો તે જોઈ શક્યો. હજી તો તેને પૂરું બોલતાં પણ નહોતું આવડતું. માતાનો મનોભાવ કળ્યા પછી તેને શી રીતે મદદ કરવી એ એક મોટી મૂંઝવણ થઈ પડી.

તરત જ તેને એક બાળોચિત યુક્તિ સૂઝી આવી. શ્રીમતીએ ગઈ કાલે જે સૂતર કાંતી રાખ્યું હતું, તે સૂતરનું કોકડું ઉપાડી લાવ્યો અને જ્યાં આર્દ્રક મુનિ બેઠા હતા ત્યાં આવી સૂતરના તાંતણા વડે જ પિતાને બાંધી રાખવાનો ઉપાય અજમાવ્યો. શ્રીમતી અને મુનિ બંને જણા બાળકની આ ચેષ્ટા જોઈ હસી પડયા. કાચા સૂતરના તાંતણા ઉપર પણ બાળકનો કેટલો બધો વિશ્વાસ?

આર્દ્રક મુનિએ પોતાના અંગે વીંટળાયેલા આંટા ગણ્યા. બધા મળીને તે બાર થયા. તાંતણાના એક એક આંટા બદલ તેણે એક એક વર્ષ સંસારમાં રહેવાનો ફરીથી નિશ્ચય કર્યો. એ રીતે કાચા સુતરના તાંતણે આર્દ્રક મુનિને બીજાં બાર વર્ષ સુધી બાંધી રાખ્યા. નિર્મળ સ્નેહનાં દુર્બળ લાગતાં બંધનોમાં પણ કેટલું સામર્થ્ય હોય છે?

એ બાર વર્ષ પણ પાણીના રેલાની જેમ વીતી ગયાં. એક પુણ્ય મુહૂર્તે આર્દ્રક મુનિ સૌની સંમતિ લઇ મહાવીરે ચીંધેલા માર્ગે ફરીથી ચાલી નીકળ્યા અને મહાવીરને વાંદવા રાજગૃહી તરફ પ્રયાણ આદર્યું.

વિહાર દરમિયાન ગોશાળા જેવા નિમિત્તવાદીઓ, હસ્તિતાપસ જેવા જડભરતો અને ક્રૂર લૂંટારાઓનો ભેટો થયો. તે સર્વને પ્રતિબોધી મહાવીરના શાસનનો મહિમા ફેલાવ્યો. મેઘની જેમ નિરંતર વરસતા અને વાયુની જેમ અપ્રતિબદ્ધ પણે વિહરતા આર્દ્રક મુનિના ઉગ્ર તપ અને વૈરાગ્ય જોઇ ભલાભલા તપસ્વીઓ પણ આશ્ચર્યમુગ્ધ બની જતા. વનનાં પશુ–પંખીઓ પણ એ ભવ્ય મૂર્તિને નીરખી પોતાનાં વેર-ઝેર વિસરતાં.

એકવાર ભગવાન મહાવીરના સમવસરણમાં મહારાજા શ્રેણિક, મંત્રી અભયકુમાર, આર્દ્રક મુનિ વગેરે બેઠા હતા, તેવામાં આર્દ્રક મુનિની વાત નીકળી. સર્વજ્ઞ ભગવાને કહ્યું કે "આર્દ્રક મુનિ ત્રીજા પૂર્વભવમાં વસંતપુરમાં સામાયિક નામના કૃષિકાર હતા. અને શ્રીમતી એ બંધુમતી નામની

તેમની પત્ની હતી. બંનેએ સુસ્થિત નામના આચાર્ય પાસે પ્રતિબોધ પામી દીક્ષા ગ્રહણ કરી હતી. એક સમયે વિહાર કરતાં કરતાં સામાયિકનો સાધુસમુદાય અને બંધુમતીનો સાધ્વીસમુદાય એકઠા થઈ ગયા. તે વખતે સાધ્વી બંધુમતીને જોઈને સાધુ સામાયિકના મનમાં ગૃહસ્થપણામાં કરેલી રતિ-ક્રીડાની સ્મૃતિ થઈ આવી અને તેનું મન બંધુમતીને મળવા ચંચળ બન્યું. બંધુમતીને લાગ્યું કે જ્યાં સુધી પોતે હૈયાત હશે ત્યાં સુધી સાધુ સામાયિક તેનું સ્મરણ કર્યા કરશે અને ચારિત્રમાં શિથિલ રહેશે. એટલે તેણે પોતાનું તથા સામાયિકનું ચારિત્રવ્રત અખંડ રહે એવી ભાવનાથી અનશનવ્રત સ્વીકારી પોતાનું જીવન સમાપ્ત કર્યું. તે વખતે જે વાસના અતૃપ્ત રહી ગઇ હતી, તે પૂરી કરવા આ ભવમાં આર્દ્રક મુનિને શ્રીમતી સાથે ગૃહસંસાર ભોગવવો પડયો. અવશેષ રહેલાં ભોગ્ય કર્મો અવશ્ય ભોગવવાં જ પડે છે." આ પ્રસંગે પોતાના સંસારત્યાગ સંબંધમાં આર્દ્રક મુનિએ કહ્યું કે "મજબૂતમાં મજબૂત લોખંડની બેડીના બંધનને તોડવું સહેલું છે. પણ કાચા સૂતરના તાંતણા જેવા સૂક્ષ્મ સ્નેહ-તંતુને છેદીને બહાર નીકળવું અતિ દુષ્કર છે." આ વાતો સર્વે આશ્ચર્યમુગ્ધ બની સાંભળી રહ્યા.

એક અનાર્ય દેશમાં જન્મવા છતાં પ્રતિબોધ પામી, સ્વહસ્તે દીક્ષા ધારણ કરી, શાસ્ત્રજ્ઞાન ઉપરાંત અન્ય સંપ્રદાયોનો પણ અભ્યાસ કરી અનેક વાદીઓને પરાસ્ત કરનાર આર્દ્રક મુનિ અંતે સર્વ કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પામી મોક્ષને પ્રાપ્ત થયા.

# ૪. રાજકુમાર નંદિષેણ

ભગવાન મહાવીરના રાજગૃહીના વર્ષાવાસ દરમ્યાન અનેક પુરુષોએ દીક્ષા લીધી, તેમાં રાજગૃહીના રાજવી શ્રેણિકનો પુત્ર નંદિષેણ પણ એક હતો.

નંદિષેણનો ઉછેર મહાવૈભવપૂર્વક એક રાજકુટુંબમાં થયો હતો, અને રાજમહાલયોમાં તો પાણી માગતાં દૂધ મળતું હોય છે. પરન્તુ ભગવાનની દેશના સાંભળી તેને સંસાર પ્રત્યે અભાવ થયો અને વૈરાગ્યની સાચી ભૂમિકા સિદ્ધ કર્યા વિના સાધુ ધર્મ અંગીકાર કરી લીધો. જે વૃત્તિ આત્માની બનેલી હોતી નથી, તે વૃત્તિને અંગીકાર કરી લેવામાં જોખમ છે. આમાં આવી વ્યક્તિનું અધઃપતન થવાનો ભય રહે છે, અને તેની ખરાબ અસર સમગ્ર સમાજ પર થાય છે. દીક્ષા–ત્યાગ-વૈરાગ્ય આ બધી વસ્તુઓ તો ઉત્તમોત્તમ છે, પણ તેના માટેના પાત્રો એટલે કે દીક્ષા લેનાર સ્ત્રી પુરુષો જો એ ભૂમિકા માટેની લાયકાત ન ધરાવતાં હોય, તો એવા સાધુઓ અને સાધ્વીઓમાં સાધુતાનું

તત્ત્વ જોવાનું ભાગ્યે જ મળે. ભોગમાંથી મુક્ત બની ત્યાગધર્મના સ્વીકારમાં, ત્યાગમાર્ગ માટેની સાચી ભૂમિકાના બદલે માત્ર દૂધના ઊભરાની માફક આકર્ષણ જ હોય, તો એવા ત્યાગમાર્ગે પણ એક નવા પ્રકારના જ સંસારની રચના થાય છે. એ ભોગમાં ન ડૂબે તોપણ સિદ્ધિ, કીર્તિ અને પ્રશંસાના મોહમાં ડૂબી જાય. સંસારમાં માનવોનું પતન માત્ર ભોગના જ માર્ગે થાય છે એવું નથી. ત્યાગનો માર્ગ સમજ્યા વિના અને તે માટે લાયક બન્યા સિવાય, એવા માર્ગે જનારનું પણ પતન થાય છે. પરિણામ બંનેમાં એક જ, પણ ભૂમિકા જુદી જુદી. સકળ જગત પર વિજય પ્રાપ્ત કરી તે પર શાસન ચલાવવાનું કાર્ય જેટલું મુશ્કેલ અને મહાન છે, તે કરતાં અનેક ગણું મુશ્કેલ અને મહાન કાર્ય ભગવાન મહાવીરના શાસનના સાચા સાધુ અને સાધ્વી બનવામાં રહેલ છે.

નંદિષેણ તો ભારે વિચક્ષણ હતા. પોતાની અંતરંગ નબળાઈ વિષે સજાગ હતા, અને તેથી દીક્ષા લીધા પછી અંતરના ઊંડાણમાં પડેલી કામેચ્છા અને ભોગેચ્છાને દૂર કરવા તેમણે ઉગ્ર તપશ્ચર્યા શરૂ કરી. આ રીતે મનતંત્રનો નિગ્રહ કરી અજ્ઞાત અવસ્થામાં રહેલી વૃત્તિઓને તેણે દબાવી દીધી તો ખરી, પરંતુ એવી રીતે દબાવેલી વૃત્તિની પ્રતિક્રિયામાંથી તેઓ સદંતર મુક્ત રહી શક્યા નહિ. પ્રકૃતિથી વિરૂદ્ધ જ્યારે કોઈ માનવી પોતાની લાગણીઓને દબાવવા જાય છે, ત્યારે તેના પરિણામે શાતા કે શાંતિ પ્રાપ્ત થવાને બદલે ઊલટું તેના મનની પરિસ્થિતિમાં ગૂંચવણો ઊભી થાય છે. આમ છતાં તપ દ્વારા નંદિષેણે

અનેક લબ્ધિઓ પ્રાપ્ત કરી. લબ્ધિઓ પ્રાપ્ત કરવાનું મુશ્કેલ નથી, પણ પ્રાપ્ત કરેલી લબ્ધિઓ જ જીવને મુક્તિનું કારણ બનવાને બદલે કોઈવાર બંધનનું નિમિત્ત થઈ જાય છે. તેથી જ જ્ઞાનીઓ લબ્ધિઓની વિટંબણાથી દૂર રહે છે.

એક દિવસ નંદિષેણ મુનિ છઠ્ઠના પારણે ગોચરી લેવા જઈ રહ્યા હતા. અખંડ બ્રહ્મચર્ય અને તપના તેજથી તેની કાયા કામદેવની માફક શોભતી હતી. ચાલતા ચાલતા મુનિરાજ જ્યારે એક ભવ્ય પ્રાસાદ નીચેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે તેની અટારી પર તે પ્રાસાદમાં રહેતી રાજગૃહીની સૌથી પ્રસિદ્ધ નર્તિકા દેવદત્તા દંતધાવનની ક્રિયા કરી રહી હતી. રાજગૃહીના વિલાસી લોકો આ નર્તિકાના અભિનય, નૃત્ય અને સંગીત કળા પર મુગ્ધ હતા. લોકો તેના સૌન્દર્ય પાછળ ગાંડા હતા, પણ દેવદત્તાએ દેહજન્ય ભોગોથી અલિપ્ત રહેવા માટે પોતે જ પોતાના સંબંધમાં ઈરાદાપૂર્વક એક એવી ખોટી વાત ફેલાવી હતી કે તે વિષકન્યા છે, એટલે જે કોઇ તેનો સ્પર્શ કરશે તેનું ત્યાંને ત્યાં જ મૃત્યુ થશે.

અટારી પરથી દેવદત્તાએ નીચે ચાલ્યા જતા મુનિરાજને જોયા અને તેના હૃદયમાં જીવનમાં પ્રથમ વાર અકથ્ય ભાવો જાગ્યા. માનવહૃદયમાં પ્રીતિ કઇ રીતે અને શા માટે એકાએક ઉત્પન્ન થાય છે, તેના કારણની ખબર નથી પડી શકતી, પણ ઘણી વાર ન કલ્પી શકાય એવો કોઇ અગમ્ય હેતુ બે વ્યક્તિઓને જોડી દે છે. મુનિરાજના તેજ અને કાંતિથી દેવદત્તા અત્યંત પ્રભાવિત થઈ અને પોતાની દાસીને મુનિરાજને ગોચરી અર્થે બોલાવી લાવવાની આજ્ઞા કરી.

મુનિરાજ દાસીની પાછળ પાછળ રસોડામાં આવ્યા અને ધર્મલાભ આપી પાત્રાં નીચે મૂક્યાં. મુનિરાજ પણ નર્તિકાનું અલૌકિક સૌન્દર્ય જોઇ વિચારવા લાગ્યા કે, માનવલોકની સ્ત્રીમાં પણ શું આવું રૂપ હોઇ શકે ? મુનિરાજના ચિત્ત ઉપર દેવદત્તાનો અદ્દ્ભુત પ્રભાવ પડયો. ગોચરીની વસ્તુઓ વહોરાવી બંને હાથ જોડી આછા આછા સ્મિત સાથે વિનમ્રતાપૂર્વક દેવદત્તાએ કહ્યું : "મુનિરાજ ! આપે મને ધર્મલાભ આપ્યો અને ધર્મના માર્ગે જ મોક્ષગતિ પ્રાપ્ત થઇ શકે એની તો મને ખબર છે. પણ ધર્મ અને મોક્ષ વચ્ચે અર્થ અને કામ એવા બે પુરુષાર્થ પણ રહેલા છે, તે વિષે કશો લાભ આપવાની આપનામાં શક્તિ ખરી કે ?"

દેવદત્તાની વાત સાંભળી મુનિરાજ સ્તબ્ધ થઇ તેની સામે અનિમિષ દૃષ્ટિએ જોઇ રહ્યા. દેવદત્તાની વાતમાં તેને ટીખળ અને અપમાન જેવું લાગ્યું એટલે કાંઈક આવેશમાં આવી જઈ કહ્યું: "રાજગૃહીની નર્તિકા માત્ર બાવા અને જોગટાના જ પરિચયમાં આવી હોય એમ લાગે છે, એને કોઈ સાચો યોગી મળ્યો હોય એમ દેખાતું નથી !"

મુનિરાજની વાત સાંભળી જરા પણ વિસ્મિત ન થતાં તરત જ દેવદત્તાએ કહ્યું: "જીવનમાં પ્રથમ વખત જ તમારા જેવા યોગીના દર્શનનો લાભ મળ્યો, એટલે જ થયું કે ધર્મ અને મોક્ષની સાથોસાથ અર્થ અને કામનો પણ શા માટે લાભ ન લઉં ? સિદ્ધયોગીઓ તો ધારે એ કરી શકે એમ સાંભળ્યું છે, એટલે તમને જોયા પછી થયું કે જે સાંભળ્યું છે તેનો આજે પ્રત્યક્ષ અનુભવ પણ કરી લઉં !"

મુનિરાજનું અભિમાન ઘવાયું અને તરત જ પોતાની શક્તિનો પરચો બતાવતાં નર્તિકાના ઘરમાં રત્નોનો વરસાદ વરસાવ્યો.

મુનિરાજની આવી દિવ્ય શક્તિ જોઈ નર્તિકા ભારે વિસ્મિત થઈ. આ દેવાંશી પુરુષમાં તેણે પોતાની કલ્પનાના પતિનું સ્વરૂપ જોયું અને વિચાર્યું કે માત્ર એકાદ બે ઘડી માટે પણ આવા મહામાનવની અર્ધાંગના બની જવાનું ભાગ્ય પ્રાપ્ત થાય તો જીવન ખરેખર ધન્ય બની જાય! પરંતુ બીજી જ પળે તેને ભાન થયું કે લોઢાના ચણા ચાવી જવાનું કદાચ શકય બને, પણ ત્યાગ અને સંયમના પંથે પડેલા મુનિરાજને ભોગના માર્ગે લાવવાનું તો અશકય છે. એના મનોમનમાં તુમુલ યુદ્ધ જાગ્યું. જ્ઞાન, ગુણ, રૂપ અને શીલ એ ચારે જ્યારે સંયુકત રીતે કોઇ સ્ત્રીમાં એકઠાં થાય છે ત્યારે એવી સ્ત્રી સંસારની એક અસાધારણ શક્તિ બની જાય છે એનાં કુળ કે જાતિની પછી ખાસ મહત્તા રહેતી નથી. દેવદત્તા નર્તિકા હોવા છતાં આવી જ એક અસાધારણ શક્તિ હતી. યોગ અને ભોગ પરસ્પર એક બીજાના વિરોધી નથી, પણ એક જ સિક્કાની બે બાજુઓ જેવા છે એમ તે માનતી, એટલે યોગીને ભોગના માર્ગે ખેંચવાનું કામ શકય ન જ બને એમ દેવદત્તા ન માનતી. યોગ અને ભોગ વચ્ચે સમન્વયતા સાધવી તેને જ તે ઉત્કૃષ્ટ યોગસાધના માનતી. તેથી મુનિરાજને પોતાના પંથેથી વિચલિત કરવાનો દ્રઢ નિશ્ચય કરી રત્નોના ઢગલા તરફ અંગુલિનિર્દેશ કરી દેવદત્તા બોલી: "મુનિરાજ! આપે પરિગ્રહ છોડયો, પણ પરિગ્રહ-વૃત્તિમાંથી આપ હજુ મુક્ત નથી ગઇ શકયા. અપરિગ્રહ-

પણાનો સંબંધ જગતના પદાર્થો અને વસ્તુઓ સાથે નહીં, પણ માનવની વૃત્તિ સાથે સંકળાયેલો છે. વસ્તુનો સંગ્રહ એજ માત્ર પરિગ્રહ નથી, પણ વસ્તુ પ્રત્યેની મૂર્છા એ જ ભયંકર પરિગ્રહ છે. ધનની વૃત્તિ જ તમારામાં ન હોત તો, આવી સિદ્ધિ પ્રાપ્ત કરવાનું તમને ન સૂઝયું હોત! સંસાર મિથ્યા અને ઝાંઝવાનાં જળ જેવો છે, તેમજ સંસાર અસાર અને દાવાનલ રૂપ છે, એવું માનનારા સાધુજનો મેં જોયા છે. બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે, એવું કહેનારા શુષ્ક વેદાંતીઓના પરિચયમાં પણ હું આવી છું. આ સમગ્ર સૃષ્ટિ જડ છે, મલિન છે, ભ્રમ છે અને સ્વપ્ન સમાન છે એમ માનનારા પોકળ તત્ત્વજ્ઞાનીઓને પણ હું જાણું છું. પોતાની સહજ વૃત્તિઓને ઉપવાસી રાખી સંસારની લીલા ભૂમિથી દૂર થઈ, પહાડના એકાન્તમાં બેસી ધ્યાનયોગ અને જ્ઞાનયોગ સાધતાં પણ મેં અનેકને જોયા છે–પણ આવા સાધુજનો, શુષ્ક વેદાંતીઓ, પોકળ તત્ત્વજ્ઞાનીઓ અને પોતાની જાતને યોગી તરીકે ઓળખાવનારાઓને મેં સંસારની ધૂળ ઉપર ભૂંડી દશામાં જોરથી પછડાટ ખાતા જોયા છે. કોઈ પણ માણસ પોતાની સ્વાભાવિક અને મૂળ પ્રકૃતિ પર ઢાંકપછેડો કરી, સંસારની રંગભૂમિ પરથી મુક્તિના પંથે જવાનો દંભ અને દાવો કરી શકે; પરન્તુ એ બિચારો સમજતો નથી કે મુક્તિની બાબતમાં કસમયે ખોટો લોભ રાખી જે કરવાનું હોય તેને તે ટાળે છે. નીતિભ્રષ્ટતાની માફક કર્તવ્યપરાઙ્મુખતા અને નિષ્ઠાશૂન્યતા પણ પાપ જ છે, તેથી આ બધા મહાનુભાવો જે કરવાનું હોય તે ટાળે છે અને મૂલ્ય વ્યાજ સાથે ભરપાઈ કરવું પડે છે, તેમજ

વધારામાં જે કરવાનું ટાળ્યું હોય તેની સજા પણ ભોગવવી પડે છે. જુઓ! જે ધનને તમે દૂર કર્યું એજ ધન તમારા માથે પડ્યું!"

નર્તકીની દલીલ સાંભળી મુનિરાજ સ્તબ્ધ થઈ ગયા. તેમણે જોયું કે તેમણે મેળવેલી સિદ્ધિને આ વિલક્ષણ સ્ત્રીએ કોડીની કીમતની બનાવી દીધી. આમ છતાં તેના ચિત્તને અશાંત ન બનવા દેતાં તેમણે કહ્યું: "આપણી વૃત્તિઓને ઉપવાસી ન રાખવી તો શું મનમાં જે જે વૃત્તિઓ ઊભી થાય તેને પોષ્યા કરવી? ભૌતિક અને આધ્યાત્મિક એ બંને ભિન્ન ભિન્ન પ્રકારની વૃત્તિ છે–જેને આધ્યાત્મિક માર્ગે જવું હોય તેણે ભૌતિક વૃત્તિઓના પાશમાંથી મુક્ત થવું જ રહ્યું. તમારે શું કહેવાનું છે એ વાત જ હું સમજી શકતો નથી, પણ તમારી દલીલશક્તિ જોઈ એમ તો લાગે છે કે જે ધર્મ મેં સ્વીકાર્યો છે, તે ધર્મનો તમે સ્વીકાર કરી લો તો કેટલાયે જીવોનું તમારા દ્વારા કલ્યાણ થઈ શકે."

દેવદત્તા થોડીવાર તો મુનિરાજ સામે અનિમેષ દૃષ્ટિએ જોઈ રહી. સાધુની આંખમાં તેણે ધાર્યું હતું તેવું જ કાંઈક નિહાળ્યું. એક જ ચકોર દૃષ્ટિ માત્રમાં ચતુર સ્ત્રી, પુરુષને નખશિખ સમજી લે છે. દેવદત્તા કોઈ સામાન્ય નર્તકી ન હતી. તેનો જન્મ એક નર્તકીની કૂંખે થયો હતો, પણ એના જન્મ માટેનો જવાબદાર તો એક મહાન યોગી હતો. પુત્રીમાં માતા કરતાં પિતાના ગુણ–દોષોનું પ્રમાણ વધારે હોય છે, એટલે દેવદત્તાને કુદરતી રીતે જ યોગીની વૃત્તિ અર્થાત પિતાના ગુણોનો વારસો મળ્યો હતો. નંદિષેણ મુનિએ

અધ્યયન દ્વારા જે જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું, તે જ્ઞાન દેવદત્તાને વારસામાં મળ્યું હતુ.

મુનિરાજને ટૂંકામાં પોતાની ઓળખ આપી બંને હાથ જોડી મૃદુ હાસ્ય સાથે દેવદત્તા બોલી : " ગુરુદેવ ! ભૌતિક અને આધ્યાત્મિક વૃત્તિને તમે એક બીજાની વિરોધી માનો છો, એની સામે મારે વાંધો છે. મને લાગે છે કે માનવજાતે જો સાચા અર્થમાં વિકાસ સાધવો હોય તો, એમાંથી એકેયનો વિરોધ ન કરતાં બંનેના અંતરતમાં રહસ્યનો તાગ મેળવી સમન્વય સાધવો જોઇએ. જ્ઞાનની સફળતા અને આત્માનો વિકાસ આ કાર્યને સિદ્ધ કરવામાં છે. હું તમને આ વાત વધુ સ્પષ્ટ પણે સમજાવવા માગું છું. એમ કરવા જતાં કશો અવિનય કે અવિવેક અગર તમારી ભાષામાં આશાતના થાય તો આપ મને ક્ષમા કરશો. "

મુનિરાજે કાંઈક વ્યંગ્યમાં કહ્યું : " તમે તો ગોળ અને ખોળ એક સમાન છે એવા પ્રકારની દલીલ કરી રહ્યા છો. સંસાર અને સંન્યાસ પૂર્વ અને પશ્ચિમ જેવી ભિન્ન ભિન્ન દિશા છે, એનો સમન્વય કઈ રીતે સાધી શકાય ? ભોગની મજા લૂંટવી છે અને ત્યાગનો આનંદ પણ પ્રાપ્ત કરવો છે. આ બંને વસ્તુ એકી સાથે કઇ રીતે શકય બની શકે ? "

દેવદત્તાએ સ્મિતપૂર્વક કહ્યું : " હવે આપને હું એજ વાત સમજાવવા માગું છું. આપે સંયમ ધર્મ સ્વીકાર્યો છે, અર્થાત સુખકર વૃત્તિને વળગી રહી દુઃખકર વૃત્તિથી દૂર રહેવાનો માર્ગ અપનાવ્યો છે. અમુક પ્રત્યે તમને સદાગ્રહ છે

જ્યારે બીજા પ્રત્યે તમને દુરાગ્રહ છે. એક પ્રત્યે તમને રાગ છે–અન્ય પ્રત્યે વિરાગ છે, જેમકે આધ્યાત્મિક અને ભૌતિક, ગ્રહણુ અને વર્જન, બંધન અને મુક્તિ, રાગ અને દ્વેષ, યોગ અને ભોગ–આમ પ્રત્યેક વિચારણામાં એક બીજાથી વિરુદ્ધ એવા ભાવો રહેલા છે. એક પ્રત્યે ઉપેક્ષા, અન્ય પ્રત્યે અનુરાગ, પરન્તુ એક વૃત્તિને સારી ગણવી અને બીજીને નરસી ગણવી એ રીતે વૃત્તિને સમજવા માટેનો યોગ્ય માર્ગ જ નથી. માનવ એ રસ્તે કદી મહામાનવ બની શકતો નથી. સાચા સાધકે તો આવી બંને પ્રકારની વૃત્તિથી અલગ થઈ જવું જોઇએ. જ્ઞાનીને મન જેમ માટી અને સોના વચ્ચે કશો તફાવત નથી, તેમ યોગ અને ભોગમાં સમાનતા કેળવવી જોઈએ. ભોગમાં યોગ છે અને યોગમાં ભોગ છે. એકમાં બીજાનો વાસ છે. એમાંનું એકેય બીજા વગર સત્ય નથી. ઉપનિષદના એક મંત્રમાં કહેવામાં આવ્યું છે કે, “જે કેવળ અવિદ્યા અર્થાત્ સંસારની ઉપાસના કરે છે તે અંધતમસમાં પ્રવેશ કરે છે; તેના કરતાં પણુ વધારે અંધકારમાં તે પ્રવેશ કરે છે કે જે કેવળ બ્રહ્મવિદ્યામાં જ રત રહે છે.” સુખનો અવિશ્વાસ અને દુઃખનો ભય પણુ માનવીને ત્યાગના પંથે લઈ જાય છે. સુખનો ત્યાગ કરો એટલે દુઃખની વળગણુ જ ન રહે–પણુ આવી વૃત્તિ નિષેધાત્મક વલણુ છે, એક પ્રકારની પલાયનવૃત્તિ છે, શૂન્યવાદ છે માનવ જીવન પણુ એક પ્રકારના યુદ્ધ જેવું છે, તેમાંથી નાસી છૂટવાથી જો વિજય પ્રાપ્ત મેળવ્યો કહેવાતો હોત, તો મહાભારતના યુદ્ધ વખતે શ્રી કૃષ્ણે યુદ્ધ લડી લેવાનો બોધ અર્જુનને ન જ આપ્યો હોત!”

દેવદત્તાને ચૂપ કરવા તક સાધી મુનિરાજે કહ્યું: "માનવજીવન એક યુદ્ધ સમાન છે અને દરેક પ્રકારના યુદ્ધમાં હિંસા છે, એટલે જ સંસારથી અલગ થઈ સંન્યાસ ધર્મ સ્વીકારવા માટે દરેક ધર્મશાસ્ત્રોએ બોધ આપેલો જ છે ને? યુદ્ધ લડીને જીત્યા પછી પણ અર્જુને અંતે પ્રાપ્ત શું કર્યું? શૂન્ય કે બીજું કાંઈ? યુદ્ધને અંતે હિમાલય તરફ જવાને બદલે વગર યુદ્ધે જ ત્યાં જવામાં શું ફરક પડી જવાનો હતો?"

મુનિરાજની દલીલ સાંભળી દેવદત્તા મુક્ત મને હસી અને બોલી: "શું ફરક પડયો હોત એ જ વાત પર હવે હું આવું છું. યુદ્ધ લડયા વિના પાંડવો જો હિમાલય ચાલી ગયા હોત તો, તેમના મનમાં તેમના ત્યાગનું અભિમાન થાત કે 'જુઓ! અમે કૌરવો ઉપર કેવો ઉપકાર કરી મહાન ત્યાગ કરી દીધો.' યુદ્ધના અંતે આવા અભિમાનનું કારણ ન રહ્યું. આંબા પર મોર બેસે છે પછી તેની પર કેટલીયે પ્રક્રિયાને અંતે સ્વાદિષ્ટ કેરી આવે છે પણ આ પ્રક્રિયા થતાં પહેલાં જ જો કોઈ સ્વાદ લેવા જાય છે તો તેના દાંત ખાટા બની જાય છે. મારા સદ્ગત પિતા સંબંધની મારી માતાની એક વાત મને બહુ યાદ રહી ગઈ છે. સંસારથી અલિપ્ત રહી યૌવન અવસ્થામાં મારા પિતાએ સંન્યાસ ધારણ કરેલો અને આશ્રમમાં જે જે માનવી આવે તેને ઉપદેશ આપી કહેતાં કે 'આ સંસાર સળગતા અગ્નિ જેવો છે'–'સંસાર અસાર છે'–'સંસાર દુઃખમય છે.' આ રીતે ઉપદેશ આપતાં સંસારીજનો પ્રત્યે તે ઉપેક્ષાભાવ

સેવતાં અને ઉપકારભાવ દાખવતા. ધર્મ અને મોક્ષ જો સાધ્ય છે, તો અર્થ અને કામ પણ તેના સાધન રૂપ બની શકે છે. મારા સંન્યાસી પિતાના ગુરુએ મારા પિતાની આવી વર્તણુંક માટે ત્રણ વરસ માટે ગૃહસ્થાશ્રમ ભોગવવાની તેને આજ્ઞા કરી. અનાસક્ત રીતે સંસારમાં રહેનાર સાધક તો યોગી કરતાં પણ મહાન છે. યોગી પ્રલોભનનાં સાધનોથી જ દૂર રહે છે, ત્યારે સંસારીને તો પ્રલોભનનાં સાધનોની વચ્ચે રહેવું પડતું હોય છે. મારી માતાની સાથેના દાંપત્ય જીવનના ફળ રૂપે જ્યારે હું જન્મ પામી, ત્યારે મારા પિતાને ખાતરી થઈ કે માણસે સંન્યાસી થવાનું છે તે તો અંદરથી, બહારથી નહિ. સંન્યાસીની વૃત્તિ કેળવવી જોઈએ, માત્ર સંન્યાસીનાં વસ્ત્રો પહેરવાથી કોઈ સંન્યાસી નથી બની શકતું. જેણે સંન્યાસીની વૃત્તિ કેળવી છે તે ગમે તેવા વાતાવરણ વચ્ચે રહે, તોપણ જ્યાં તે હોય ત્યાં તેની સાત્ત્વિકતા પ્રકાશી ઊઠે છે."

એક સ્ત્રીની પાસે એક સાધુ પરાજય સ્વીકારે એ વાત મુનિરાજને ગમતી ન હતી, એટલે દેવદત્તાની દલીલમાંનું તથ્ય સમજવા છતાં મુનિરાજે કહ્યું: "**निमित्ताधीनो जीवः** અર્થાત્ માણસ પર વાતાવરણની અસર થયા વિના નથી રહેતી, એટલે જ સંસાર છોડી સંન્યાસી માટે જંગલમાં કે એવા વાતાવરણમાં રહેવું જરૂરી છે."

દેવદત્તાએ સચોટ જવાબ આપતા કહ્યું: "સંજોગો અને વાતાવરણ માણસ પર અસર કરે છે તે સાચું, પણ તે સામાન્ય માનવી માટે. સંન્યાસની સાચી વૃત્તિવાળો માનવી

જળમાં કમળની માફક સંસારમાં રહેવા છતાં સંસારથી લેપાતો નથી. તમારાં ધર્મશાસ્ત્રો પણ કહે છે. કે સમકિતી જીવને તો સ્વર્ગમાં જેવો આનંદ છે, તેવો જ આનંદ નરકમાં પણ છે. કોઈ ક્ષેત્ર, કોઈ કાળ અગર કોઈ સ્થિતિ દુઃખનું મૂળ કારણ નથી. દુઃખનું મૂળ કારણ તો આસક્તિ છે. પતિ, પત્નીવ્રત લે અને પત્ની, પતિવ્રત ધારણ કરે એનું નામ લગ્ન કહો કે એક પ્રકારની દાંપત્યદીક્ષા કહો, તેમાં ફરક ક્યાં પડે છે? સંન્યાસની દીક્ષા જેમ વંદનાપાત્ર છે, તેમ દાંપત્ય-દીક્ષા પણ જો ઉજ્જ્વળ ગૃહસ્થાશ્રમ હોય તો વંદનાપાત્ર છે."

મુનિરાજે જરા ગંભીર બની જઈ કહ્યું: "ગૃહસ્થાશ્રમનું સૌન્દર્ય અને માધુર્ય સમજાવી તમે મને ધર્મભ્રષ્ટ કરી પતનના માર્ગે તો નથી દોરવી રહ્યાને?"

એટલી જ ગંભીરતાપૂર્વક જવાબ આપતાં દેવદત્તાએ કહ્યું: "તમારી વાતમાં ધર્મ અને પતન શબ્દોનો તમે અત્યંત ખોટી રીતે ઉપયોગ કર્યો છે. જેઓ પડેલા છે, પડી રહ્યા છે અથવા પતનને આરે છે, તેને આધાર આપી બચાવી લેવા અને ઉન્નત કરવા તે સાચો ધર્મ. હું આપને ધર્મભ્રષ્ટ કરી પતનના માર્ગે લઈ જવા નથી ઇચ્છતી. પણ હું તો આપને ધર્મના પંથ પર સ્થિર કરવા ઇચ્છું છું. આપને આપનામાં વિશ્વાસ હોય, ભોગમાં પડવાથી ભોગના ભાર નીચે દબાઈ નહીં જવાય એવો દ્રઢ આત્મવિશ્વાસ હોય તો, આપણે દાંપત્ય જીવનનો અનુભવ લઈએ, એક પત્નીવ્રત અને એક પતિવ્રત ધારણ કરીએ. ગૃહસ્થાશ્રમના માર્ગે ત્યાગ–તપ–સંયમના ધર્મ માટે લાયક બનવા પ્રયત્નો કરીએ,

લાયક બન્યા પછી એ માર્ગે પ્રયાણ કરીએ. ત્યાગ, તપ અને સંયમમાં હું બરાબર માનું છું, પણ કૂદકો મારીને આપની જેમ ત્યાં જવામાં હું નથી માનતી. મને સિદ્ધિ નથી જોઇતી, મને તો મુક્તિ જોઇએ છે અને તે માટે જ તમારો સંગ અને સાથ ઇચ્છું છું."

દેવદત્તાની વાત એક ચિત્તે સાંભળતાં મુનિરાજ શૂન્ય-મનસ્ક બની ગયા. મુનિરાજ કોઇ સામાન્ય માનવી ન હતા. તેઓ રાજગૃહીના રાજવી શ્રેણિકના પુત્ર હતા અને સંસારમાં શકય એટલાં બધાં જ સુખો પ્રાપ્ત થયાં હોવાં છતાં, તેને લાત મારી ત્યાગ–તપ–સંયમના માર્ગે ગયા હતા. ઉજ્જવળ ગૃહસ્થાશ્રમની નર્તકીની દલીલથી તેઓ મુગ્ધ થયા. ભોગો પ્રત્યે ઉપેક્ષા અને ત્યાગ પ્રત્યે અનુરાગના કારણે તેને તેના જીવનમાં કાંઇક ખામી જેવું લાગતું હતું, પણ ભોગો સંબંધમાં તેને કશો અનુભવ ન હતો એટલે માત્ર પ્રયોગ દ્વારા જ આ વાત સિદ્ધ કરી શકાય એવું તેમને લાગ્યું.

છેલ્લા કેટલાક વખતથી જે વાત તેના ચંચળ મનને મૂંઝવી રહી હતી, તેનું અંશતઃ સમાધાન તેને દેવદત્તા સાથેના વાર્તાલાપમાંથી સાંપડયું. તેને એમ લાગ્યું કે ભોગો પ્રત્યે કેવળ ઘૃણા અને નફરત કેળવી ભોગોથી અલિપ્ત રહે-વાના માર્ગમાં, ભવ્યતા નહિ પણ તુચ્છતા છે. જે ભવ્યતા અને પૂર્ણતા ત્યાગમાં રહેલાં છે, તે ભવ્યતા અને પૂર્ણતા ભોગમાં પણ કેમ ન સંભવી શકે! લગ્ન અને ભોગ જીવન એ તુચ્છ અને પામર લોકોની લાચારીનો ઉપાય છે, એમ કહી તેનાથી અલિપ્ત રહેવામાં નર્તિકાની દલીલ પછી તેણે

સાધનાને બદલે અભિમાન જોયું. ભોગ અને યોગ એક બીજાના વિરોધી નથી પણ પૂરક છે અને તે બંને વચ્ચે સમન્વયતા સાધી શકાય કે કેમ? તેની ખાતરી કરવા દેવદત્તા સાથે દાંપત્ય જીવન જીવવાની વાત માન્ય રાખતાં કહ્યું: "દેવદત્તા! તમારી વાત તો મને મંજૂર છે, પણ એક શરતે. ભોગ અને યોગ એ એક જ સિક્કાનાં બે પાસાં જેવાં હોવાં છતાં ત્યાગના માર્ગે જે શાંતિ અને આનંદ મળે છે, તેવા જ શાંતિ અને આનંદ ભોગના માર્ગે પણ મળી શકે એ વાતમાં મને શંકા છે, એટલે જે દિવસે..........."

અધવચ્ચેથી મુનિરાજને બોલતા અટકાવી, તેમને શું કહેવું છે તે જાણે એ સમજી જ ગઈ હોય એમ દેવદત્તા બોલી: "આપણા બંનેની શંકા ભિન્ન ભિન્ન પ્રકારની હોવા છતાં તેની ભૂમિકા લગભગ એક સમાન છે, અને તેના નીચોડ માટે જ આપણે ગૃહસ્થાશ્રમનો પ્રયોગ કરવાનો છે. પ્રત્યેક જીવન એક પ્રકારની પ્રયોગશાળા જેવું છે. આ પ્રયોગના પરિણામે તમારી શંકા મુજબ શાંતિ અને આનંદનો અનુભવ થાય, અગર મારી માન્યતા મુજબ ભોગ અને યોગ આપણા માટે ભિન્ન ભિન્ન વૃત્તિ ન રહેતાં એક રૂપ થઈ જાય, તો જેટલી સહેલાઇથી સાપ પોતાની કાંચળી ફેંકી દે છે, તેટલી જ સહેલાઇથી આપણે તપ–ત્યાગ–સંયમના માર્ગે જઈ શકશું. પરંતુ એ પરિસ્થિતિમાં જ્યારે આપણે સાધુ ધર્મ અંગીકાર કરશું, ત્યારે એ મોહ અગર દુ:ખના કારણે ઉત્પન્ન થયેલ શુષ્ક વૈરાગ્યના ફળ રૂપે નહિ હોય, પણ નક્કર અનુભવના અંતે પ્રાપ્ત થતાં ફળરૂપે હશે. ફૂલમાંથી ફળનું આવવું જેટલું સ્વાભાવિક અને કુદરતી છે, તેટલું જ

સ્વાભાવિક અને કુદરતી ભોગમાંથી યોગ પ્રાપ્ત થવાનું હોવું જોઈએ, એમાં મને શંકા નથી. આમ છતાં પ્રયોગને અંત આપણા માટે શંકાનું કશું કારણ રહેશે નહીં. આપણા દાંપત્ય જીવનમાં ભોગને અવકાશ હોવા છતાં, દાંપત્ય જીવનનું મુખ્ય ધ્યેય તો યોગ સાધવાનું છે, એટલે અંતે પરિણામ તો નિશ્ચિત છે. ભોગના માર્ગે યોગની સિદ્ધિ એક અદ્ભુત પ્રયોગ પુરવાર થશે એ તો ચોક્કસ છે. ”

પછી તો નંદિષેણ અને દેવદત્તાનો ગૃહસ્થાશ્રમ શરૂ થયો. નંદિષેણ ભારે વિચક્ષણ હતા. એક બાજુથી નર્તકીના પ્રાસાદના એક ભાગને ઉપદેશ ગૃહ બનાવી દરરોજ દશ જણને પ્રતિબોધ પમાડી દીક્ષા માટે તૈયાર કરતા, તો બીજી બાજુ દેવદત્તાની સાથે ચિત્રશાળામાં વિરાજતા હોય ત્યારે બંને પાત્રો યૌવનના માદક નશામાં ચકચૂર થઈ જતાં. અન્યોઅન્યે પોતપોતાના આત્મા અને પ્રાણને એક બીજા સાથે જોડી દીધાં અને બંનેના ચિત્ત તેમજ હૃદય એકાકાર થઈ જતાં દાંપત્ય સુખનું ઉત્તમોત્તમ ફળ પ્રાપ્ત કર્યું. ભિન્ન ભિન્ન શરીર અને આત્માને બદલે બે શરીર અને બે આત્માઓએ એવી તો એકતા પ્રાપ્ત કરી કે, જાણે બે ભિન્ન ભિન્ન દેહમાં એક જ અવિભક્ત આત્મા ન રમી રહ્યો હોય! લોકો એમનું સુખી દાંપત્યજીવન જોઈ બોલી ઊઠતાઃ—ખરેખર! આ દંપતીએ ભોગને યોગમાં પલટચો છે અને યોગનું ભોગમાં રૂપાંતર કર્યું છે. ત્રાજવાના એક પલ્લામાં ભોગ અને બીજા પલ્લામાં યોગને રાખી ત્રાજવાની દાંડી એવી તો સમતોલ રાખી હતી કે કોઈ એક બાજુ જરાએ એ નમતી નહોતી.

આ રીતે બાર વર્ષો વીત્યાં. એક દિવસે નંદિષેણ ઉપદેશ ગૃહમાં નવ જણને પ્રતિબોધ પમાડી દશમાં એક સોનીને દીક્ષાના માર્ગે જવાનું સમજાવતાં કહી રહ્યા હતા કે, "ચંદન-વૃક્ષથી ઊપજેલો અગ્નિ પણ જેમ દઝાડે છે, તેમ ધર્મથી ઊપજેલો ભોગ પણ પ્રાયઃ જીવને અનર્થરૂપ થાય છે." નંદિષેણનો આવો ઉપદેશ સાંભળી પેલા સોનીએ તેમને પૂછ્યું: "ભોગોનું આવું નિંદ્ય સ્વરૂપ હોવા છતાં સાધુ-જીવનનો ત્યાગ કરી ભોગજીવનમાં તમે શા માટે આવ્યા ?" બરોબર એ જ સમયે નંદિષેણને ભોજન અર્થે બોલાવવા દેવદત્તા ત્યાં આવી. પેલા સોનીનો પ્રશ્ન સાંભળીને દેવદત્તાના હૃદયને પ્રથમ તો એક આંચકો લાગ્યો પણ બીજી જ પળે એ સ્થિર બની વિચારવા લાગી કે અમારા ભોગ-જીવનનું સાધ્ય પણ દીક્ષા જ છેને !

નંદિષેણે તો પેલા સોનીને સ્વસ્થતાપૂર્વક જવાબ આપતાં કહ્યું: "બંધુ ! મનના ઉપર કોઈ પદાર્થનો આઘાત થવાથી મન પ્રતિક્રિયા કરે છે અને મનની આ પ્રતિક્રિયા જે રૂપ ધારણ કરે છે, તે રૂપમાં આપણે તે પદાર્થ જોઈ શકીએ છીએ. એક ક્ષુદ્ર જંતુ કાલુ માછલીની છીપમાં પ્રવેશ કરીને તેના શરીરમાં ખંજવાળ ઉત્પન્ન કરે છે, અને તેથી કરીને માછલીના શરીરમાંથી એક પ્રકારનો ચળકતો ચીકણો રસ ઝરીને તે જંતુની આસપાસ લપેટાય છે. આના પરિ-ણામે બંધાયેલા આકારને આપણે મોતી કહીએ છીએ. આ રીતે, સમસ્ત બ્રહ્માંડ પણ આપણે પોતે આસપાસ પાથરેલી આપણી જ વૃત્તિઓની સમષ્ટિ છે–આપણી પોતાની કૃતિ છે. આ બાબતના પ્રત્યક્ષ અનુભવ અર્થે યોગાશ્રમમાંથી ભોગા-શ્રમમાં આવવું પડ્યું."

સોનીએ કહ્યું: "સંસારીમાંથી સાધુ થયાના અનેક દાખલાઓ છે, પણ આપે તો સાધુમાંથી સંસારી થયાનો પ્રયોગ કર્યો. આ પ્રયોગના અંતે આપે શું પ્રાપ્ત કર્યું? ભોગના માર્ગે પણ જો મુક્તિ મળતી હોય તો યોગના માર્ગે જવાની જરૂર શી? હું અને મારી પત્ની પણ તમારી સાથે રહીએ અને તમારા માર્ગે જ મુકિત પ્રાપ્ત કરીએ. ફૂલ ઉપર ચાલીને મુકિતએ જવાનો માર્ગ છોડી કાંટાવાળા રસ્તે શા માટે જવું?"

સોનીની વાત સાંભળી નંદિષેણુ મુક્ત મને હસી પડયા અને કહ્યું: "મહાનુભાવ! તમે સરસ પ્રશ્ન પૂછયો છે. બંને પ્રકારના જીવન અનુભવના અંતે મને જે સત્ય પ્રાપ્ત થયું તે આ છે: માનવ જેટલી શાંતિ અને ચિત્ત પ્રસન્નતા ત્યાગી જીવનમાં યોગમાર્ગે પ્રાપ્ત કરી શકે છે, તેટલી જ શાંતિ અને પ્રસન્નતા ગૃહસ્થાશ્રમમાં પણ અનુભવી શકે છે. **ण कामभोगा समयं उवेंति, ण यावि भोगा विगइं उवेंति** અર્થાત્ કામ-ભોગો સમભાવ અને વિકારનું કારણ નથી, પરંતુ તેમાં જે દ્વેષ કરે છે તેમજ પરિગ્રહ–મૂર્ચ્છાને વશ થાય છે, તે તેમાં મોહ, રાગ અને દ્વેષ કરવાથી વિકાર પામે છે. માત્ર યોગ કે ભોગમાં નહિ, પણ યોગ અને ભોગ બંનેમાં જે સમભાવ સાધી શકે, તટસ્થ રહી શકે તેને કર્મનો લેપ થતો નથી. આમ છતાં ગૃહસ્થાશ્રમને અભાવે સાંસારિક ભોગોની બાબતમાં મને એક વસ્તુ જે નહોતી સમજાતી, તે દાંપત્ય જીવન દ્વારા સમજાઈ ગઈ. માનવ જન્મ પ્રાપ્ત કરી માનવી સંસાર-માંથી જેટલું લે એટલું જ આપે તો એ સામાન્ય માનવી ગણાય, લે એ કરતાં વિશેષ આપે તે ઉત્તમ માણસ ગણાય

પણ પોતાના માટે કાંઈ જ ન રાખતાં સંસારના જીવોના કલ્યાણ અર્થે જે પોતાનું સર્વસ્વ આપી દે છે, એતો શ્રેષ્ઠ કોટિનો માનવ ગણાય. ભોગો, સ્ત્રી કે સંસાર એકાન્તે ખરાબ નથી, પરંતુ આ બધાને માટે માનવો નીતિ, ન્યાય અને ધર્મને ભૂલી અનીતિ, અન્યાય અને અધર્મનું આચરણ કરે છે, એ વસ્તુ અત્યંત ખરાબ છે અને તેથી જ પાપનું બંધન થાય છે. તેથી પાપ મુક્ત રહેવા માટે શ્રમણ ધર્મ અંગીકાર કરવો એ સૌથી ઉત્તમ માર્ગ છે."


નંદિષેણે પછી દેવદત્તાની સામે દૃષ્ટિ રાખી સોનીને કહ્યું: "હવે તો અમારા પ્રયોગની સિદ્ધિ થઈ છે. ભોગોને માનવ એવી રીતે ભોગવે કે તેમાં તે બંધાય નહિ. આ વસ્તુ મને અશકય લાગતી, દેવદત્તાને શકય લાગતી. પરંતુ આ બાબતનો અમારા બંનેમાંથી કોઈને અનુભવ ન હતો. એટલે આ વસ્તુની સત્યતા–અસત્યતા, અનુભવ દ્વારા સમજવા દેવદત્તા અને મેં બંનેએ ગૃહસ્થાશ્રમ શરૂ કર્યો. દેવદત્તાની દલીલશક્તિએ મારા પર ભારે અસર કરી હતી અને મને કહેતા હર્ષ થાય છે કે દેવદત્તાની વાત સાચી પુરવાર થઇ અને હું ખોટો હતો. હવે ભોજન વિધિ પતાવી હું અને થોડા વધુ કલાક માટેની મારી પત્ની દેવદત્તા, પાછા આજે જ ત્યાગધર્મના સ્વીકાર અર્થે જવાના છીએ."

ચિત્તને જરા પણ ક્ષોભની અસર ન થવા દેતાં દેવદત્તા મુક્ત મને હસી અને બોલી: "ભાઈ! તેમણે આજે દસામાંથી નવ જણને દીક્ષા માટે તૈયાર કર્યાં છે, હવે તમે પણ અમારી સાથે જોડાઇ જાઓ તો આજે ભગવાન મહાવીરના

શ્રમણસંઘમાં અગિયાર સાધુઓ અને એક સાધ્વીની સંખ્યા વધશે."

નંદીષેણ અને દેવદત્તાની સાથે પેલા સોનીએ પણ તે જ દિવસે સંયમધર્મનો સ્વીકાર કરી દીક્ષા લીધી. દીક્ષાના વરઘોડાની કે તે માટેની લાંબી પહોળી નિમંત્રણ પત્રિકાઓની ત્યાં જરૂર ન હતી, કારણ કે ઘરના એક ઓરડામાંથી બીજા ઓરડામાં પ્રવેશ કરવાનું જેટલું સ્વાભાવિક અને સરળ હોય, તે મુજબ જ દેવદત્તા અને નંદિષેણનું ભોગજીવનમાંથી યોગજીવનમાં જવાનું સ્વાભાવિક અને સહજ હતું.

આમ નંદિષેણે પ્રથમ યોગમાં સિદ્ધિ અને પછી ભોગમાં સિદ્ધિ મેળવીને યોગ અને ભોગ બંનેનો સમન્વય સાધ્યો અને તેમનું નામ અમર બની ગયું.



# ૫. ધન્ના–શાલિભદ્ર

તે કાળે અને તે સમયે, સોળ જનપદોમાં મગધ સર્વોપરી હતું. શૌર્યમાં, સંપત્તિમાં, સંસ્કારમાં મગધની સાથે સ્પર્ધા કરવાની બીજા કોઇ જનપદની હિમ્મત નહોતી ચાલતી. સોળ જનપદના રાજકારણમાં તેમજ અર્થનીતિમાં પણ મગધનું જ વર્ચસ્વ વર્તતું. મગધના મહારાજા શ્રેણિક જેટલા યુદ્ધકુશળ અને સાવધ હતા તેટલા જ તે સરળ અને શ્રદ્ધાળુ હતા. તે કાળના બે સમર્થ ધર્મ-પ્રચારકો વખતોવખત આ મગધની ભૂમિને પોતાની પદરેણુથી તીર્થરૂપ બનાવતા.

મગધની રાજધાની રાજગૃહીમાં ઐશ્વર્ય અને સંપત્તિની છોળો ઊછળતી. ધન–ધાન્યથી સમૃદ્ધ દેશ તો આ હતો જ: સાહસિક વેપારીઓ દૂર દૂરના દેશોમાંથી અઢળક ધન ખેંચી લાવી આ રાજગૃહીમાં ઠલવતા. શહેરની વચ્ચે આવેલા મંદિરને કોઇ અસંખ્ય દીપમાળાથી શણગારે તેમ શ્રેષ્ઠીઓ આ વિશાળ રાજગૃહીને ભોગોપભોગના વિવિધ ઐશ્વર્યથી ઝાકઝમાળ રાખતા. કોટીધ્વજો આ રાજગૃહીમાં અગણ્ય ગણાતા.

આવા લક્ષાધિપતિ અને કોટ્યધિપતિઓના મુકુટમણિ જેવા બે શ્રીમંતો આ શહેરમાં રહેતા. એક ધન્નો અને બીજા શાલિભદ્ર. સગપણમાં બન્ને બનેવી–સાળાનો સંબંધ ધરાવતા. બન્ને અખૂટ ઐશ્વર્યશાળી ગણાતા. મોટા મહારાજા કે ચમરબંધીને પણ ઈર્ષા આવે એટલી સમૃદ્ધિ આ બન્ને શ્રેષ્ઠીઓ પાસે હતી. આજે પણ બેસતા વર્ષે શારદાપૂજન કરતાં વેપારીના ચોપડામાં "શેઠ ધન્ના–શાલિભદ્રની ઋદ્ધિ હોજો" એમ લખાય છે. ઋદ્ધિ–સમૃદ્ધિના એ બે સર્વોચ્ચ શિખરો હતા.

ધન્ના શેઠ મૂળ તો પૈઠણના. ચાર ભાઈઓમાં સૌથી નાના. ધન્નામાં નાનપણથી જ બુદ્ધિનું તેજ ચમકતું. ભાઇઓ એની ઘણીવાર અદેખાઈ કરતા. પણ ધન્નાને મન એનો હિસાબ નહોતો. માતાપિતાના તેમજ મોટા ભાઇઓના કામકાજ એ દોડીદોડીને કરતો. એ રીતે માબાપને જો કે એ પ્રિય બન્યો પણ મોટા ભાઇઓને ધન્નામાં કંઈ વધુ દૈવત દેખાતું જ નહોતું. ધન્નાનાં વખાણ સાંભળતા, કાનમાં કોઈ ઊનું તેલ રેડતું હોય એમ જ એમને લાગતું. કોઈ કોઈ વાર આ ભાઈઓ માબાપની સાથે ધન્નાની ખાતર લડી પડતાં કહેતા કે: "વારે ઘડીએ ધન્નાની પ્રશંસા કરો છો તે ધન્નામાં એવી કઇ મોટી તેવડ બળી છે?"

મોટા ભાઇઓ ઈર્ષાથી બળે છે એમ જોઇને મા–બાપ મૌન રહેતાં. ધન્નો જાણતો કે મોટા ભાઈ પોતાના તરફ સન્માન કે સ્નેહ નથી ધરાવતા, પણ તેથી તેને બહુ માઠું નહોતું લાગતું. એક ઘરમાં–એક કુટુંબમાં જન્મ્યા એટલે

સૌનો સ્નેહ સદ્ભાવ મળવો જ જોઇએ એવો નિયમ નથી, એમ માની સંતોષ ધરતો.

ધન્નો કોઈ કોઈ વાર એવા ધંધા કરી બેસતો કે માબાપને અને ભાઇઓને પણ ઘણી વાર એવો પ્રશ્ન ઉદ્ભવતો કે સાચેસાચ ધન્નો બુદ્ધિશાળી હશે કે માત્ર ભાગ્યનું પૂતળું હશે ? ધન્નો જાણી જોઇને ઉઘાડી આંખે અવળા પાસા નાંખતો તે પણ સવળા થઈ જતા. એમાં એની ભાગ્યદેવીનો કૃપાપ્રસાદ હશે કે ધન્નાની દીર્ઘદૃષ્ટિ હશે તે જ કોઇને નહોતું સમજાતું.

એક દિવસે પિતાએ ચારે ભાઇઓને ભેગા કરી, દરેકને બત્રીસ–બત્રીસ સોનૈયા ગણી આપ્યા અને કહ્યું કે: “ જેનામાં જેટલું બુદ્ધિકૌશલ્ય હોય તેટલું અજમાવી જુઓ.”

ત્રણ ભાઇઓએ હોશિયાર વ્યાપારીની સનાતન શૈલીએ, બજારમાં જઇને જુદા જુદા માલના સોદા કર્યા પણ લાભ તો ઘેર ગયો, મૂળગાં ખોઇને ખિન્ન મને ઘરે આવ્યા.

ધન્નો બત્રીસ સોનૈયા લઇને બજારમાં ગયો. પણ એના મનમાં કોણ જાણે એવો તર્ક આવ્યો કે કોઈ વાણિયાના દીકરાને ન શોભે. એણે જઇને એક ઋષ્ટપુષ્ટ બળવાન ઘેટો ખરીદ્યો. તાકડે બન્યું એવું કે એ જ વખતે થોડીવાર પછી રાજકુમાર એ રસ્તે નીકળ્યો. એણે ધન્નાના ઘેટાને દમામદાર ગતિએ જતો નિહાળ્યો. એને મનમાં થયું: “ મેં જે ઘેટો પાળ્યો છે તેને આ ઘેટા સાથે લડાવ્યો હોય તો ?”

રાજકુમારે ધન્નાને બોલાવીને પૂછ્યું: ‘આ ઘેટો મારા ઘેટા સાથે લડાવવો છે?’’ કુમારના ઘેટાને દોરી આવતો નોકર થોડે દૂર ઊભો હતો તે તરફ ધન્નાએ એક વાર ધારીને જોઈ લીધું. કુમારનો ઘેટો પણ ધન્નાને બરાબરીનો જ લાગ્યો. તેણે કહ્યું: “ખુશીથી. આપની મરજી હોય તો લડાવી જુઓ.”

ધન્ના શેઠના અને રાજકુમારના ઘેટાને પરસ્પરમાં લડાવવાનો, અને જે હારે તે હજાર સોનૈયા સામાવાળાને આપે એવો નિર્ણય થયો.

ધન્ના શેઠે ખરીદેલો ઘેટો બળવાન હશે કે ધન્ના શેઠનું પોતાનું ભાગ્ય બળવાન હશે તે તો કોણ જાણે: પણ ધન્નો જીત્યો. મોટા ભાઇઓ જે બજારમાંથી વીલે મોઢે ઘરે પાછા ફર્યા હતા તે જ બજારમાંથી ઘેટો ખરીદનાર ધન્નો વિજેતા વીર તરીકે ઘરે આવ્યો. માબાપે અને ભોજાઇઓએ એને વધાવ્યો.

એવી જ રીતે બીજી વાર એવો અકસ્માત્ થયો કે ધન્ના શેઠે સ્મશાનમાં રહેતા એક ચાંડાલ પાસેથી જૂનો ખાટલો ખરીદ્યો. ખાટલામાં કંઈ માલ નહોતો. પણ ધન્ના શેઠે ઘરમાં આવી ઈસ-ઉપળાં જુદાં પાડ્યાં એ જ વખતે કોઈ કૃપણે સંઘરેલાં મૂલ્યવાન રત્નો બહાર નીકળી પડ્યાં.

એને ભાગ્યદેવીની લીલા સિવાય બીજું શું કહેવાય? જાણે કે ધન્ના શેઠની પાસે સૌભાગ્ય બે હાથ જોડી ઊભું રહેતું. કોઇ ચક્રવર્તીના પગલે પગલે વિજયના પડઘા

ગાજી ઊઠે તેમ ધન્ના શેઠને ધરતીની ધૂળમાંથી પણ સુવર્ણ મળી જતું.

એટલું છતાં ધન્ના શેઠને એક દુર્ભાગ્ય કનડતું. મોટા ભાઇઓ એનું તેજ સહન કરી શકતા નહિ. નાના ઘરમાં નાની નાની ખટપટો અને ઇર્ષા–અસૂયાને લીધે ધન્ના શેઠ કોઈ વાર બેચેન બની જતા.

એક દિવસે ધન્નાભાઇ કોઇને કહ્યા વિના ઘરમાંથી છાનામાના ચાલી નીકળ્યા. ધન્નો સ્વભાવે દીન–દુર્બળ હોત, માત્ર ભાગ્ય ઉપર જ આધાર રાખતો હોત તો ઘરની શીળી છાયા તજીને વનવગડાનાં કષ્ટો ખમવાં આવું સાહસ ન ખેડત. પુરુષાર્થે ને પ્રારબ્ધે જ ધન્નાને ઘડવાનો નિર્ણય કરી રાખ્યો હશે.

રખડતો–રઝળતો ધન્નો ઉજ્જૈની પહોંચ્યો અહીં એણે ચંડપ્રદ્યોત રાજાની કૃપા સંપાદન કરી. કેટલાક વૃક્ષ–રોપા એવા હોય છે કે જેને મૂળ સ્થાનેથી ખસેડીને બીજી જગ્યાએ રોપ્યા હોય તો ખૂબ જોર કરે–ધન્નાભાઇને પણ ઉજ્જૈનીમાં એવું જ બન્યું. મહારાજાની મહેરબાની એટલી બધી એણે મેળવી કે પૈઠણને એ ભૂલી ગયો. માબાપ અને ભાઇઓ યાદ આવતા, પણ એમને અહીં સુધી બોલાવવાની અને જૂની ઘર–ખટપટને નવું સ્વરૂપ આપવાની એ હિમ્મત કરી શકતો નહિ.

થોડા દિવસ પછી એને ઉજ્જૈની પણ શુષ્ક લાગવા માંડી. એનો એ વૈભવ, ચંડપ્રદ્યોતના રોજના એક જ પ્રકારના

તોફાનો અને એના દરબારીઓની એની એ જ ચાટુતા જોઇને કંટાળ્યો. જીવ્યા કરતાં જોયું ભલું એમ માની, સર્પ જેમ કાંચળીનો ત્યાગ કરે તેમ ઉજ્જૈનીને તીલાંજલી આપી, એ વખતની શ્રેષ્ઠ ગણાતી રાજનગરી-રાજગૃહી તરફ ચાલી નીકળ્યો.

રાજગૃહીમાં ધન્ના શેઠનું સ્વાગત કરનાર કોઈ નહોતું. પહેરેલા વસ્ત્રે જ એ ચાલી નીકળ્યો હતો. એણે આવતાંની સાથે જ રાજગૃહી જેવી રંગીલી નગરી ઉપર ગાઢ ગ્લાનિની છાયા ફરી વળેલી જોઈ. વ્યવહારો તો રોજની જેમ ચાલતા હતા, પણ નગરીના પ્રાણ કોઇએ હરી લીધા હોય તેમ નાગરિકોના આલાપ તેમજ વહેવારમાં નર્યું ઔદાસીન્ય તરી આવતું દેખાતું હતું.

ધન્ના શેઠે અહીં આવ્યા પછી સાંભળ્યું કે મહારાજા બિંબિસારના વહાલા પુત્ર અભયકુમારનું ઉજ્જૈનીના ચંડપ્રદ્યોતે બળથી નહિ, છળથી હરણ કર્યું છે, તેથી સમસ્ત શહેર ગમગીનીમાં ડૂબી ગયું છે. અભયકુમાર માત્ર રાજકુંવર હતો એટલા સારુ એના અપહરણથી શહેરીઓ દુઃખ પામ્યા હતા એમ નહિ પણ અભયકુમારના જવાથી રાજગૃહીની બુદ્ધિ અને શક્તિ કોઇ ભરખી ગયું હોય એવી જ છાપ સૌ કોઇના દિલ ઉપર પડી હતી. રાજપ્રકરણી તેમજ દૈનિક સમસ્યા ઉકેલનારું મગજ રાજગૃહીમાં બીજું નહોતું.

ધન્નો રાજગૃહીમાં આવ્યો તે દિવસો દરમ્યાન મહારાજા બિંબિસારનો માનીતો હાથી ગાંડો થઈને-હાથીશાળાનાં

બંધનો તોડીને ભારે ત્રાસ વર્ત્તાવી રહ્યો હતો. અભયકુમાર જો ચંડપ્રદ્યોતના હાથમાં બંદીવાન ન બન્યો હોત તો કોઈ-પણ ઉપાયે આ હાથીને પાછો અંકુશમાં આણી શકત. માવ-તોએ અને બીજાઓએ પ્રયત્નો તો ઘણા કર્યા, પણ એમાં નિષ્ફળતા જ મળી.

ધન્ના શેઠે એ હાથીને વશ કરવાનું બીડું ઝડપ્યું. નિર્ભય-પણે હાથીની બરાબર સામે જઈને કંઈક એવું જાદુ કર્યું કે મંત્રશક્તિના પ્રતાપે હો અથવા તો ધન્ના શેઠના રોમે રોમમાં-ખાસ કરીને એના કરુણાભીનાં નયનોમાં જે ક્ષમતા તરવરતી હતી તેને લીધે હો: પણ ધન્નાને જોતાં જ હાથીનો ઉન્માદ ઓગળી ગયો. પાળેલા મૃગની જેમ જ ધન્નાની પાછળ હાથીશાળામાં દાખલ થઈ ગયો.

ધન્ના શેઠ ઉપર મહારાજાના અને હજારો નાગરિકોનાં સ્તુતિપુષ્પ વરસી રહ્યાં. મહારાજાને ધન્ના શેઠ માત્ર શ્રેષ્ઠ જ નહિ, પણ ભારે કળાવાન તેમજ પુરુષાર્થી અતિથિ હોય એમ લાગ્યું.

થોડા દિવસ પહેલાં રાજગૃહીમાં જેને કોઈ ઓળખતું નહોતું-જેને માથું મૂકવાનું પણ સ્થાન નહોતું તે મહા-રાજાનો પોતાનો માનીતો સલાહકાર બન્યો. મહારાજાએ એને ધનથી નવાજ્યો-પણ તે ઉપરાંત એને પોતાની કન્યા આપી કાયમને માટે પોતાનો આત્મીય બનાવ્યો.

બરાબર એવે ટાણે બે વેપારીઓ વચ્ચે એક મોટો વિવાદ ઊભો થયો. એક કહે કે: "મારી એક આંખ ગોભદ્ર શેઠે

થાપણે રાખી છે તે મને પાછી મળી જવી જોઈએ. હું એમનું કરજ ચૂકવવા તૈયાર છું. ગોભદ્ર શેઠ જો મારી આંખ પાછી ન આપી શકે તો એ બદલ રાજ્યે મને નુકસાની અપાવવી જોઈએ. ”

બીજા–એટલે કે ગોભદ્ર શેઠ કહે કેઃ “ આ આખી વાત બનાવટી છે. આ કાણો વેપારી એ રીતે મને હેરાન કરીને છળવા જ માગે છે. ”

મહારાજા બિંબિસાર આ વિવાદનો ન્યાય કરવા માગતા હતા, પણ બેમાંથી કોણ સાચું છે તે એમનાથી સમજાતું નહોતું. અભયકુમારની ગેરહાજરી એમને ખટકતી હતી. એમણે આ કિસ્સો ધન્ના શેઠને સોંપ્યો.

ધન્ના શેઠે એનો જે નિર્ણય આપ્યો તે સાંભળીને રાજગૃહીના વેપારીઓ–મહાજનો તો મોંમાં આંગળી જ નાખી ગયા. મહારાજા પોતે પણ આશ્ચર્યચકિત થયા. ધન્ના શેઠે ભરસભામાં, પેલા એક આંખવાળા વેપારીને ઉદ્દેશીને કહ્યું કેઃ

“ તમારી વાત ખરી છે. તમારી આંખ ગોભદ્ર શેઠની ત્યાં હોવી જ જોઇએ. તમે ખોટું ન બોલો અને તમે જ્યારે એમનું લેણું ચૂકવવા તૈયાર થયા છો ત્યારે તમને તમ.રી આંખ પાછી મળી જવી જોઈએ એ નિર્વિવાદ વાત છે. ”

આટલી વાત સાંભળતા ઠગ વેપારી ખૂબ આનંદમાં આવી ગયો. ગોભદ્ર શેઠને નિચોવવાની એણે જે યુક્તિ રચી હતી તે હવે સંપૂર્ણ સફળ થાય એવી આશા બંધાઇ.

ગોભદ્ર શેઠ આંખ તો આપી શકવાના નથી એવી આ ઠગને પૂરી ખાતરી હતી, કારણ કે એણે એ આંખ રોગમાં જ ગુમાવી હતી.

"હવે તમારી અસલ આંખ તમને મળે એટલા માટે સૌથી સારો માર્ગ તો મને એ જ લાગે છે કે, તમારે એક આંખ જે અત્યારે તમારી પાસે છે તે અમને કાઢી આપવી. એટલે બરાબર એ નમૂનાની બીજી આંખ ગોભદ્ર શેઠની પેટીમાં હોય તે શોધી તમને પાછી વાળી દેવાય." ધન્ના શેઠે ઠગ વેપારી સામે તિરછી નજરે જોયું તો એના મોં ઉપરનું નૂર ઊડી જતું જણાયું. બે ઘડી પહેલાનો એનો હર્ષ, વિષાદમાં પલટાતો દેખાયો. એટલે ધન્ના શેઠે પોતાની વાતમાં જરા વધુ મોણ નાખવા માંડયું: "એટલી વાત તો ચોક્કસ છે કે ગોભદ્ર શેઠે જ્યારે તમારી એક આંખ ગીરો રાખી છે ત્યારે એમનો એ એક ધંધો જ હોવો જોઈએ. એ રીતે સંભવ છે કે એમની પાસે બીજી ઘણી આંખો એકત્ર થયેલી હશે. એમાંથી તમારી પોતાની આંખ કઈ એ શોધી કાઢવું મુશ્કેલ પડે. પણ જો તમારી બીજી આંખનો નમૂનો હોય તો મુશ્કેલી ન નડે. વળી તમને તો આંખ કાઢી આપવાનો જૂનો અભ્યાસ હશે, એટલે તમારા માટે પણ એ સહજ વાત છે."

બીજી સારી આંખ પણ ગુમાવવી પડશે એવી ખાતરી થતાં આ ઠગ વેપારીનાં મોતિયાં મરી ગયાં. એ ભર સભામાંથી ઊઠીને નાસવા જતો હતો, પણ એવો લાગ ન મળ્યો. બીજે દિવસે એણે રાજદરબારમાં આવવાનું કહ્યું. ધન્ના શેઠ

પહેલેથી જ એની ઠગબાજી જાણતા હોવાથી એમણે એ વાત અમાન્ય કરી. આખરે જે ઠગ લાખ-દોઢ લાખ સોનૈયા પડાવી લેવાની આશાથી આવ્યો હતો તેની પાસેથી ભારે રકમનો દંડ મેળવી છૂટો કર્યો.

ધન્ના શેઠની ન્યાયનિપુણતાની આ વાત જોતજોતામાં રાજગૃહીના સમસ્ત સ્ત્રી-પુરુષોમાં ફેલાઇ ગઇ. અભયકુમારને પણ બુદ્ધિકુશળતામાં આંટી દે એવો એક યુવાન શ્રેષ્ઠીકુમાર પોતાના શહેરમાં આવી ચડ્યો છે એમ જાણી નાગરિક માત્રનાં હૈયાં પ્રફુલ્લિત બન્યાં. ગોભદ્ર શેઠે પણ પોતાની પુત્રી ધન્નાને પરણાવી, એક જુદો જ મહેલ ધન્ના શેઠને સારૂ બંધાવી દીધો. એટલામાં ધન્ના શેઠના માતાપિતા અને ભાઇઓ પણ અહીં આવી પહોંચ્યા.

ધન્નો જન્મથી જેવો દીન-કંગાળ હતો તેટલો જ આજે વૈભવશાલી છે, ઐશ્વર્ય જાણે કે આજે એના આંગણામાં આળોટે છે. રાજગૃહીનો એ મુકુટવિહોણો મહારાજા છે-મહારાજા કરતાંયે વિશેષ છે. એણે પ્રજાના અંતરમાં પોતાનું સિંહાસન સ્થાપ્યું છે. માત્ર બંદીજનો જેની સ્તુતિ કરતા હોય એવો એ રાજાધિરાજ નથી. આખી નગરી જેની યશગાથા ગાતાં ન થાકે એવી ખ્યાતિ એણે થોડા સમયમાં જ સંપાદન કરી છે. એક એકથી ચડે એવી સુભદ્રાદિ સહધર્મિણીઓ ધન્નાનાં સુખ-દુઃખની ભાગીદાર છે. ધન્ના શેઠ એક રીતે પૃથ્વી પર વસવા છતાં સ્વર્ગનું સુખ માણી રહ્યા છે.

પણ એટલામાં જ ધન્ના શેઠનો પૂરો પરિચય નથી સમાઇ જતો. ધન્ના શેઠ કંચન અને કામિનીના ચમકાર કેટલા ક્ષણજીવી હોય છે તે જાણે છે. ભાગ્યની લીલા, માનવીને કેવા ભુલાવામાં નાખીને અટ્ટહાસ કરતી આઘે જઇને ઊભી રહે છે તે સમજે છે. જ્યારે તે પોતાના ભૂતકાળ અને વર્તમાનકાળની તુલના કરે છે અને તેની સાથે ભાવિને સરખાવે છે ત્યારે વિષાદની નાની વાદળી ધન્ના શેઠના અંતર ઉપર છવાઈ જાય છે. એકાંત મળતા પોતાના આત્મા સાથે ગોષ્ઠી કરતા હોય તેમ ધન્ના શેઠ પોતે જ પોતાને પૂછે છેઃ "આમાં મારું પોતાનું શું છે?"

ઋદ્ધિ અને સમૃદ્ધિથી ભરેલા મહેલમાં ધન્ના શેઠને પોતાની અંદર ઘણી વાર ઘોર શૂન્યતા–રિક્તતા વ્યાપેલી દેખાય છે. આત્માનો ભંડાર જાણે કે સૂનો પડયો છે. જે ત્યાગ–વિરાગને દેવો પણ અભિનંદે છે તે ત્યાગ કે તપની નાની–નજીવી મૂડી પણ ત્યાં જમા થવા નથી પામી. આ કોઇને કહી ન શકાય એવી શૂન્યતા જોઈને ધન્ના શેઠ ઘણીવાર ગમગીન બની જાય છે.

સુભદ્રા કે જે ધન્ના શેઠની સૌથી વધુ માનીતી, કુશળ અને શ્રદ્ધાસંપન્ન સ્ત્રી છે તે ધન્ના શેઠની ઉદાસીનતા સમજે છે. પણ તે એનું ખરું નિદાન કરી શકતી નથી. એને એમજ લાગે છે કે ભોગોપભોગની અતિશયતા અને તૃપ્તિમાંથી આવી વિરક્તિ જનમે એ સ્વાભાવિક છે. સુભદ્રા પોતે વૈભવમાં ઉછરી છે તેમજ એ વૈભવ વિફરે છે ત્યારે કેવી થપાટ લાગે છે તે પણ અનુભવ્યું છે. વૈભવ અને ઐશ્વર્યનો પણ

માનવીને થાક લાગે છે. ધન્ના શેઠને એવો થાક લાગ્યો હશે એમ સમજી સુભદ્રા શાંત રહેતી.

એટલામાં ધર્મઘોષસૂરિના પુનિત પગલાં રાજગૃહીના ઉદ્યાનમાં થયાં. ધન્ના શેઠ જે અંતર્વ્યથા છેલ્લા કેટલાક મહિનાઓ થયા વેદતા હતા તેનો ઉપાય મળી ગયો. તપ, સંયમ અને ઉપશમ એ જ માનવજીવનની ખરી સમૃદ્ધિ છે અને જેણે એ સૂક્ષ્મ સમૃદ્ધિ નથી ઉપાર્જી તે ભલે કુબેર ભંડારી કરતા સવાયો હોય તોપણ એ દીન અને કંગાળ જ રહેવાનો. સૂરિજીના થોડા દિવસના એ પ્રકારના ઉપદેશે ધન્ના શેઠને નિર્મળ જીવનદૃષ્ટિ આપી.

તે દિવસથી ધન્ના શેઠ, પ્રથમની જેમ જ સૌની સાથે હળે-મળે છે, આનંદ-પ્રમોદમાં તેમજ સંસારની બીજી ઘણી ઘણી ગડમથલોમાં ભાગ લે છે. પણ એમાં એમને રસ નથી રહ્યો. કવચિત એમનામાં વિરાગ અને ઔદાસીન્યના તણખા ઊડતા સુભદ્રા દેવી અનુભવે છે. દિવસો વીતશે તેમ આ સ્મશાનવિરાગ પણ વિદાય લેશે એવી આશામાં કાળ નિર્ગમે છે

* * *

ગોભદ્ર શેઠનો વૈભવ એ રાજગૃહી નગરીનું બીજું ઉન્નત શિખર. આજે શેઠ પોતે જો કે દેવલોક પામ્યા છે, પણ દેવલોકમાં રહ્યા થકા પોતાના પુત્ર શાલિભદ્રને રોજે રોજની ભોગોપભોગની પુષ્કળ સામગ્રી મોકલે છે. શાલિભદ્ર માતાના ગર્ભમાં આવ્યો તે વખતે માતાએ શાલિ-ડાંગરનું લચી

પડતું ખેતર નિહાળ્યું હતું. શાલિથી સૂચિત થયો એટલે એનું નામ શાલિભદ્ર પડયું.

શાલિભદ્ર સિવાય ભદ્રા માતાને બીજો પુત્ર નહોતો. પેઢી દર પેઢી વાપરે તોયે ખૂટે નહિ એટલી ધનધાન્યની સામગ્રી આ ઘરમાં હતી. શાલિભદ્રને એક દેવશિશુની જેમ ઉછેરવામાં આવ્યો હતો. દિવસ કયાં ઊગે છે અને કયાં આથમે છે તે જાણવાની શાલિભદ્રને જરૂર નહોતી. સાત માળની હવેલીના છેલ્લા માળ ઉપરથી એને નીચે ઉતરવાની જરૂર પણ ભાગ્યે જ લાગતી. જુદા જુદા સુગંધી પુષ્પોની પાંદડીઓના ઘાટ ઘડી કોઈએ માનવદેહ નીર્મ્યો હોય એવી આ શાલિભદ્રની સુકુમાર કાયા હતી. બત્રીસ–બત્રીસ સ્ત્રીઓ રાતદિવસ એની સેવા ઉઠાવતી.

એક દિવસે આ રાજગૃહીમાં નેપાલના કેટલાક વેપારીઓ આવી ચડયા રાજગૃહી સુખી–વૈભવી ગૃહસ્થોનું ધામ હતું, એટલે વેપારીઓ પણ પોતાની કીમતી વસ્તુઓ–જે બીજે ન ખપે તે ખપાવવા આ નગરીનો આશ્રય શોધતા. નેપાલમાં એ વખતે "રત્નકંબળ" નામથી ઓળખાતું વસ્ત્ર તૈયાર થતું. અગ્નિમાં નાખવાથી તે બળવાને બદલે વધુ શુદ્ધ અને નિર્મલ બનતું. કીમત સવા લાખ સોનૈયાથી જરાયે ઓછી નહિ.

પ્રથમ તો રત્નકંબળનો વેપારી, મહારાજા બિંબિસાર પાસે ગયો. તેણે રત્નકંબળની ઘણી સ્તુતિ કરી, માત્ર રાજમહેલોમાં જ એ પરવડે–બીજાઓનું તો ગજું નહિ એમ કહી ઓછામાં ઓછી એક કંબળ ખરીદવા આગ્રહ કર્યો. મહારાજાને કંબળ ગમી ગઈ, પણ સવા લાખ સોનૈયા વેડફી

નાખવાની એમની હિમ્મત ન ચાલી. એમણે કહ્યું : "વસ્ત્ર કરતાં શસ્ત્રને અમે વધુ પસંદ કરીએ. સારા હાથી, ઘોડા પાછળ લાખો સોનૈયા ખરચ કરીએ તો અમને પસ્તાવો ન થાય. આ કંબળ અમારા કામની નથી; બીજે તપાસ કરો. શ્રેષ્ઠીઓમાંથી કોઈક મળી જશે."

મહારાજા બિંબિસાર પાસે નિરાશ થએલો વેપારી, તપાસ કરતો કરતો શાલિભદ્રની હવેલી પાસે પહોંચ્યો. ભદ્રા માતાએ એને ગોખમાંથી, પોતાની હવેલીમાં પ્રવેશતો જોયો. રાજગૃહીના કોઈ વેપારી સાથે જરા ઉશ્કેરાએલા અવાજે એ વાત કરતો હતો. તેના છેલ્લા શબ્દો ભદ્રા માતાના કાને પડયા. એ કહેતો હતો કે :

"રાજગૃહી શ્રેષ્ઠીઓનું શહેર છે, એમ સાંભળ્યું હતું. પણ અહીં આવ્યા પછી ઘણા ઘણા શેઠીઆઓના આંગણાં ખૂંદી વળ્યો–કોઈએ આ રત્નકંબળની કદર ન કરી–બધા કંજૂસ લાગે છે. જોઉં, હવે આ એક ઘર બાકી છે."

ભદ્રા માતાએ વેપારીને સત્કાર્યો. કંબળ જોઈને પહેલો જ પ્રશ્ન એ પૂછયો કે : "કીમત તો ઠીક, પણ બધી મળીને તમારી પાસે કેટલી કંબળો છે?"

વેપારીએ કહ્યું : "સોળ."

"સોળમાં શું દી વળે? મારે ત્યાં બત્રીસ તો ગૃહવધૂઓ છે. પ્રત્યેકને પૂરી એકેક પણ નહિ આપી શકાય." એટલું કહીને ભદ્રા માતાએ વેપારીની સોળે સોળ કંબળ, પૂરા દામ

ચૂકવીને ખરીદી લીધી. એકેકી કંબળના બે સરખા ભાગ કરી, બત્રીસે વધૂઓને વહેંચી આપી.

રાજદરબારમાં કંબળ વેચવા આવેલો વેપારી, કંબળ આપ્યા વિના પાછો ગયો છે એ સમાચાર જ્યારે બિંબિસાર મહારાજાની પટરાણી ચેલણાએ સાંભળ્યા ત્યારે તેને બહુ દુઃખ થયું. થોડી સુવર્ણમુદ્રાના લોભમાં પડી, મહારાજાએ આવી દુર્લભ વસ્તુ પાછી ઠેલી એ એને ન ગમ્યું. વધારે નહિ તો એક કંબળ લીધી હોત તો ખજાનો કંઈ ખાલી ન થઈ જાત.

મહારાણીએ બિંબિસારને કહેવરાવ્યું કે: "ગમે તેમ કરીને પણ મારા માટે એક રત્નકંબળ લઈ આવજો. નેપાલી વેપારી હજી રાજગૃહીમાં જ હશે. જ્યાં સુધી મને મારી કંબળ નહિ મળે ત્યાં સુધી મારા જીવને નિરાંત નહિ થાય."

બિંબિસાર મહારાજાને ચેલણા ઘણી પ્રિય હતી. સ્વભાવે જરા આગ્રહી હોવાથી રત્નકંબળ મેળવ્યા વિના હઠ નહિ મૂકે એ વાતની કલ્પના તેઓ કરી શકયા. એમણે નેપાલી વેપારીની તપાસ ચલાવી તો તેણે પોતાની પાસેની સોળે સોળ કંબળ ગોભદ્ર શેઠને ત્યાં વેચી નાખેલી હોવાની હકીકત મળી.

મહારાજાએ પોતાના એક ખાસ દૂતને મોકલી ગોભદ્ર શેઠને ત્યાંથી સવાલાખ સોનૈયાની કીમત ભરી દઇ કંબળ લઇ આવવાનું કહેવરાવ્યું.

દૂતે મહારાજાની વતી ભદ્રા માતાને એ સંદેશો પહોંચાડયો ત્યારે ભદ્રા માતા પણ પળવાર સ્તબ્ધ બની ગયાં. એમણે ખિન્ન સ્વરે દૂતને કહ્યું :

"મહારાજાને કહેજો કે કીમતનો અહીં પ્રશ્ન જ નથી—અમારે ત્યાં જે કંઈ હોય તે મહારાજાનું પોતાનું જ ગણાય. ગમે તે વસ્તુ, ગમે ત્યારે માગે તોપણ અમારે એમની સેવામાં હાજર કરી દેવી જ જોઈએ. રત્નકંબળ તો તુચ્છ વસ્તુ છે. પણ ખરી વાત તો એ છે કે સોળ કંબળના બત્રીસ ટૂકડા કરી એક એક ગૃહવધૂને મેં સોંપી દીધા છે અને એ વધૂઓએ પણ સ્નાન કરી, કંબળથી પગ લૂછી, વપરાયેલા ડૂચા તરીકે ખાળમાં કયારનાયે ફેંકી દીધા છે. એ કટકા મહારાજા કે મહારાણીને યોગ્ય ન ગણાય."

કંબળની વાત તો એકકોરે રહી : બિંબિસાર મહારાજા દૂતના મુખેથી આ વાત સાંભળી ભારે આશ્ચર્યમાં પડયા. લાખ–સવા લાખ સોનૈયાના મૂલ્યવાળી વસ્તુ પહેલે કે બીજે જ દિવસે જો ખાળકૂવામાં જઈ પડે તો પછી એમની પાસે કેટલી સમૃદ્ધિ હોવી જોઈએ ? રાજગૃહીના શ્રેષ્ઠીઓ જો આટલા ઋદ્ધિવંત હોય તો એમની સરખામણીમાં મહારાજા તો ગરીબ માણસ ગણાય. સાચેસાચ આ વેપારીઓ ધનૈશ્વર્યવાળા હશે કે આ બધું કંબળ આપવી જ ન પડે એટલા સારુ ગોઠવી કાઢેલું તરકટ હશે ?

બિંબિસાર મહારાજાએ પોતાની ખાતરી માટે જાતે જ ગોભદ્ર શેઠને ત્યાં જવાનો નિર્ણય કર્યો. ભદ્રા દેવીને પણ

પોતાને ત્યાં નગરીના સ્વામી પધારે છે એ જાણી ઘણો આનંદ થયો. એણે મહારાજાના સ્વાગત માટે યોગ્ય તૈયારી કરી વાળી.

એક સો જેટલા પોતાના રાજકુટુંબના સભ્યો, પાંચસો જેટલા અમાત્યો અને શહેરના બીજા અનેક પ્રતિષ્ઠિત નાગરિકો સાથે મગધપતિ બિંબિસાર ભદ્રા માતાને ત્યાં પધાર્યા. ભદ્રા દેવીએ પણ હવેલીને તેમજ રાજમાર્ગને શણગારવામાં કોઇ જાતની મણા નહોતી રાખી. બિંબિસાર ભલે રાજગૃહીના મહારાજા હોય અને એમની આજ્ઞાથી નગરીએ ઘણી વાર શૃંગાર સજ્યા હશે, પણ આજની સજાવટ જોતાં મહારાજાનો ઘણોખરો મદ ઓગળી ગયો. ધનસંપત્તિમાં તેમજ તેનો મુક્ત હસ્તે વ્યય કરવામાં આ નગરના શ્રેષ્ઠીઓ, મગધાધિપને પણ વટાવી જાય એ વિષે એમને મનમાં લેશમાત્ર શંકા ન રહી. રસ્તાની શોભા પૂરી થઈ અને મહારાજાએ ગોભદ્ર શેઠના મહાલયમાં પગ મૂકયો ત્યારે તો પોતે આ વિશ્વથી કોઇ જુદી જ દુનિયામાં આવી ચઢયા હોય એમ લાગ્યું. મહારાજા બે માળ તો હવેલીના ચડી ગયા. વિસ્મયથી અભિભૂત થયેલા બિંબિસારે માન્યું કે આ ત્રીજો માળ, મહેલની શોભા–સૌંદર્ય–સજાવટનું કેન્દ્રસ્થાન હશે. મહેમાનોનાં સત્કાર–સમારંભ અહીં જ થતાં હશે. આવો વિચાર કરી એક સ્થાને બેસવાના આશયથી આસપાસ દૃષ્ટિ દોડાવે છે એટલામાં ભદ્રા માતા પોતે બોલે છે : " મહારાજ ! કૃપા કરીને આગળ ચાલો : આ તો અમારા નોકર–ચાકર માટેનો નક્કી કરેલો ખંડ છે."

ચોથા માળે આવ્યા પછી મહારાજાને જરા શ્રમ પડતો લાગ્યો, ભદ્રા દેવી તો હજુ પણ ઉપર–પાંચમા માળે લઇ જવા માગતા હતા. પણ મહારાજાએ હવે આગળ વધવાની અનિચ્છા બતાવી કહ્યું. :

“હું હવે અહીં જ બેસીશ. કુમાર શાલિભદ્રને નીચે બોલાવો.”

શાલિભદ્ર આ સ્વાગત અને સમારંભથી તદ્દન અજાણ્યો હતો. ભદ્રા માતા પણ આવી સામાન્ય બાબતોમાં શાલિભદ્રને સંડોવતા નહિ. મહારાજાએ પોતે જ્યારે શાલિભદ્રને યાદ કર્યો અને એને એક વાર મળી લેવાની ઇચ્છા બતાવી ત્યારે ન છૂટકે ભદ્રાને શાલિભદ્ર પાસે જવું પડયું.

એ વખતે શાલિભદ્ર અર્ધનિદ્રામાં પોતાની સ્વચ્છ સુંવાળી શય્યામાં પડયો હતો. ભદ્રા માતા કોઇક જ વાર આ માળે આવતાં. મોટે ભાગે નીચેથી જ એના સમાચાર પૂછી, પાછા વળી જતાં. શાલિભદ્રના આવાસમાં કાં નૃત્ય-ગીતની લહરીઓ રેલાતી હોય અથવા તો વાર્તા વિનોદના હાસ્યમિશ્રિત મીઠા રણકાર સંભળાતા હોય તે ઉપરથી ભદ્રા માતા શાલિભદ્રની પ્રસન્નતાનું આઘેથી જ અનુમાન કરી લેતા. વારે વારે એની પાસે જવાની કે નાના–નજીવા પ્રશ્નો પૂછવાની વાતથી એ વિરુદ્ધ હતા. શાલિભદ્રના સ્વભાવની કુમાશ એ સમજતા.

શાલિભદ્રની આછા ઘેનવાળી અર્ધ મીંચાએલી આંખો જોતાં જ ભદ્રા માતા સહેજ સંકોચાયા. બીજો કોઇ સામાન્ય

પ્રસંગ હોત તો ભદ્રા દેવી જેવાં ગયાં તેવાં જ પાછાં વળી જાત. શાલિભદ્રની શાંતિ કે સ્વસ્થતામાં નાનું સરખું પણ વિઘ્ન નાખવું એમાં એમને વાત્સલ્યનું ઘોર અપમાન લાગતું. પણ આજે ભદ્રા માતા નિરુપાય હતાં.

મગધના ભૂપતિ પોતે શાલિભદ્રને સન્માનવા માગતા હતા. મહારાજાને જો જાણ્યે અજાણ્યે માઠું લાગી જાય તો ઘડીના છઠ્ઠા ભાગમાં મહાન ઉલ્કાપાત થઇ જાય.

શાલિભદ્ર કોઈ નવીન શૃંગાર, નાટ્ય, ગીત કે પ્રમોદની જ યોજના વિચારતો હતો એટલામાં ભદ્રા માતાને જોતાં જ બેઠો થઇ ગયો. વિનયપૂર્વક, માતા સામે જોઈને બોલ્યો :

"આજે કંઈ અચાનક આવવું પડયું, માજી!"

"હા, બેટા, શ્રેણિક આજે આવી ચડયા છે એટલે મારે તારી પાસે આવવું પડયું."

"મને એમાં પૂછવાની શી જરૂર હતી? માજી! શ્રેણિક ગમે તેટલાં-ગમે તેવાં આવ્યાં હોય તેની સાથે મને શું સંબંધ છે? આવ્યાં એવાં જ વખારે મૂકી છાંડયાં હોત તો?" શાલિભદ્ર શ્રેણિકને મુક્તામણિની શ્રેણી સમજતો હોય તેમ નિર્દોષભાવે બોલ્યો.

"શ્રેણિક તો આપણા મહારાજા કહેવાય. મણિ-મુક્તા કે રત્નની શ્રેણીની વાત કરવા નથી આવી. મગધના સ્વામી આપણા મહેલે પધાર્યા છે અને તને મળવા માગે છે."

માતાના શબ્દોમાં ચિંતા અને વ્યાકુળતાનો થોડો થડકાર દેખાયો.

"મગધનો મહારાજા હોય કે મોટો ચક્રવર્તી હોય–તેની સાથે મને શી લેવાદેવા છે. મા! એ બોલાવે એટલે મારે એની પાસે જવું જ જોઈએ એવો કોઈ નિયમ છે?"

શાલિભદ્રની વાત સાચી હતી. મગધના મહારાજાની સાથે શાલિભદ્રને કંઇ સંબંધ નહોતો. ભદ્રા માતાને અત્યારે બહુ થોડા વખતની અંદર શાલિભદ્રને સમજાવી–ફોસલાવી લેવાની જરૂર હતી. ગંભીર ચર્ચામાં ઊતરવાનો અવકાશ નહોતો. વધારે સમય થાય તો કદાચ મહારાજાને અપમાન લાગે–રોષે ભરાય એવી બીક પણ ખરી.

"બેટા, દાસત્વ કે આજ્ઞાધીનતાની અહીં વાત જ નથી. એ તને સન્માનવા માગે છે. જે ભૂપતિ બીજા કોઈ શ્રેષ્ઠીને ત્યાં ભાગ્યે જ જાય અને કવચિત જ સ્નેહ–આદરથી પ્રજાજનને સન્માને, તે પોતે પોતાની ઈચ્છાથી આપણે ત્યાં પધાર્યા છે,–અને તને એક વાર માત્ર જોવા માગે છે." આછા ઉદ્વેગ અને દબાવી રાખેલા કંપની છાપ ભદ્રા માતાના શબ્દોમાં તરવર્યા વિના ન રહી.

માતાના આગ્રહને અનુસરી શાલિભદ્ર જવા તૈયાર તો થયો. પણ આજે કોઇ મોટું અમંગળ પોતાની ઉપર ઊતરી પડ્યું હોય એમ લાગ્યું. જે પોતાને એકાકી અને સાર્વભૌમ ગનમાં માની બેઠો હોય તેને કોઈની આજ્ઞા ઉઠાવવી પડે–સામે ચાલીને જવું પડે ત્યારે સહેજે એનું આત્મગૌ વ ઘવાય.

શાલિભદ્રનું આત્મગૌરવ આથી ઘવાયું હશે કે નહિ તે તો કોણ જાણે. પણ પોતે આટલા અખૂટ વૈભવ–ઐશ્વર્ય વચ્ચે વસવા છતાં એક પ્રજાજન છે અને પ્રજાજનને માથે એક સ્વામી તો હોય જ એ વિચારે એના અંતરમાં મોટો ઝંઝાવાત પેદા કર્યો.

માળના પગથિયાં ઊતરતાં ઊતરતાં પણ એના મન ઉપર એક જ ચિંતા પિશાચની જેમ ચડી બેઠી હતી:

સ્ત્રીઓને સ્વામી હોય તેમ પ્રજાજનને શિરે સ્વામી હોય અને એ બોલાવે ત્યારે દોડીને વગર વિલંબે હાજર થઇ જવું જોઈએ એવી પરંપરા કયારે–કોણે નિર્મી હશે? પ્રથા ભલે ગમે તેટલી પુરાણી હોય તોપણ મારે તેને અનુસરવું જ જોઈએ એમ ભદ્રા માતાએ કેમ માની લીધું હશે? પ્રજાનો જે પતિ પોતાને કહેવડાવે છે એ પણ પાંચ ભૂતનું પેદા થએલું પૂતળું નહિ હોય? ઇશ્વરને ત્યાંથી કોઇ ખાસ અધિકાર લઇને આવતો હશે? સ્વામીની ગમે તેવી આજ્ઞા જો શિરોમાન્ય રાખવી પડે તો પોતાને પરમ શકિતશાળી ઓળખાવતા માનવીની મહત્તા કયાં રહી?”

શાલિભદ્ર એક તો રોજના એકધારા શૃંગાર, પ્રમોદ, રંગરાગથી કંટાળ્યો હતો–તેમાં પોતાને માથે પણ સ્વામી છે–એની કૃપા કે મમતા હોય તો જ રોજના સુખ–ભોગ કાયમ રહી શકે, નહિતર દેવલોકને શોભે એવો આ વૈભવ ધૂળભેગો મળી જાય એ પ્રકારની ચિંતાએ એનો જે થોડોઘણો રસાસ્વાદ રહ્યો હતો તે પણ ભરખી લીધો.

શાલિભદ્ર નીચે આવ્યો અને જેવો મહારાજા બિંબિસાર તરફ જતો હતો તેટલામાં મહારાજાએ પોતે ઊઠીને એને પોતાની બાથમાં સમાવી લીધો. શાલિભદ્રનો માખણના પિંડ જેવો દેહ મહારાજાના દેહની ગરમીથી ઓગળી જતો હોય એમ લાગ્યું. શાલિભદ્રના કોમળ દેહમાંથી પ્રસ્વેદની ધારાઓ છૂટવા લાગી. જાણે કે હમણા જ મૂર્છિત થઈ જશે એમ એ આંખો ચડાવી ગયો.

એટલામાં ભદ્રા માતા બોલી ઊઠયા : "મહારાજ, એને છૂટો મૂકી દો. એ જરા જેટલી ગરમી કે ગૂંગળામણ સહી શકતો નથી. અમે એને છૂટો જ રાખ્યો છે."

શાલિભદ્રના વદન ઉપરની ગ્લાનિ અને વિહ્‌વળતા જોઈને મહારાજા બિંબિસારને પણ થોડું દુઃખ થયું. ભદ્રા દેવીની સૂચના પ્રમાણે એણે તત્કાળ એને છૂટો મૂકી દીધો. પછી તો સાપ કાંચલી મૂકીને નાસે તેમ શાલિભદ્ર, મહારાજાના પાશમાંથી મુક્ત થઈ, પોતાના સ્વતંત્ર સાતમાં માળની બારીમાં જઈને બેસી ગયો. હરિણનું નાનું બાળ, શિકારીના પંજામાંથી છૂટયા પછી જેમ ધ્રૂજતું જ રહે તેમ શાલિભદ્ર પણ કયાંઇ સુધી અંતરના ઊંડા વેગવાન ધબકારા સાંભળી રહ્યો. સહચારિણીઓ તો બે–ચારને બદલે બત્રીસ હતી, પણ બધી દુર્બળ, અસહાય અને સુખની જ સંગાથી હોય એમ એને લાગ્યું.

હવેલીના જે માળની અંદર, વિશ્વની અશાંતિ કે ઉદ્વેગનો નાનો અણુ પણ દાખલ ન થઇ શકે એમ ભદ્રા દેવી માનતાં –જેની અંદર અહોનિશ જ્યોત્સ્ના અને સૌરભ જ રેલાઇ

રહે એવી યોજના કરવામાં આવી હતી ત્યાં સંતાપનો એક અગ્નિતણખો અચાનક ઊડતો આવી પડયો. ઉભરાતા ઐશ્વર્ય અને અથાગ ભોગ–સામગ્રીને બાળવા કોઈ જબ્બર હુતાશનની જરૂર નથી–લાખો મણ સૂકાં લાકડાંને જેમ નાનો અગ્નિકણ જોતજોતામાં ભસ્મીભૂત કરી શકે છે તેમ "માથે સ્વામી છે" એ મનઃસંતાપે શાલિભદ્રના સુખશીલ જીવનમાં આગ ચાંપી દીધી. બિંબિસાર તો વખત થયો એટલે ત્યાંથી વિદાય થયા–રાજગૃહીના શાલિભદ્ર જેવા શ્રેષ્ઠીકુમારોને ત્યાં સોના–મોતીનાં આભૂષણો પણ રોજે રોજ ફૂલની જેમ નિર્માલ્ય રૂપે ફેંકાઈ જતા હોવાની છાપ લઈને પોતાના સ્થાને પહોંચ્યા. પણ એમના આગમને, શાલિભદ્રની મનોદશા છેક પલટી નાખી.

ગીત અને નૃત્યથી નિત્ય ગુંજી ઊઠતો હવેલીનો સાતમો માળ, જાણે કોઈ જાદુગરે મંત્રબળે સ્મશાનમાં પલટાવી નાખ્યો હોય તેમ સૂનો અને શુષ્ક બની ગયો છે. વસનારાઓ સૌ સલામત છે–પણ પથ્થરનાં પૂતળાં જેવાં પ્રાણહીન લાગે છે. રાત્રીએ જ્યાં સુગંધી તેલની ખાસી દીપમાળ રચાતી ત્યાં એક ખૂણામાં મુમુર્ષુ જેવો દીપક દેખાય છે. બત્રીસ નારીઓ છતે પતિએ જાણે કે નિરાધાર બની ગઈ છે.

ભદ્રા માતાની વ્યથા તો વર્ણનાતીત હતી–એમની આંખમાંથી અશ્રુની સતત ધાર વહે છે. જોતજોતામાં શાલિભદ્રના દિલમાં આવો અચાનક પલટો કેમ આવ્યો તે એમને સમજાતું જ નથી. મહારાજાના સન્માનને જે મહાસૌભાગ્ય

માનતી તે જ સૌભાગ્ય શાલિભદ્રને ઝેરરૂપ થયું એ જાણ્યા પછી માતાને પણ બહુ લાગી આવ્યું છે. પણ જે બની ગયું તે હવે તો મિથ્યા થવાનું જ નથી એમ માની ઊંડો શોક અનુભવે છે.

એક દિવસે જ્યારે માતા ભદ્રાથી રહેવાયું નહિ, શોક અને સંતાપના ઉચ્છવાસે જાણે પ્રાણ રૂંધાતા હોય એમ લાગ્યું ત્યારે તે શાલિભદ્ર પાસે છેલ્લો ઊભરો ખાલી કરવા ગયા. જતાંવેંત તો કંઈ બોલી શકયા નહિ, પણ શાલિભદ્ર ભદ્રા માતા શું કહેશે તે સમજી ગયા.

માતાએ એક વાર શાલિભદ્ર સામે અશ્રુપૂર્ણ નયને નિહાળ્યું. શ્રેણિક આવ્યા પહેલાનો જે શાલિભદ્ર હતો તેમાં અને અત્યારના શાલિભદ્રમાં એમને જમીન આસમાન જેટલો ફેર પડી ગયેલો દેખાયો. અત્યારનો શાંત–ધીર–ગંભીર શાલિભદ્ર એમને ન તો શૂષ્ક કે ન તો કઠોર લાગ્યો. એના મોં ઉપર અત્યારે જે દીપ્તિ પ્રકાશતી હતી તે જાણે કે ભોગૈશ્વર્યના શુભ્ર પટ ઉપર ત્યાગની જ્યોત્સ્ના પથરાઈ હોય એમ લાગ્યું. એમને વિચાર થયો કે "ખરો શાલિભદ્ર જ આ છે! ઈંડાના આવરણ ભેદીને જે શિશુ બહાર આવે તે જ એનું વાસ્તવ સ્વરૂપ ગણાય! શૃંગાર અને પ્રમોદમાં જે ચંચળ–શ્રાંત શાલિભદ્ર દેખાતો હતો તે જાણે પોતાની આસપાસનાં બધાં બંધનો તોડીને બહાર આવ્યો હોય એવો–બંધનમુકત સિંહ સમો મનોરમ દેખાયો.

ભદ્રા ગમે તેવા તોયે માતા હતાં. શાલિભદ્રને જોયા પછી એમનું માતૃત્વ ઉભરાઈ આવ્યું : બોલી જવાયું.

"બેટા, હું તારો વાંક નથી કાઢતી—પસ્તાવો પણ કોઈ વાતનો નથી કરતી, તેમ તારા માર્ગમાં નવું વિઘ્ન ઊભું કરવાનો મારો ઇરાદો નથી. હું માત્ર તને એટલું જ કહેવા આવી છું કે તારા દાંત મીણના છે અને તેં લોઢાના ચણા ચાવવાનો નિરધાર કર્યો છે. તારાં પુણ્ય હજી પહોંચે છે. એ પુણ્યના ફળનો બને તેટલો ઉપભોગ કરી લે."

શાલિભદ્રના પિતા ગોભદ્ર શેઠ પણ એક દિવસે વિરક્ત બની સંસારના સુખ તજી ચાલી નીકળેલા. એ પ્રસંગ ભદ્રા માતાની સ્મૃતિમાં તાજો થયો. પિતા કરતાં પુત્ર સવાયો નીકળે તેમાં આશ્ચર્ય નથી એમ વિચારી એમણે પોતાની અંતર્વ્યથા અંતરમાં જ શમાવી દીધી. આક્રંદ કે વલોપાત કરવાનું ઠીક ન લાગ્યું.

શાલિભદ્રે કહ્યું : "લોઢાના ચણા ચાવવા જેવો આ માર્ગ છે એ હું જાણું છું. મારી શક્તિની મર્યાદા પણ સમજું છુ. પિતા જે માર્ગે ગયા તે માર્ગે ચાલવાનો પ્રયત્ન કરીશ. આપના આશીર્વાદ હશે તો હું એ માર્ગને કે કુળની લાજને કલંકિત નહિ કરૂં."

માતા ક્યાંય સુધી મૌન રહ્યાં. આખરે ઊઠતાં ઊઠતાં એમણે વચલો તોડ કાઢયો: "બેટા તું હજી બાળક છે, આત્મકલ્યાણ સાધવાની ઉતાવળમાં પાછા પડવા જેવું ન થાય એટલા સારૂ હું તને ક્રમે ક્રમે આ જંજાળનો ત્યાગ કરવાની સલાહ આપું છું."

શાલિભદ્રને પણ એ સલાહ રૂચી. એણે રોજ રોજ એક સ્ત્રીનો અને ભોગોપભોગનો ત્યાગ કરવાનો-એ રીતે એક દિવસે સર્વસ્વનો ત્યાગ કરી જવાનો નિરધાર કર્યો. એકાદ મહિનો તો સહેજે આ ક્રમિક ત્યાગમાં નીકળી જાય. અણી ચૂકયો સો વર્ષ જીવી શકતો હોય તો આજકાલમાં છટકી જવાનો વિચાર કરનાર કદાચ મહિને દહાડે પાછો હતો ત્યાં ને ત્યાં સ્થિર બની જાય. પોતાની ઉતાવળ માટે પશ્ચાતાપ પણ કરે. માતાની અને પત્નીઓની ગણતરી બહાર આ હકીકત નહિ હોય.

એટલામાં એક અકસ્માત બન્યો. ધન્ના શેઠને એમની સ્ત્રી--સુભદ્રા સ્નાન કરાવતા હતા. પગે સુગંધી તેલ ચોળતા હતા. એ વખતે પોતાના ભાઇના ક્રમિક ત્યાગની વાત હૈયે ચડી આવી અને સુભદ્રાની આંખમાંથી એક અશ્રુબિન્દુ ટપકી પડયું. ધન્ના શેઠ પણ ત્યાગના માર્ગે જવાની ઘડીઓ જ ગણતા હતા.

સુભદ્રાને રડતી જોઈ ધન્ના શેઠે રડવાનું કારણ પૂછયું. એના જવાબમાં પોતાના ભાઈ શાલિભદ્ર રોજ એક સ્ત્રીનો અને સંસારના વૈભવનો ત્યાગ કરતા હોવાની વાત અહોભાવ તેમજ આશ્ચર્ય સાથે જરા વિગતથી સુભદ્રાએ કહી સંભળાવી.

ધન્ના શેઠના મોં ઉપર આશ્ચર્ય કે દુઃખને બદલે આછું હાસ્ય છવાયું—મોઢથી બોલી જવાયું :

"શાલિભદ્ર શૂરવીર ન નીકળ્યો—કાયર નીવડયો."

પોતાના ભાઈને કાયર કહેનાર પોતાના સ્વામી સામે તેણે રોષપૂર્ણ દૃષ્ટિ કરી. ધન્ના શેઠનું એ વેણ સુભદ્રાને દાઝયા ઉપર ડામ જેવું લાગ્યું. ધન્ના શેઠ એ રોષ સમજી ગયા. એમણે સુભદ્રાને સમજાવવા કહ્યું :

"તને માઠું લાગશે એ વાત મારા લક્ષબહાર રહી ગઈ. ખરી વાત એ છે કે ત્યાગ–સંયમના માર્ગમાં ક્રમની ઓથ લેવી એ નરી કાયરતા છે. પાંજરામાં પુરાયેલું પંખી માત્ર બારણું ઊઘડે એટલી રાહ જોતું હોય છે. એ ક્રમે ક્રમે આકાશમાં ઊડવાની યોજના નથી વિચારતું. સિંહ જ્યારે જાળમાં સપડાય છે ત્યારે ક્રમે ક્રમે છૂટવાના વિચારે આશ્વાસન નથી મેળવતો. ત્યાગ–સંયમના માર્ગે વિહરવાનો જેણે એક વાર મક્કમ નિર્ણય કર્યો હોય તે ગળચવા ન ગળે–આવતી કાલે અનુકૂળતા આપોઆપ આવી જશે એવા મિથ્યા વિશ્વાસે ન રહે."

"શીતળ છાયામાં બેસીને એવી વાતો તો તમ જેવા ઘણાયે કરતા હશે–ત્યાગ કરી જુઓ તો તમને ધન્ય કહું." સુભદ્રા પોતાના ભાઈને ઉદ્દેશીને ઉચ્ચારાયેલા શબ્દોનો બદલો લેતી હોય તેમ ગર્જી ઊઠી.

"બસ, મારે એટલું જ જોઈતું હતું–મારે તમારી સમ્મતિ અને સહાનુભૂતિ જ જોઈતી હતી."

એમ કહીને ધન્ના શેઠ સ્નાનગૃહમાંથી નીકળી સીધા શ્રમણસંઘના વિશાળ વટવૃક્ષ તરફ ચાલી નીકળ્યા. સુભદ્રાદિ આઠ સ્ત્રીઓએ ધન્ના શેઠને રોકવા, પછી તો ઘણું આક્રંદ

કર્યું. પણ "ક્રમ" ને કાયરતાનો જ એક પ્રકાર માનનાર ધન્ના શેઠે પાછું વાળીને ન જોયું.

શાલિભદ્રે એ વાત જાણી અને તે જ વખતે એને ક્રમે ક્રમે સર્વસ્વનો ત્યાગ કરવાના નિર્ણયમાં પોતાની નિર્બળતા દેખાઈ. ભદ્રા માતાની આજ્ઞા મેળવી એ પણ ભ. મહાવીરના શ્રમણસંઘમાં ભળી ગયા.

*   *   *

ફરતા ફરતા લગભગ બાર વર્ષે શાલિભદ્ર–ધન્ના રાજગૃહી નગરીના ઉદ્યાનમાં, ભ. મહાવીરના શ્રમણસંઘ સાથે આવી ચડ્યા. ભદ્રા માતાને એ વધામણી મળી અને એમનું અંતર પુત્ર તથા જમાઈના દર્શનની આશાએ નાચી ઊઠ્યું. રાજગૃહી સુધી આવનાર શાલિભદ્ર તથા ધન્ના અણગાર, પોતાને ત્યાં પગલાં કર્યા વિના ન રહે એ વાતની માતાને પૂર્ણ શ્રદ્ધા હતી. ઘરમાં સૌને આ મુનિઓના સત્કાર–સન્માન માટે સાગ્રહ સૂચના પણ કરી દીધી.

ધન્ના–શાલિભદ્ર જ્યારે આહાર માટે રાજગૃહી ભણી જવા નીકળ્યા ત્યારે પણ ભ. મહાવીરે કહેલું કે: "આજે માતાના હાથનો આહાર ભલે વહોરી આવો."

રાજગૃહીની કલ્લોલતી અને ગૂંજતી ભૂમિના સ્પર્શે આ બન્ને અણગારોની પૂર્વસ્મૃતિને કેટલા રોમાંચથી રંગી દીધી હશે? માર્ગે જતા–આવતા રાહદારીઓમાંના કોઈને આજે ધન્ના શેઠ કે શાલિભદ્ર સામે નિહાળવા જેટલી પણ

ફુરસદ નહોતી. એક દિવસે જે નામાંકિત શ્રેષ્ઠીપુત્રોને જતાં જોઈ નાગરિકો એમની સામે ભક્તિભાવે જોઈ રહેતા–અંજલિ જોડી પોતાની શ્રદ્ધા અને બહુમાન સૂચવતા, તેઓ જાણે કે ધન્ના–શાલિભદ્રને કદિ જોયા–જાણ્યા જ ન હોય તેમ, પાસે થઈને ચાલ્યા જાય છે. શ્રમણોને તો એ વાતની શી પરવા હોય ?

બન્ને શ્રમણો જ્યારે માતા સુભદ્રાની હવેલીએ પહોંચ્યા ત્યારે પણ એમને સત્કારનાર ત્યાં કોઈ જ નહોતું. જેઓ વહેલી સવારથી માંડી સ્વાગત સામગ્રી તૈયાર કરવાંની ઘડભાંજમાં પડી ગયા હતા તેમને પણ ધન્ના–શાલિભદ્ર જેવા શ્રમણોના આગમનનો સમય થયો છે એ વાતનું લક્ષ ન રહ્યું. ભદ્રા માતાએ અને બત્રીસ ગૃહિણીઓએ ધન્ના-શાલિભદ્રના આગમનને સૂર્યોદય કરતાં પણ વધુ મહિમાવંતું માન્યું હશે. સૂર્ય ઢાંકયો ન રહે–એનો મહિમા નાના છિદ્રવાટે પ્રવેશ્યા વિના ન રહે તેમ શાલિભદ્ર અને ધન્ના જેવા શ્રમણ–નાયકોની હાજરી છૂપી રહી શકે જ નહિ, એવી કોઈ ભાવનાથી આ હવેલીના વાસીઓ નિશ્ચિંત લાગ્યા. શ્રેષ્ઠીપુત્રો હવે શ્રમણ બન્યા હતા–એક પ્રકારનો પુનરવતાર પામ્યા હતા. એ વાતનું એમને ધ્યાન જ ન રહ્યું.

મહિનાના ઉપવાસના પારણાને દિવસે, એક વખતના પોતાના જ ગૃહે આવનારા આ શ્રમણો, થોડીવાર તો ત્યાં ઊભા રહ્યા. જે ઘરમાં એક વખતે સહેજે ઇસારો થતાં દસ–વીસ દાસ–દાસીઓ હાજર થઇ જતાં અને જ્યાં રોજે રોજનાં સોના–મોતીનાં આભૂષણો ખાળમાં નિર્માલ્ય ફૂલોની જેમ

ફેંકાઇ જતા ત્યાં એ વૈભવના ભોક્તાઓને આજે થોડો આહાર વહોરાવનાર કોઈ ન મળ્યું

શ્રમણો ત્યાંથી પાછા ફર્યા: આશા-નિરાશા તેમજ તૃપ્તિ કે અતૃપ્તિના, માનવસહજ ભાવોથી ઘણી ઊંચી ભૂમિકાએ વિહરતા આ શ્રમણોએ ગ્લાનિ કે વિષાદનો આછો કંપ સરખો પણ ન અનુભવ્યો.

એ તો ઠીક; પણ ભગવાન મહાવીરે પોતે જે એમ કહેલું કે: "માતાના હાથનો આહાર વહોરી આવો". એનો શું અર્થ સમજવો?

ઉદ્યાન તરફ, આહાર વિના પાછા ફરતા શાલિભદ્ર "માતાના હાથના આહાર" નો વિચાર કરતા હતા, એટલામાં એક બાઈ સામેથી આવતી દેખાઇ. બાઈ આહીરની જાતની હોય એમ લાગ્યું પણ શાલિભદ્રને જોતાં જ એના માતૃત્વના તાર રણઝણી ઊઠયા. એને એમ જ થયું કે જો આ શ્રમણ આટલું મારૂં ગોરસ વહોરે તો કૃતાર્થ થઈ જઉં. વિનયથી લળીને નમન કરતી મહિયારીએ પૂછ્યું: "આટલું દહીં કૃપા કરીને વહોરશો, શ્રમણ ભગવન્ !"

માતાને ત્યાંથી ખાલી હાથે પાછા ફરેલા અને માતાના હાથનો આહાર મળશે એ પ્રમાણેના વીર પ્રભુના શબ્દોનું સ્મરણ કરનારા શાલિભદ્રે એ વિનંતીનો તત્કાળ સ્વીકાર કરી લીધો. દહીં વહોરીને શાલિભદ્ર પોતાના સ્થાને આવી ગયા.

વસતીમાં ગોચરી માટે જતાં–આવતાં જે કંઈ દોષ કે પ્રમાદ થયો હોય તે આલોચી રહ્યા એટલે ભ. મહાવીરે જ શાલિભદ્ર પાસે ખુલાસો કર્યો :

"ભદ્રા માતા તો તમને ન મળ્યા–પણ જે મહિયારીએ તમને ભક્તિભાવે દહીં વહોરાવ્યું તે પણ તમારી ગત જન્મની માતા જ હતી. માતા પાસેથી આહાર વહોરી આવો એમ મેં જે તમને કહેલું તેનો અર્થ હવે તમને સમજાશે."

એ જ વાતના અનુસંધાનમાં ભગવાને શાલિભદ્ર પોતે ગત જન્મમાં ગોવાલ હતા–બહુ જ ગરીબ સ્થિતિમાં હતા અને માતાએ મહામુશીબતે દૂધ–સાકર–ચોખા ભેગા કરી, ખીર રાંધી આપેલી તે પોતે નહિ ખાતાં, શાલિભદ્રે કોઈ મહાતપસ્વી શ્રમણને વહોરાવી દીધેલી અને એ પુણ્યના પ્રતાપે જ આ જન્મમાં આટલી ઋદ્ધિ તથા વૈભવના ભોક્તા થયેલા, વગેરે ઇતિહાસ ક્રમબદ્ધ કહી સંભળાવ્યો. શાલિભદ્ર ઉપરાંત બીજા શ્રમણો, જે ભગવાનના સમુદાયમાં હતા તેઓ સુપાત્રદાનનો આ મહિમા સાંભળી વિસ્મય પામ્યા.

ભદ્રા માતા આખો દિવસ રાહ જોતા બેસી રહ્યા. એમને કોણ કહે કે "જેમની તમે રાહ જોતા બેઠા છો–જેમના દર્શન અને સ્વાગત માટે આટલા ઝંખો છો તે તો કયારનાય તમારા મહેલના આંગણા સુધી આવીને પાછા વળી ગયા છે." બીજે દિવસે જ્યારે એમને જાણ થઇ કે શાલિભદ્ર તો આવીને આહાર વિના પાછા ગયા છે ત્યારે એમને માથે વજ્ર પડયું હોય એવો આઘાત થયો.

તરત જ એ કલ્પાંત કરતા જ્યાં ભગવાન મહાવીરનો શ્રમણસંઘ સ્થિરતા કરી રહ્યો હતો ત્યાં પહોંચ્યાં. અહીં એમને સમાચાર મળ્યા કે શાલિભદ્ર અને ધન્ના અણગાર તો વૈભારગિરિ ઉપર અણસણ આદરીને ક્યારનાય કાયોત્સર્ગમાં સ્થિર થઈ ગયા છે. ત્યાં જઈને પ્રથમ તો ભદ્રા માતાએ દૂરથી એમને વાંદ્યા, વિનવ્યા અને અંતરમાં જે ઉચ્છવાસના ઊભરા ભર્યા હતા તે ઠાલવ્યા.

ક્યાંય સુધી માતા પોતાના પુત્ર શાલિભદ્રની ધ્યાનસ્થિત કાયાને અનિમેષ નેત્રે જોઈ રહ્યા. કોમળ શય્યામાં સૂનારો, વિવિધ રસભોગ અને શૃંગારમાં રાચનારો, બિંબિસાર જેવા મહારાજાના ખોળામાં સ્નેહ–સત્કાર પામવા છતાં કરમાઈ જનારો સુકુમાર શાલિભદ્ર ઉગ્ર તપશ્ચર્યા અને ટાઢ–તડકાના પરિષહો ખમતો કોઈ ઉત્તમ ગિરિરાજના શૃંગ સમો અડોલ–અચળ ઊભો છે. પુષ્પપાંખડીથી ઘડાએલા આ કોમળ દેહમાં આટલી ક્ષમતા આટલું સામર્થ્ય ક્યાં–કઈ રીતે રહી શક્યું હશે તેનો વિચાર કરતાં માતાના અંતરમાં પણ ત્યાગનો પુનિત દીપક પ્રકટ્યો.

શાલિભદ્ર અને ધન્ના અણગાર તો શુભધ્યાનના બળે સર્વાર્થસિદ્ધિને પામ્યા–કાળક્રમે કેવળજ્ઞાન પામી મુક્તિને વરશે. ભદ્રા માતાએ પણ શોક–સંતાપને વિવેકપૂર્વક અંતરમાં શમાવી દઈ, અંતે એ જ સંયમનો રાહ લીધો.

# ૬. મહાશતક

આ જગતમાં ભાગ્યે જ કોઇ એવો માનવ હશે કે જે દુર્જનોએ કહેલાં દુર્વચનોથી ખળભળી ઊઠેલા પોતાના મનને શાંત કરવાને સમર્થ હોય. કારણ કે મર્મસ્થાનમાં ઊતરી ગયેલાં વચનરૂપી બાણો તીક્ષ્ણ લોઢાનાં બાણો કરતાં પણ વધુ પીડા ઉપજાવતાં હોય છે. તેથી જ ડાહ્યા માણસો હમેશાં સત્યની હાનિ ન થાય અને પારકાને ઉદ્વેગ પણ ન થાય એ રીતે મધુરી વાણીથી સત્ય બોલે છે. સત્ય બોલવામાં પણ જે વાણીનો પ્રયોગ થાય એ વાણીમાં કડવાશ, કઠોરતા, અનમ્રતા, અવિવેક કે શઠતા ન હોવાં ઘટે. જે વાણી બોલતાં કોઈ પણ પ્રાણીને સહેજે દુઃખ થતું હોય-સીધી અગર તો આડકતરી રીતે કોઇ પણ જીવને આઘાત થતો હોય, તો તેવી કઠોર વાણી બોલનારો પુરુષ ભદ્રદર્શી થઇ શકતો નથી. આત્માર્થી સાધકે સત્ય, પરિમિત, અસંદિગ્ધ, પરિપૂર્ણ, સ્પષ્ટ, અનુભૂત, વાચાલતા રહિત અને કોઇને પણ ઉદ્વેગ ન પમાડનારી વાણી બોલવી જોઈએ. જેનાથી અવિશ્વાસ ઉત્પન્ન થાય, અથવા બીજાને જલદી ક્રોધ આવે એવા અહિતકર

ભાષા વિવેકી પુરુષે કદી ન બોલવી જોઈએ. ધર્મશાસ્ત્રોએ તો કાણાને 'કાણો', હિજડાને 'હિજડો', રોગીને 'રોગી'– અને ચોરને 'ચોર' કહેવાની પણ ના પાડી છે. 'દશવૈકાલિક સૂત્ર' માં કહ્યું છે કે 'મોટા કે વડીલનું દિલ દુખાય એવી કઠોર વાણી સાચી હોય તોપણ ન બોલવી, કારણ કે તેથી પાપ-બંધન થાય છે.'

ક્રોધના આવેશમાં સંભળાવેલી સાચી વાતો ક્રોધથી ખરડાઈને સત્યનું સાત્ત્વિક અને નિર્મળ સ્વરૂપ ગુમાવી દે છે. મહાશતક શ્રાવકની સત્ય છતાં અનિષ્ટ અને અપ્રિય વાણીના કારણે ભગવાન મહાવીરે, ગૌતમસ્વામીને તેની પાસે મોકલી આલોચના કરાવી હતી, તેની એક સુંદર કથા 'ઉપાસકદશાંગ સૂત્ર' માં કહેવામાં આવી છે.

રાજગૃહીમાં મહાશતક નામે ગૃહપતિ, રેવતી વગેરે તેર સુંદર સ્ત્રીઓના સહવાસમાં રહેતો હતો. રેવતીના માતા–પિતા બહુ ધનવાન હતા અને કરિયાવરમાં તેના પિયરથી તે આઠ કરોડ સોનૈયા લાવી હતી. મહાશતકની અન્ય બાર પત્નીઓ પણ કરિયાવરમાં એકેક કરોડ સોનૈયા તેમના પિયરથી લાવી હતી. મહાશતક પોતે પણ ભારે ઋદ્ધિસંપન્ન હતો. તેને દશ હજાર ગાયોનો એક વ્રજ એવા આઠ વ્રજો હતા.

આ રીતે મહાશતકના ઘરમાં સંપત્તિ અને સમૃદ્ધિનો તો કોઇ પાર ન હતો, પણ જ્યાં સંપત્તિ અને સમૃદ્ધિનો પાર નથી હોતો, ત્યાંથી શાંતિ અને સંપ વિદાય થઈ જાય છે અને બીજા દ્વારેથી ક્લેશ, કજિયા અને ટંટા દાખલ થઇ જાય છે. સંસારમાં એક પત્ની સાથેના સહજીવનમાં પણ

કેટલાંયે મનદુઃખ અને અસહ્ય આઘાત થતાં જોવામાં આવે છે અને કોઈ કોઈ વખતે તો પતિના ત્રાસે પત્ની તેમજ પત્નીના ત્રાસે પતિ આપઘાતના માર્ગે જતા પણ જોવામાં આવે છે. મહાશતક તો એક પત્નીને બદલે તેર પત્નીઓનો પતિ હતો એટલે એના ગૃહસ્થાશ્રમમાં શી શી ભવાઇ થતી હશે તેની સહેજે કલ્પના કરી શકાય તેવું છે.

એવામાં એક સમયે શ્રમણ ભગવાન મહાવીર ત્યાંના ગુણશીલ ચૈત્યમાં આવી ઊતર્યા અને મહાશતકે ભગવાન મહાવીરની અમૃતમય વાણી સાંભળી. ભગવાને સાધુનો ધર્મ અને ગૃહસ્થનો ધર્મ એમ બંને પ્રકારના ધર્મ સમજાવ્યા. આગાર ધર્મ અને અનગાર ધર્મની વાતે મહાશતકને વિચાર કરતો કરી મૂક્યો. સાધુએ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચે વ્રતો પૂર્ણપણે પાળવાનાં હોય છે. ગૃહસ્થ ધર્મમાં આ વ્રતોનું પાલન અમુક અંશે કરવાનું હોય છે અને તેથી જ તે અણુવ્રત કહેવાય છે. આ અણુવ્રતો સહેલાઇથી પાળી શકાય તે માટે તેની પૂર્તિ રૂપે ત્રણ ગુણ વ્રતો અને ચાર શિક્ષાવ્રતોની પણ સુંદર યોજના કરવામાં આવી છે.

શ્રાવક આ બાર વ્રતો નિયમ બદ્ધ રીતે પાળે તો સંસારમાં રહ્યાં છતાં પોતાના આત્માનું વધુમાં વધુ કલ્યાણ સાધી શકે અને અન્ય જીવો માટે પણ તેનું જીવન કલ્યાણ રૂપ બની શકે. ઘોડાના મોંમા જેરકડી નાખવાથી ઘોડેસવાર તેને પોતાના કબજામાં રાખી શકે છે અને ઇચ્છે તેમ ફેરવી શકે છે. આ રીતે માનવમન પણ ઘોડા જેવું અલ્લડ અને તોફાની છે અને તેને વશ કરવા ગૃહસ્થ ધર્મના બાર વ્રતોનું

પાલન કરવું જોઇએ, એ વાત મહાશતકને સમજાઇ ગઈ. સંયમ અને નિયમ દ્વારા જ માનવી પોતાના મનને તાબે કરી શકે છે અને આવાં વ્રતો અને નિયમો વિના જીવનમાં ચારિત્ર ગુણ ન પ્રગટે. ચારિત્ર ગુણથી જે રહિત હોય છે તેનો કદી મોક્ષ થતો નથી અને તેથી જ જ્ઞાનીઓએ કહ્યું કે **अगुणिस्स नत्थि मोक्खो.** મહાશતકે પણ પછી તો શ્રાવક ધર્મ સ્વીકારી બાર વ્રતો અંગીકાર કર્યાં.

વ્રતપાલનના કારણે મહાશતકનું જીવન દિવસે દિવસે સંયમ અને નિયમ બદ્ધ બનવા લાગ્યું, પણ રેવતીને આ ગમ્યું નહિ. સાચું લગ્ન માત્ર શુષ્ક વિધિમાં કે ચોરીમાં ફેરા સાથે ફરી લેવામાં નથી સમાપ્ત થતું, પણ સ્ત્રી પુરુષના સંપૂર્ણ તાદાત્મ્યમાં અને આત્મસમર્પણમાં સમાયું છે. તેથી જ લગ્ન માત્ર દેહના નથી હોતાં પણ પતિ-પત્ની બંનેના અરસપરસના આદર્શો, સિદ્ધાંતો, સ્વભાવ અને પ્રકૃતિ વચ્ચે પણ લગ્ન થવા જરૂરી છે. **एतत् कामफलं लोके यद् द्वयोः एकचित्तता** અર્થાત્ પતિપત્નીના પ્રેમથી બંનેના ચિત્ત અને હૃદય તદ્દન એક થઈ જાય એ જ દામ્પત્ય સુખનું ઉત્તમ ફળ છે.

રેવતી અને મહાશતકનું દાંપત્ય જીવન સુખી ન હતું. રેવતી અત્યંત વિલાસી, કામલોલુપ અને સંસારના તુચ્છ સુખો પાછળ દોડનારી હતી. એના પૈસાનો એને ઘમંડ હતો. પતિ પોતાને વશ રહે અને તેની તમામ ઇચ્છાઓ અને કામનાઓ તૃપ્ત કરે એમ તે ઇચ્છતી હતી. વ્રતધારી મહાશતકનું જીવન દિનપ્રતિદિન સંયમપ્રધાન બનવા લાગ્યું,

પણ રેવતીને તેના સંયમપ્રધાન જીવ સાથે મેળ ખાય તેમ ન હતું, એટલે પરિણામે ઘરમાં કલેશ અને કંકાસ થવા શરૂ થયા. જેમ ઝાડનું એક પાંદડું બીજા પાંડદાઓને બધી બાબતમાં એક સરખું મળતું આવે તેમ બનતું નથી, તેમ સ્વભાવ, પ્રકૃતિ અને ગુણદોષની બાબતમાં પતિપત્ની વચ્ચે સમાનપણું હોવાનું પણ શકય નથી બનતું. એટલે ભિન્ન ભિન્ન સ્વભાવ, પ્રકૃતિ અને ગુણદોષો ધરાવતા પતિપત્નીનું ઐકય ત્યારે જ શકય બને, કે જ્યારે સ્ત્રી અને પુરુષ બે પૈકી જેનું મન અને આત્મા ઉચ્ચ ભૂમિકા પર હોય તેને અનુસરવાનું બીજું પાત્ર પ્રામાણિક રીતે પ્રયત્ન કરે. પરંતુ અહીં તો રેવતીનો પ્રયત્ન એક તરફી પોતાના પતિ પર પોતાની જીવન પદ્ધતિ લાદવાનો હતો અને વ્રતધારી શ્રાવક મહાશતક માટે એ વાત હવે શકય જ રહી ન હતી.

કામાર્ત્ત અને વિષયાસકત રેવતી માંસાહારી હતી. માંસાહારની સાથોસાથ મદિરા, દારુ આવાં અનેક બીજાં લફરાંઓ પણ આવતાં જ હોય છે. અન્ન અને મન વચ્ચે ઘનિષ્ટ સંબંધ હોય છે. જીવન અને ચારિત્ર ઘડતરમાં શું ખાવું અને શું ન ખાવું એ અત્યંત મહત્ત્વની બાબત છે. આ સમયમાં રાજગૃહીમાં કોઇ પ્રાણીનો વધ ન કરવાના અમાઘાત (કોઈને હણશોમા)નો ઢંઢેરો જાહેર કરવામાં આવ્યો.

ધનવાન અને સાધન સંપન્ન માબાપો પોતાની પુત્રીઓ પ્રત્યેના ખોટા રાગ અને મોહના કારણે, ઘણીવાર તેઓની ખોટી અને અનિચ્છનીય ઇચ્છાઓ પણ તૃપ્ત કરવાને પ્રયત્ન

કરે છે, પણ આવા પ્રયત્નો કેટલીકવાર પતિ-પત્નીના છૂટાછેડામાં પરિણમે છે તેનું ભાન આવા માતાપિતાને હોતું નથી. ધનવાન માતાપિતાઓની પુત્રીઓ તેના સાસરે પતિ અને તેના કુટુંબીઓ સાથે એકયતા પ્રાપ્ત નથી કરી શકતી, તેના મૂળમાં માતાપિતાની નીતિ અને રીત જ જવાબદાર હોય છે. આ રીતે માતાપિતાના, પોતાની પુત્રી કેમ વધુ સુખી થાય એવા પ્રયત્નો અંતે તો પુત્રીના દુઃખમાં જ પરિણમે છે. પણ ધન અને વૈભવના નશામાં માબાપને આ વાતનું ભાન નથી રહેતું.

રેવતીની બાબતમાં પણ એમ જ બન્યું. અમારિઘોષનો ઢંઢેરો જાહેર થતાં માંસલોલુપ રેવતીને પોતાના પિયરમાંથી ગાયના વાછરડાનું માંસ આવવું શરૂ થયું. પતિ જ્યારે કંદમૂળનો સ્પર્શ પણ ન કરે અને કાચું પાણી પણ ન વાપરે, ત્યારે તેની ધણિયાણીને માંસ અને મદિરા જોઈએ! આ રીતે જ્યાં શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ત્રણેય પ્રકારે કજોડાં હોય ત્યાં એવા પતિ-પત્નીના સહજીવનમાં શી ભલી વાર હોય? વ્રતો અને નિયમો લીધા પછી મહાશતકનું જીવન ત્યાગપ્રધાન બનતું ગયું, અને પછી તો રાતે પણ તે પોતાના અલાયદા ઓરડામાં જ મોટો ભાગ ધ્યાનમાં જ સ્થિર રહેતો. રેવતી અત્યંત વિલાસી અને કામલોલુપ સ્ત્રી હતી, એટલે સ્વાભાવિક રીતે જ મહાશતકના ત્યાગી જીવન પ્રત્યે તેને અણગમો અને કંટાળો આવ્યો. કામને જ્ઞાનીઓએ જ્વર કહ્યો છે કારણ કે તેના અગ્નિનો તાપ એવો પ્રચંડ હોય છે, કે તે પ્રજ્વલિત થતાં મેઘના સમૂહથી સિંચન કરવામાં આવે તોપણ શાંત થતો નથી.

કામાગ્નિથી પ્રજ્વલિત થયેલાને સમુદ્રમાં ડુબાડી રાખો તોપણ તેનો સંતાપ દૂર થતો નથી. કામના બળાત્કારથી જેમના ચિત્ત ઉદ્વિગ્ન અને દુઃખપૂર્ણ બનેલાં રહે છે, તેવા કામી સ્ત્રી પુરુષો પોતાના પ્રિયપાત્રની પ્રાપ્તિ માટે ગમે તેવા ભયંકર સાહસિક કામો કરવામાં પાછું વળી જોતાં નથી.

રેવતીને પણ વિચાર આવ્યો કે 'મારી બાર બાર શોકયોના કારણે મારી ઈચ્છા મુજબ મહાશતક સાથે ઉત્તમ એવા માનુષી કામભોગોને સ્વેચ્છાપૂર્વક હું ભોગવી શકતી નથી.' મદન–કામના વેગથી ઉન્માદવાળી બનેલી સ્ત્રી પોતાના કુળ અને ઘરને ક્ષણ માત્રમાં કલંકિત બનાવી દે છે. કારણ કે, તેનામાં નિર્દયતા, મૂર્ખતા, અતિચપળતા, વંચકતા, કુશળતા અને કુટિલતાના દોષો આપોઆપ જ આવી જાય છે.

દાંપત્ય જીવનનો મૂળ હેતુ કામભોગ અને મોજમજાનો નથી, પણ વિષયવાસનાની વૃત્તિમાંથી ધીરે ધીરે મુક્ત થઈ પતિપત્નીએ પ્રયત્નો દ્વારા હૃદયની ઐકયતા સાધવાનો છે. આ દૃષ્ટિએ ગૃહસ્થાશ્રમ એ યોગાશ્રમની પ્રાથમિક ભૂમિકા જ છે. આ વસ્તુ ભૂલી જઇ પોતાના પતિ સાથે મનગમતાં ભોગો વિના સંકોચે ભોગવી શકાય એ માટે રેવતીએ અગ્નિ, શસ્ત્ર કે વિષ પ્રયોગથી તેની બારે શોકયોને મારી નાખવાનો દ્રઢ સંકલ્પ કર્યો. માનવમનમાં જે શુભાશુભ ઇચ્છાઓ, કામનાઓ અને વાસનાઓ રહેલા હોય છે તદનુરૂપ તેને કર્મ કરવાની પ્રેરણા મળે છે.

તિર્યંચ જાતિના પશુ પ્રાણીઓ અમુક ઋતુમાં કામભોગ સેવે છે, ઋતુ વીતી ગયા પછી કે પહેલાં તેવી ક્રિયા કરતાં

દેખાતાં નથી. પ્રાણીઓ પોતાની વૃત્તિ મુજબ જીવન જીવે છે, જ્યારે માનવીમાં વૃત્તિથી પર થઈને જીવન જીવવાની શક્તિ અને બુદ્ધિ રહેલા છે. આ શક્તિનો બે રીતે ઉપયોગ કરી શકાય છે. એક તો વૃત્તિથી પર થઇને જીવન જીવવાનો માર્ગ છે, અને બીજો માર્ગ વૃત્તિને વાસનાની તૃપ્તિનું સાધન બનાવીને, સ્વચ્છંદ રીતે પશુ કરતાં પણ અધમ રીતે જીવવાનો માર્ગ છે. રેવતી આ બીજા માર્ગે જીવન જીવવામાં માનનારી અધમ સ્ત્રી હતી.

યોગ્ય તક પ્રાપ્ત થતાં રેવતીએ તેની છ શોકયોને શસ્ત્રથી અને છ શોકયોને વિષના પ્રયોગ દ્વારા મારી નાખી. સ્ત્રીઓમાં લાખો ખરાબ કામો પ્રત્યક્ષમાં કરીને પણ નિઃશંક બની છુપાવવાની કળા રહેલી છે. જગતને ઠગવામાં સ્ત્રીઓ અતિશય ચતુર હોય છે અને તેમના માયા–કપટનો તાગ કોઈ લઈ શકતું નથી. કેટલાક પુરુષો વનમાંથી વાઘને પકડે છે, આકાશગામી ઊડતાં પક્ષીને પકડે છે, મચ્છીમાર નદી અને તળાવમાંથી માછલાંને પકડે છે, પણ સ્ત્રીઓના મનને કોઈજ પકડી શકતું નથી. દેવ, દૈત્ય, સર્પ, હાથી, ગ્રહ, ચન્દ્રમા અને સૂર્ય–નક્ષત્ર બધાની ગતિ–ચેષ્ટાઓને જાણી શકનાર વિદ્વાન પણ સ્ત્રીના ચરિત્રને સમજી શકતો નથી. રેવતી પણ બારે શોકયોનો કાંટો પોતાના માર્ગમાંથી સિફતપૂર્વક દૂર કરી, બધી શોકયોનું ધન લઈ મહાશતક પર પોતાનો કબજો જમાવવા પ્રયત્નો કરવા લાગી.

એક તરફ મહાશતક પોતે લીધેલાં અણુવ્રતો, શિક્ષાવ્રતો અને ગુણવ્રતોનું શુદ્ધ અને નિર્મળભાવે પાલન કરતો હતો,

ત્યારે બીજી બાજુ રેવતી નિત નિત નવા આકર્ષક વેશ ધારણ કરી મહાશતકના પૌરુષત્વને ઢંઢોળવા મિથ્યા પ્રયત્નો કરતી હતી. અંતરના અવાજને માન આપી આધ્યાત્મિક વૃત્તિ પોષવી એ સહેલું અને સહજ છે, પણ અતૃપ્ત ભોગવાસનામાંથી ઉત્પન્ન થતી આવેશમય વૃત્તિ અને હતાશ મય લાગણીને શાંત રાખવી એ અત્યંત કઠિન છે. આવી પરિસ્થિતિમાં મૂકાયેલી વ્યકિતનું માનસ વિકૃત બની જાય છે.

શ્રમણોપાસક મહાશતકને વ્રત–નિયમોનું પાલન કરતાં ચૌદ વર્ષો વીત્યાં પછી, તેને ખાતરી થઈ ગઇ કે કામભોગ શલ્યરૂપ છે, કામભોગ વિષરૂપ છે અને કામભોગ ભયંકર ઝેરી સર્પ જેવા છે. તેણે અનુભવ્યું કે, માણસનું મન માખણ જેવું છે અને સ્ત્રી રૂપી અગ્નિનો સંયોગ થતાં સત્‌પુરુષ કે વ્રતધારીનુ ચિત્ત પણ ચલાયમાન થઈ જાય છે. ચૌદ વર્ષની સાધના કાળ દરમ્યાન તેને એ પણ સમજાઈ ગયું કે આત્મધ્યાનમાં લીન થવાથી અર્થાત્ ચિત્તવૃત્તિને આત્મામાં તલ્લીન કરવાથી જે દિવ્ય આનંદ પ્રાપ્ત થાય છે, એજ કર્તવ્ય આ દેહે કરવું જોઈએ. પછી તો રેવતીના સંસર્ગથી દૂર થઈ જઈ સ્વદારા સંતોષ વ્રતની જગ્યાએ તેણે અખંડ બ્રહ્મચર્યવ્રત ધારણ કરી કુટુંબનો બધો ભાર પોતાના સંતાનોને સોંપી દીધો. મહાશતક હવે ભગવાન મહાવીરે બતાવેલા ધર્મમાર્ગને અનુસરતો રાત અને દિવસ પૌષધશાળામાં રહેવા લાગ્યો.

આત્માભિમુખ બનેલા મહાશતકને રેવતીએ પાછા પંચેંદ્રિયની સૃષ્ટિમાં લાવવાનો દૃઢ નિશ્ચય કર્યો. તેણે વિચાર્યું કે પાષાણમાં કંડારેલી તથા કાષ્ઠ, ચિત્ર વગેરેમાં કોતરેલી સ્ત્રી-

ઓની આકૃતિ પણ માણસના ચિત્તને વિચલિત કરી શકે, તો જે પુરુષે મારી સાથે અનેકવાર કામભોગો ભોગવ્યા છે, તે પુરુષ મારા કામબાણમાંથી કઈ રીતે મુક્ત રહી શકવાનો છે? માસખમણને પારણે માસખમણ કરનારા તપસ્વીઓ પણ સ્ત્રીની સંગતિથી મોહિત થઈ જાય છે. માનવજાતનું કેન્દ્ર સ્થાન સ્ત્રી છે. પુરુષ સ્ત્રીથી દૂર નાસે, ડરે કે પવિત્ર રહેવા માટે પ્રયત્નો કરે, તોપણ અંતે તો થાકીને તેણે ખેંચાઈ ખેંચાઈને છેવટે ત્યાં ઢસડાઈને આવવું જ પડે છે. ગુરુત્વાકર્ષણ કરતાં અનેક ગણાં આવા જલદ આકર્ષણમાંથી પુરુષના માટે બચવું એ શકય જ નથી. અહીં તો મારે વર્ષોના વર્ષો સુધી તેર તેર સ્ત્રીઓના સાંનિધ્યમાં રહેનારાને મોહાંધ કરવાનો છે, એમાં તે શી મોટી ધાડ મારવાની છે?

એક રાતે મહાશતક પર વિજય મેળવવા સોળે શણગાર સજી રેવતી પૌષધશાળામાં જઈ પહોંચી અને શૃંગારભર્યા હાવભાવ કરી તેને કહેવા લાગી: 'હે મહાશતક! ત્યાગ–તપ–સંયમ–દમન–જપ–ધ્યાન આ બધાં વાસના ઉપર વિજય મેળવવામાં મદદરૂપ બની શકતાં નથી, કારણ કે વાસના અનાદિ છે અને વાસનામાંથી જ માનવે જન્મ ધારણ કર્યો છે. વળી તું ધર્મ, પુણ્ય, સ્વર્ગ અને મોક્ષની કામના કરે છે, પણ આ બધાં સુખો કરતાં વિષયભોગનું સુખ વધુ ઉચ્ચતમ છે. પરોક્ષ સુખોની આશામાં પ્રત્યક્ષ સુખોને શા માટે ભોગવતો નથી? હવે આ બધા ઢોંગો છોડી દઈ મારી સાથે માનુષિક કામભોગોને ભોગવતો રહે, તો તારા અન્ય વ્રતોના પાલનમાં હું તને સહાયરૂપ થવા તૈયાર છું.'

રેવતીએ ઉદાર બની મહાશતકને બ્રહ્મચર્ય સિવાય અન્ય-વ્રતો પાળવામાં સહાયરૂપ થવા તૈયારી બતાવી એટલે મહા-શતકે તેને કહ્યું : "હે રેવતી ! ચંદ્રમાથી જેમ તારાઓ શોભે છે તેમ બ્રહ્મચર્યવ્રતના પાલનથી જ અન્ય વ્રતો દીપે છે. વળી, તાત્ત્વિક દૃષ્ટિએ તો બ્રહ્મચર્યના પાલન સિવાય અન્ય કોઈ પણ વ્રતનું અખંડ રીતે પાલન શકય પણ નથી. મૈથુ-નથી અહિંસા, સત્ય, અચૌર્ય અને અપરિગ્રહ વ્રતો અમુક અંશે ખંડિત થયા વિના રહેતા નથી. બ્રહ્મચર્યનો સાચો અર્થ તો આત્માની શોધ એવો થાય છે અને આત્માની શોધ અર્થે જ વ્રત પાલનની આવશ્યકતા છે. જ્યાં બ્રહ્મચર્ય નથી અર્થાત્ આત્માની શોધનું ધ્યેય નથી ત્યાં અન્ય વ્રત પાલનનો અર્થ પણ શું ? વળી હે રેવતી ! કામ ભોગ દ્વારા જો આત્મદર્શન–આત્મશોધન થતું હોત તો ભગવાન મહાવીરે મને ત્યાગ ધર્મનો માર્ગ ચીધ્યો જ ન હોત !'

રેવતીનાં વચનોનો પણ આદર ન થયો અને મહાશતક પહાડની માફક ધર્મધ્યાનમાં સ્થિર રહ્યો, એટલે અનાદર પામેલી રેવતી ત્યાંથી ધૂવાંકૂવાં થતી પાછી ચાલી ગઈ.

તે પછી મહાશતક અગિયારે પ્રતિમાઓને આચરતો ઉગ્રતપ અત્યંત કૃશ અને નસોના ગૂંચળાંથી છવાયેલો દુર્બળ થઈ ગયો, છેલ્લે અંતિમ મારણાંતિક સંલેખના સ્વીકારી, આહારપાણીનો સર્વથા ત્યાગ કરી, જીવન અને મરણમાં સમભાવ રાખતો રહેવા લાગ્યો.

આ રીતે રહેતાં રહેતાં તેના ચિત્તની વૃત્તિ વધારે શુદ્ધ થઇ અને મનના શુભ અને નિર્મળ અધ્યવસાયોના કારણે તેને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું.

રેવતીનો કામાગ્નિ અને કોપાગ્નિ શાંત થવાને બદલે દિનપ્રતિદિન વધુને વધુ પ્રજ્વલિત બનવા લાગ્યો. એક નિરંકુશ, કામલોલુપ અને સ્વચ્છંદમતિ સ્ત્રી પોતાના પતિ માટે એવું ભયંકર કામ કરી નાખે છે કે તેવું ભયંકર ક્રોધિત થયેલા સિંહ, વાઘ, સર્પ, અગ્નિ અને રાજા પણ કરી શકતા નથી. મહાશતકે અંતિમ મારણાંતિક સંલેખના સ્વીકાર્યા પછી પણ, એક વખતે રેવતી મોગરાના ફૂલની સુશોભિત વેણી પહેરી, કંઠમાં હીરાનો હાર, હાથમાં નીલમનાં કંકણ તથા કાનમાં હીરા તથા પાનાંનાં કર્ણફૂલ અને નાસિકામાં હીરાજડિત નાજુક ચૂંક પહેરી, શામ–દામ–દંડ અને ભેદ વડે મહાશતકને તેના અંતિમ વ્રતમાંથી ચલાયમાન કરવા ચાલી નીકળી. કોઇએ સાચુંજ કહ્યું છે કે અસત્ય, સાહસ, માયા, મૂર્ખાઈ, અતિલોભીપણું, અશૌચપણું, નિર્દયપણું એ સ્ત્રીઓનાં સ્વાભાવિક પાપો છે. દાંત પડી ગયા હોય, કેશ ધોળા થયા હોય અને દૃષ્ટિ ક્રમેક્રમે કુંઠિત થતી જતી હોય તેમજ દેહનો અંતિમ સમય નજીક આવ્યો હોય તોપણ કામેચ્છા અને વાસના એવી સતી સાધ્વીઓ જેવી છે કે જે દેહને કદાપિ છોડતી નથી! રેવતીએ પણ પૌષધ શાળામાં મહાશતક પાસે જઇ તેણે ગ્રહણ કરેલા માર્ગથી પાછા ફરવા અને યથેચ્છ કામભોગો ભોગવવા આગ્રહ કર્યો; એટલે મહાશતકે કહ્યું: 'હે અધમ સ્ત્રી! કામ રૂપી વિષને

હું હલાહલ વિષથી પણ વિશેષ મહાવિષ માનું છું, કારણ કે હલાહલ વિષ તો ઉપાય કરવાથી કદાચ નીકળી જાય, પણ કામરૂપી વિષ તો ઉપાય રહિત છે તેથી તેમાંથી મુક્ત બનવું અત્યંત કઠિન છે.'

પોતાના પ્રયત્નો નિષ્ફળ થતાં જોઇ ભયંકર રોષ અને ચીડથી રેવતીનું રૂપાળું મોં લોહી નીતરતી વાઘણના જેવું બની ગયું. અત્યંત ક્રોધ અને ગુસ્સાપૂર્વક તે બોલી : 'હે મહાશતક ! પુરુષ જાત જ અવળચંડી અને કમનસીબ છે. હડકાયા કૂતરાની માફક પોતાની કામવાસનાની તૃપ્તિ અર્થે સ્ત્રીનો તે ઉપભોગ કરી જાણે છે, પણ સ્ત્રીની સંવેદના, અરમાન, વેદના, વ્યથા અને કામપીડા સમજવા પુરુષ કદી પ્રયત્ન જ કરતો નથી. તમને ખબર નથી પણ આજે તમારી પાસે હું નગ્ન સત્ય જાહેર કરવા આવી છું. તમને અખંડ રીતે પ્રાપ્ત કરવા ખાતર જ મારી બાર બાર શોકયોની કોઇ ન જાણે એ રીતે મેં હત્યા કરી નાખી છે. હવે યાદ રાખજો કે તમને પુનઃ પ્રાપ્ત કર્યા સિવાય હું અહિંથી કદાપિ પણ ખસવાની નથી.'

અગ્નિ એ સોનાની કસોટી છે, સોનું એ સ્ત્રીની કસોટી છે અને સ્ત્રી એ પુરુષની કસોટી છે. બાર બાર પત્નીઓનાં ક્રૂર હત્યાકાંડની વાત રેવતીના સ્વમુખે સાંભળતાં મહાશતકને ભારે આઘાત લાગ્યો અને તે કંપી ઊઠયો. રેવતી પર તેને પ્રચંડ ક્રોધ વ્યાપી ગયો. સાચા જ્ઞાની માનવીને પ્રકૃતિ અને સંસાર સાથે એટલો ગાઢ સંબંધ હોય છે, કે કોઈ પણ આઘાત કે નુકસાનને એ બહુ સહેલાઇથી સહન કરી લે છે. પરંતુ આઘાત અને પીડા ઉપજાવે તેવી રેવતીની વાત મહાશતક

જેવા તપસ્વી અને અંતિમ સંલેખના સ્વીકારનારથી પણ સહન ન થઈ. મહાશતકે પોતાનો મિજાજ ગુમાવી અવધિજ્ઞાનનો ઉપયોગ કરી કહ્યું : 'હે નાપાક સ્ત્રી ! તું આજથી સાત દિવસની અંદર અલસ રોગથી અત્યંત દુઃખ પામી દુર્ધ્યાન-યુકત થઈ, અસમાધિવાળી બનીને મૃત્યુ પામીશ અને રત્નપ્રભા પૃથ્વીના લોલુયચ્ચુય નરકમાં ૮૪૦૦૦ વર્ષ સુધી નરકગતિનું દુઃખ ભોગવીશ.'

બાણમાંથી છૂટેલા તીરની માફક બોલેલા શબ્દોને પણ પાછા ફેરવી શકાતા નથી, જ્ઞાન મહા કિંમતી રસાયણ છે પણ તેને પચાવવું એ ભારે કઠિન પ્રક્રિયા છે. મહાશતકની વાત ખોટી ન હતી, પરંતુ સાચી વાત પણ જો કોઈને ઉદ્વેગ કે પીડા ઉપજાવે તેવી હોય તો સાચા સાધકે તે ન બોલવી જોઇએ. માણસે બોલતાં પહેલાં સાંભળનારને શી અસર થશે તેનો વિવેક પૂર્વક વિચાર કરવો જોઇએ. જ્ઞાનીઓએ તેથી જ જીભને વિકરાળ વાઘણની ઉપમા આપી તેને જંજીરમાં બાંધી રાખવા સૂચના આપી છે. તીક્ષ્ણ ભાલાના ઘા કરતા પણ મહાશતકની વાણી રેવતી માટે વધુ અનર્થકારી અને પીડાજનક થઈ પડી. તેને લાગ્યું કે મહાશતકની શાપજનક વાણીથી તેણે સાત દિવસમાં મૃત્યુ પામી નરકના દુઃખો ભોગવવા જવું પડશે. રેવતી ભયભીત બનીને ત્યાંથી પાછી ચાલી ગઈ અને સાત દિવસની અંદર અલસ રોગથી પીડાતી તે મૃત્યુ પામી નરકગતિમાં ગઈ.

તે સમયે ભગવાન મહાવીર રાજગૃહીના ગુણશીલચૈત્યમાં આવીને ઊતર્યા. ભગવાને રેવતી તથા પોતાના શિષ્ય શ્રમણો-

પાસક મહાશતક વચ્ચે થયેલો વિખવાદ ગૌતમને કહી સંભળાવી કહ્યું : 'અંતિમ સંલેખનાને સ્વીકારી શ્રમણોપાસકે કોઈને સાચું હોય તોપણ અનિષ્ટ અને અપ્રિય વચનોથી કાંઇ કહેવું ન ઘટે, તેમજ ક્રોધ કરવો પણ ન ઘટે. હવે હે ગૌતમ ! તું મહાશતકની પાસે જઈ મારી આ વાત તેને સમજાવ અને તેની પાસે અપરાધની કબૂલાત કરાવી પ્રાયશ્ચિત્ત વડે શુદ્ધ કર.'

ગૌતમ સ્વામી મહાશતક પાસે ગયા અને તેને કહ્યું : 'હે દેવાનુપ્રિય ! ભગવાન મહાવીર એમ કહે છે, અને પ્રરૂપે છે કે, અંતિમ સંલેખનાધારી શ્રાવક માટે રેવતીને ઉદ્દેશી તમે જેવું કહ્યું તેવું કહેવું કે બોલવું કલ્પતું નથી. કારણ કે, તમે તેને જે કહ્યું ને સત્ય હોવા છતાં અપ્રિય અને અનિષ્ટ છે, તો હવે તેનું પ્રાયશ્ચિત્ત કરો.'

મહાશતકે ગૌતમસ્વામીના કહેવા અનુસાર પ્રાયશ્ચિત્ત કર્યું અને પોતે શુદ્ધ થયો. તે પછી સમાધિપૂર્વક તે મરણ પામી સૌધર્મકલ્પમાં અરુણાવતંસક વિમાનમાં ઉત્પન્ન થયો અને ત્યંથી મહાવિદેહવાસ પામીને તે સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે.

# ૭. મેતાર્ય મુનિવર

મેતાર્ય પૂરા પંદર વર્ષનો થયો ત્યાં સુધી તો એણે રાજગૃહી નગરીના એક અગ્રગણ્ય શ્રેષ્ઠીના પુત્ર તરીકે લીલા લહેર કરી. પણ સોળમા વરસે એના લગ્ન લેવાયા અને આઠ વણિક ગૃહસ્થોની આઠ કન્યાઓનું વાજતે-ગાજતે, સાજન-મહાજન સાથે પાણિગ્રહણ કરવા જતાં લગ્નના મંડપેથી વીલે મોઢે પાછું ફરવું પડ્યું, ત્યારથી એનું બધું પોકળ ફૂટી ગયું. "મેતાર્ય જન્મથી જ ચાંડાલની જાતનો છે"- એ વાત લોકોમાં ફેલાઈ ગઈ. કોઈ બીજાએ એ પોકળ ફોડ્યું હોત તો ઈર્ષા કે દ્વેષથી આવી બદનામી કરી હશે એમ કહેવાત. પણ મેતાર્યની સગી માતાએ જ બરાબર લગ્નને દિવસે, આવેશમાં આવી જઈને છડે ચોક જાહેર કર્યું કે "મેતાર્ય મારો પુત્ર છે. મેં જ આ શેઠાણીને સોંપ્યો હતો. એને પરણાવવાનો હક્ક બીજા કોઈનો નહિ-મારો એકલીનો જ છે. એ લહાવો હું બીજા કોઈને નહિ લેવા દઉં."

મેતાર્ય ચાંડાલકુળનો છે એમ જાણ્યા પછી જેમણે પોતાની કન્યાઓ એની વેરે પરણાવવાનો સંકલ્પ કર્યો હતો તેમણે મેતાર્યને મંડપના બારણેથી જ પાછો વિદાય કરી દીધો. મેતાર્યને માઠું તો બહુ લાગ્યું, પણ એનો બીજો ઈલાજ નહોતો. મેતાર્યની માતાએ પોતે જ એકરાર કર્યો કે: "એ

શેઠની ભાર્યાને દર વખતે મરેલા પુત્રો અવતરતા હોવાથી અને મને એ બાઈની દયા આવવાથી, તારો જન્મ થતાં જ એનો મરેલો પુત્ર મેં લીધો અને તેને બદલે મેં તને ત્યાં સોંપી દીધો. પણ તું વાજતે-ગાજતે પરણવા નીકળ્યો ત્યારે મારું હૈયું હાથમાં ન રહ્યું. તને જોઇને હું ગાંડી થઇ ગઇ. હું સમજતી હતી કે તું સુખમાં-લાડમાં ઉછરેલો છે, તને ચાંડાલને ત્યા નહિ ગમે. પણ મારું માતાનું હૈયું અંદરથી આર્ત્ત-નાદ કરી ઊઠયું. મારાથી ન રહેવાયું." એટલું કહીને માતા ચોધાર આંસુ વરસાવી રહી.

મેતાર્ય બીજું તો સગી માતાને શું કહે ? એનો આઘાત એટલો ઊંડો હતો કે તે વર્ણવવા જતા કદાચ એનું કાળજું પણ કાબૂમાં ન રહે. છતાં મેતાર્યે કહ્યું :

" એક રીતે હું માતાની ગોદમાં માથું ઢાળવા પાછો આવ્યો તે ઠીક જ થયું છે. શેઠને ત્યાં વસ્તુ કે વૈભવ મળત, પણ મને માતાનો સ્નેહ ક્યાંથી મળત ? આ કુળમાં જ જિંદગી કાઢવાનું નિર્માણ થયું હશે. તેને હું કે તું શી રીતે ટાળી શકવાનાં હતાં ? "

માતા ને પુત્ર બન્ને એ રીતે સમજી ગયાં. પણ મેતાર્યના દિલનું ઊંડાણ કોઈ માપી શક્યું નહિ. એણે મનમાં ને મનમાં જ નિશ્ચય કર્યો કે, " શ્રેષ્ઠીની પુત્રીઓ ભલે મને ન વરી, પણ ચાંડાલપુત્ર હોવા છતાં રાજગૃહીના રાજવીની પુત્રી સાથે ન પરણું તો થઇ રહ્યું છે ? વાણિયાની કન્યાઓ તો એની પાછળ ઢસડાઇને આવવાની. "

પંગુ કોઈ ઉચ્ચ ગિરિશિખર ઉપર ચડવાની હિમ્મત કરે તેવી આ પ્રતિજ્ઞા હતી. મેતાર્ય કોઇની સાથે વેર બાંધવાની કે શ્રેષ્ઠીઓ પાસેથી બદલો લેવાની ઝંઝટમાં ન પડ્યો. એ જો ક્રોધાંધ બનીને, પોતાને મળેલી નિરાશા બદલ વેર વાળવા કટિબદ્ધ બન્યો હોત તો એની શક્તિ નકામી વેડફાઈ જાત.

મેતાર્યે પોતાના એક વખતના મિત્ર—એક દેવની સાધના આદરી. દેવે આવીને મેતાર્યને ઘણી ઘણી રીતે સમજાવ્યો કે એ ખટપટમાં કાંઇ માલ નથી. ખરી રીતે તો તું ઘણી ઊંચી કોટીનો ભવ્યાત્મા છે: માત્ર કુળનો મદ કરવાથી જ આ હીન દશામાં આવી પડ્યો છે. તું જો સમજીને આ સંસારના ઠગારા સંબંધોનો ત્યાગ કરે—આત્મહિત કે વિશ્વહિતમાં ઝૂકી પડવાની મને ખાતરી આપે તો હું તને મારાથી બનતી મદદ કરવા તૈયાર છું.'

પણ મેતાર્યે તો એક જ હઠ પકડી. "એક વખત હું રાજકન્યાને પરણું—પેલી શ્રેષ્ઠીકન્યાઓને પણ મારી અર્ધાંગનાઓ કરું, તે પછી બીજી વાત. જ્યાં સુધી મેં મનમાં કરેલો નિશ્ચય ફળીભૂત ન થાય ત્યાં સુધી હું તારી ત્યાગ કે કલ્યાણની કોઈ વાત સાંભળવાનો નથી." પોતાના એક વખતના મિત્રની હઠને સંતોષવા દેવે પોતે જ ઈલાજ બતાવ્યો: "તને કોઇ દિવ્ય તેજવાળા રાજકુમારમાં પલટાવ્યો હોય તો રાજગૃહીની રાજકુંવરી કદાચ તારી ઉપર મોહ પામે."

મેતાર્યે તરત જ એ વાતનો વિરોધ કર્યો: "રાજકુમાર ઉપર મોહ પામે તેમાં આ મેતાર્યનો શું દી વળે? મને તો

મારી ઉપર મોહાય–હું જેવો છું–જે કુળ કે વંશમાં જનમ્યો છું તે કુળના એક સંતાન તરફ આકર્ષાય અથવા તો એના માતપિતા, મારી મેતાર્ય તરીકે પસંદગી કરે તો જ મને સમાધાન થાય–તો જ દેવની સહાય લેખે લાગે. બનાવટી રાજકુમાર હું કેટલાક દિવસ રહી શકું ?"

મેતાર્યના મિત્ર દેવને પણ એ વાત ગળે ઊતરી. છેવટે મેતાર્યને ત્યાં એક એવી બકરી મૂકવી કે જે રોજ એક–બે સુંડલા ભરાય એટલી સોનાની લીંડીઓ મૂકે અને રાજાને એ સુવર્ણ ભેટ મોકલવાથી રાજા મેતાર્યને કોઈક દિવસે પોતાની કન્યા આપવા લોભાશે એમ ઠર્યું, મેતાર્યને પણ એ યુક્તિ રૂચી. રાજાઓ મોટે ભાગે લોભી તો હોય છે જ. દેવતાઈ બકરીની સુવર્ણ લીંડી બિંબિસારને વિસ્મિત તથા પ્રભાવિત કરશે એવી મેતાર્યને આશા બંધાઈ.

નક્કી કરેલા કાર્યક્રમ પ્રમાણે હવે મેતાર્યને ત્યાં એક બકરી બાંધી. બકરીની સોનાની લીંડીઓથી ભરેલો સુંડલો લઈને મેતાર્ય પોતે મહારાજા બિંબિસારને ભેટ આપવા ગયો. મહારાજા તો બકરીની સોનાની લીંડીઓની વાત સાંભળીને આશ્ચર્યમાં ડૂબી ગયા. રોજ જેને ત્યાં આટલું સોનું અવતરતું હોય તેને કઈ વાતની ખામી રહે ?

મહારાજાનો બુદ્ધિનિધાન કુંવર અભયકુમાર ત્યાં જ બેઠો હતો. એણે આ સુંડલો જોયો. કોઈ વાતની પૂરી ખાતરી કર્યા વિના, માની લેવાનો એનો સ્વભાવ નહોતો. તે કાળે આવી માયાવી લીલાઓ બહુ ભજવાતી હોવાથી અને ભોળા

માણસો એવી માયાજાળમાં ફસાઇ જતા હોવાથી અભયકુમારે પોતે એ બકરી પોતાને ત્યાં રાજમહેલમાં બંધાવી જોઇ. રાજમહેલમાં એ બકરી, સામાન્ય બકરી જેવી જ બની ગઇ. અભયકુમારે મહારાજા પાસે ખુલાસો કર્યો :

"આમાં કોઇ દેવનો કૃપાપ્રભાવ છે. ભલે, આ બકરી સેનાની લીંડીઓ અહીં નથી કરતી: પણ આ મેતાર્યને કોઈ દેવની મદદ છે એ વાતમાં લેશમાત્ર સંશય નથી. એ સિવાય તો ચાંડાલકુળમાં જન્મેલો કોઈ જુવાન, રાજાની પુત્રી સાથે લગ્ન કરવાની સ્વપ્ને પણ આશા ન સેવે."

અભયકુમારે એક યા બીજી રીતે મેતાર્ય સંબંધી બધી હકીકત મેળવી લીધી હતી. રાજકન્યા પ્રાપ્ત કરવી અને એ રીતે પોતાની પ્રતિષ્ઠા વધારવી તે સિવાય મેતાર્યનો બીજો કોઈ ઉદ્દેશ નથી એમ અભયકુમાર બરાબર જાણી ચૂકયો હતો. અભયકુમારને સ્થાને બીજો કોઇ હોત તો એક હીન-કુળમાં જનમેલા જુવાનની આવી આકાંક્ષા જોઈને ધૂંવાપૂંવા થઈ ગયો હોત. એક ચાંડાલ, રાજાની કુંવરી સામે આંગળી સરખી પણ ચીંધી ન શકે–કુંવરીનું નામ લેનારની જીભ ખેંચી કાઢવાની જે વખતે ધમકીઓ અપાતી એવે વખતે મેતાર્ય જેવો એક પંકાયેલો ચાંડાલ, રાજપુત્રી માટે ખુલ્લી માગણી કરે અને અભયકુમાર જેવો રાજાનો લાડીલો અને માનીતો કુંવર સાંભળી લે, એટલું જ નહિ, પણ એ આખી સમસ્યા સમભાવથી ઉકેલવા મથે એ ઓછા આશ્ચર્યની વાત નથી.

એક તો અભયકુમાર ઘણો બુદ્ધિશાલી હતો, વ્યવહારદક્ષ હતો, ગુંચવાયેલાં કોકડાંને પળવારમાં ઉકેલવાં એને માટે રમત વાત હતી. પણ તે ઉપરાંત અભયકુમાર સંસ્કારલક્ષ્મીનો શ્રેષ્ઠી પુત્ર હતો. બુદ્ધિ તો ઘણીવાર કઠોર—નિર્મમ અને નિષ્ઠુર લાગે છે. સંસ્કારથી જ બુદ્ધિ રસાર્દ્ર બને છે—અને રસાર્દ્ર કૌશલ્ય જ વિશ્વનું પરમ સૌભાગ્ય બની રહે છે. અભયકુમાર, પોતાના યુગના બે સમર્થ પુરુષોના પરિચયમાં આવ્યો હતો. એમની પાસેથી પણ એણે સંસ્કારનો સારો વારસો મેળવ્યો હતો.

અભયકુમારે વિચાર કર્યો: મેતાર્ય ભલે ચાંડાલ હોય: પણ લાગે છે તો કોઇ યોગભ્રષ્ટ જેવો. જેણે દેવને પોતાની સહાયે બોલાવ્યો હોય તે શક્તિશાલી પણ જરૂર હોવો જોઇએ. માત્ર ચાંડાલના કુળમાં એ જનમ્યો છે એટલા જ કારણસર એની અવગણના ન થવી જોઇએ. મૂળ વાત શક્તિ અને સંસ્કારની છે. જો એ પરીક્ષામાં પાર ઊતરે તો મેતાર્યને રાજકન્યા આપવામાં બાધ નથી.

મહારાજા બિંબિસારને પોતાના વિચારોથી પરિચિત કરી. મેતાર્યને અભયકુમારે કહ્યુ: "મહારાજા પોતાની કન્યા આપવા તૈયાર છે પણ એક શરતે."

મેતાર્યના મોં ઉપર આશાની દીપ્તિ છવાઈ. આનંદના આવેશમાં એણે બોલવાનો પ્રયત્ન કર્યો, પણ એનાથી બોલી શકાયું નહિ. માત્ર દૃષ્ટિથી જ સૂચવ્યું કે "ગમે તે શરતનું પ્રતિપાલન કરવા તૈયાર છું."

માનવીને અશક્ય લાગે એવી અભયકુમારે શરત મૂકી : " જો તું એક રાતની અંદર, રાજગૃહી ફરતો ગઢ બાંધી દે, વૈભારગિરિ ઉપર સીધી સડક બાંધી દે અને તે સાથે ગંગા–યમુના–સરસ્વતી તથા ક્ષીર સમુદ્રનાં પાણી અહીં લાવી દે તો મહારાજા તને પોતાની પુત્રી પરણાવે."

પ્રેમીઓ અને પાગલો માટે કોઈ શરત અશક્ય નથી હોતી–પોતાની શક્તિનું છેલ્લું ટીપું નીચોવીને પણ તેઓ પોતાનાં સ્વપ્ન સિદ્ધ કરવા મથે છે. મેતાર્યે પોતાના મિત્ર દેવની મદદથી અસંભવિતને પણ સંભવિત કરી દીધું.

મહારાજાએ મેતાર્યની શક્તિ, પ્રભાવ અને સાધના ઉપર પ્રસન્ન થઈ પોતાની પુત્રી એને પરણાવી : પ્રથમ જે આઠ સ્ત્રીઓએ ચાંડાલપુત્રને પરણવાની ના પાડી હતી તે પણ મેતાર્યને માથે કીર્તિનો કળશ ઝળહળતો જોઈ પાછી મેતાર્યનેજ પરણી.

બાર વર્ષ મેતાર્યે એ રીતે વિતાવી નાખ્યાં, ભોગોપભોગથી વિરક્ત બનેલા મેતાર્યે તેરમે વર્ષે બંધનોમાંથી છૂટવાનો પ્રયત્ન તો કર્યો પણ તેમાં એ ન ફાવ્યો. બીજાં બાર વર્ષ એ પ્રમાણે નીકળી ગયાં.

આખરે પચીસમે વર્ષે, શિકારીની જાળમાં સપડાયેલો સિંહ વનને ધ્રુજાવી નાખતી ગર્જના કરી પોતાના સર્વ સામર્થ્યનો પરચો બતાવે તેમ મેતાર્યે ભ. મહાવીર સ્વામી પાસે મહાવ્રત અંગીકાર કર્યાં.

સાંસારિક કામનાઓ અને વાસનાઓમાં ૪૦ વર્ષની ઉંમર થતાં સુધી ડૂબેલા અને રાંક જેવા લાગતા મેતાર્ય, ત્યાગ-સંયમના માર્ગમાં એટલા જ ધીર–ગંભીર તેમજ ધુરંધર સાબિત થયા. ટાઢ–તડકા ને ભૂખ–તરસના પરિસહ તો એમને મન કંઈ વિસાતમાં જ ન હતા. યુગયુગાંતરનો અગ્નિ ધરતીના કઠણ થરને ભેદી લાવારૂપે બહાર આવે તેમ મેતાર્ય મુનિવરના અંતરમાં આજ લગી રૂંધાયેલી ક્ષમતા વિવિધ સ્વરૂપે દેખાવા લાગી. એકાકી વિકટ વનમાં વિહરવું : વસ્ત્ર-–પાત્રની પણ પરવા ન રાખવી અને મહિના મહિનાના ઉપવાસ આદરવા એ તો એમના જીવનનો સામાન્ય ક્રમ બની ગયો હતો.

એક દિવસે ચાંડાલપુત્ર તરીકે લોકો જેની અવગણના કરતા–એક દિવસે જે રાજપુત્રીનું પાણિગ્રહણ કરી કીર્તિના ઉત્તુંગ શિખરે પહોચ્યો હતો, તે જ આજે મેતાર્ય મુનિવરના નામથી ઓળખાય છે. મેતાર્ય મુનિવરનું નામ કાને પડતાં શ્રદ્ધાળુઓના બે હાથ આપોઆપ જોડાય છે.

કુલીનો જ સંયમ કે ધર્મની ધુરા ઉપાડી શકે એવો નિયમ નથી. જૈન શાસન કુળ કે વંશની ખાતર કોઇ ખાસ અધિકાર નથી આપતું. પક્ષપાત કે રાગ-દ્વેષને વીતરાગ પ્રભુના શાસનમાં સ્થાન નથી. ચાંડાલને ત્યાં જન્મવા છતાં 'મેતારજ મુનિવર'નું નામ મંગળ–ઉચ્ચાર બની રહ્યું. જેની આભડછેટ લાગે તેનું નામ પ્રાતઃસ્મરણને પાત્ર બન્યું.

તપસ્વી–નિઃસંગી મેતાર્ય મુનિવર એક દિવસે રાજગૃહીમાં આહારને માટે ફરતા એક સોનીના આંગણે જઇ ચડયા. આજે એમના મહિનાના ઉપવાસનો પારણાનો દિવસ હતો.

સોની એ વખતે સોનાનો જવ ઘડતો હતો. જિનેશ્વરની પૂજા માટે એક સો આઠ જેટલા જવ એને ઘડવાના હતા. છેલ્લો જવ ઘડી રહ્યો અને તે હેઠે મૂકવા જતો હતો, એટલામાં એણે "ધર્મલાભ" શબ્દો ઉચ્ચારાતા સાંભળ્યા. સોની જવને ત્યાં મૂકીને ઊભો થઇ ગયો.

ઘરમાં જઇને એ સોની મુનિને યોગ્ય આહાર લઇ આવ્યો અને મેતાર્ય મુનિને વહોરાવ્યો. મેતાર્ય મુનિ બે–ચાર ડગલાં આગળ ગયા હશે એટલામાં સોનીએ સુવર્ણ જવ મૂકયા હતા ત્યાં નજર કરી, તો એક સો આઠ જવમાંથી એકેય જવ નજરે ન પડયો.

સોનીના દિલમાં ઊંડી ફાળ પડી. સવારથી માંડી બપોર સુધીમાં માંડમાંડ આ જવ ઘડયા હતા. એની પાછળ એણે કળા અને શ્રમ ખરચવામાં કંઈ કચાસ નહોતી રાખી. સોનાના જવ હોવા છતાં સામાન્ય જોનારને કુદરતી જવ જેવા જ લાગે. સમસ્ત રાજગૃહીમાં એવા જવ ઘડનાર આ એક જ સોની હતો. કળાકુશળ હોવાથી એની ઉપર મહારાજાની પણ પૂરી મહેર હતી. મહારાજાનો માણસ ઘડી–બે ઘડીમાં જવ લેવા આવવો જોઈએ. જો વખતસર જવ ન આપે તો મહારાજાની જિનેશ્વરપૂજાની વિધિમાં વિઘ્ન પડે. મહારાજા તે સાંખી ન લે. સોનીને કદાચ સખત સજા પણ સહન કરવી પડે.

સોનીએ વિચાર્યું કે એકાએક એક–સો આઠ સુવર્ણના જવ કયાં ગયા ? ધરતી ગળી ગઇ હશે ? કોઇ બીજું તો અહીં આવ્યું નથી. તેમ મુનિ માટે આહાર લેવા અંદર

ગયો તેમાં પણ બહુ વખત નથી વીત્યો. જરૂર મુનિના વેશમાં આવેલો આ ઢોંગી જ ચોરી ગયો લાગે છે.

દોડતોક સોની મેતાર્ય મુનિ પાસે પહોંચ્યો અને મુનિની આડો ફર્યો. મેતાર્ય મુનિ હજી સોનીના ઘરના આંગણા બહાર નહોતા ગયા.

" મહારાજ! મારા જવ કાઢી નાંખો. બિંબિસાર મહારાજાને આજે–અત્યારે જ પહોંચાડવાના છે. મને શું ખબર કે મુનિના વેશમાં આવા ઠગ ફરતા હશે ? "

સોની મેતાર્ય મુનિવરને નહોતો ઓળખતો. જે જમાનાની અમે અહીં વાત કરીએ છીએ તે વખતે રાજગૃહી, શ્રમણ સંસ્કૃતિનું એક મહાધામ હતું. સેંકડોની નહિ, હજારોની સંખ્યામાં શ્રમણો અહીં આવી ચડતા અને પાછા ચાલ્યા જતા.

મેતાર્ય મુનિવર પાસે શરીર ઢાંકવા વસ્ત્ર પણ નહોતું. એક તો ઉગ્ર ટાઢ–તડકાના પરિસહો વેઠવાથી એમના દેહનો વર્ણ બદલાઇ ગયો હતો અને દેહની શુદ્ધિ માટે શ્રમણો છેક ઉદાસીન રહેતા હોવાથી, આ મેતાર્ય મુનિવર, રાજગૃહીના મહારાજાના એક વખતના માનીતા માણસ હતા અને આજે પણ એમની ગણતરી આ યુગના એક ધુરંધર સંયમી પુરુષરૂપે થતી હતી એ બધું આ સોની નહોતો જાણતો. એને તો એક જ વાતની પડી હતી: " ગમે તેમ કરીને મારા સોનાના જવ મને મળવા જોઈએ. "

મેતાર્ય મુનિ પણ સોની પાસે કંઈ ખુલાસો કરી શકે એવી સ્થિતિમાં નહોતા. એમણે જવને અદૃશ્ય બનતા જોયા

હતા. પણ જો એ વાત મેતાર્યમુનિ પેલા સોનીને કહે તો એક પ્રાણીનો વધ થાય એવી તેમને બીક હતી. એટલે કંઇ બોલ્યા વિના તેમણે સોની સામે કરુણાભીની નજરે એક વાર માત્ર જોઇ લીધું.

" મહારાજ! એમ મૌનનો દંભ કરશો એ નહિ ચાલે. જવ તમે જ લીધા છે. મારા ને તમારા સિવાય ત્રીજું કોઈ અહીં ફરકયું નથી. તમારા સિવાય સોનાના જવ બીજું કોણ લઈ જાય? મહારાજા બિંબિસારને ખબર પડશે તો તમને તો કંઈ નહિ કરે, પણ મને આકરામાં આકરી સજા ફટકારશે. મારા ઉપર કૃપા કરીને મારા જવ મને આપી દો."

મેતાર્ય મુનિ સોનીના દિલની વેદના સમજે છે, બીજી તરફ જો પોતે જોયેલી–જાણેલી વિગત કહી દે છે તો માત્ર પોતાના પ્રાણ રક્ષવા જતા ત્રીજા જ પ્રાણધારીનું પેટ ચીરાય એવો સંભવ છે. મેતાર્યમુનિ પણ ઓછી મૂંઝવણ નથી અનુભવતા.

આખરે એમણે ગમે તે સંજોગોમાં મૌનનો જ આશ્રય લેવાનો દ્રઢ સંકલ્પ કર્યો. સોની પ્રથમ તો કરગર્યો પણ એને જ્યારે ખાતરી થઇ કે વિનવણીથી અર્થ સરે તેમ નથી ત્યારે તેણે અમાનુષી ઇલાજ અજમાવવાનું નક્કી કર્યું. એની નજર સામે મહારાજાનો પ્રચંડ પ્રકોપ તરવરતો હતો. માણસ પોતાના બચાવ માટે કયું કુકર્મ નથી કરતો? થોડી ક્ષણ પૂર્વે મેતાર્યને આહાર વહોરાવનાર પોતે જ એમની ઉપર ત્રાસ વર્તાવવા તૈયાર થયો.

આંગણામાં એક મોટો ચામડાનો ટુકડો પડયો હતો. સોનીએ એ ચામડું પાણીમાં પલાળીને મેતાર્ય મુનિના મસ્તક ઉપર કસકસીને બાંધી દીધું. મુનિને પણ ધકેલીને સૂર્યના ધોમધખતા તાપમાં ખડા કર્યા. સોની માનતો હતો કે તાપથી જેમ ચામડું સુકાશે અને માથા ફરતાં બંધનો નાગપાશની જેમ ભીંસાતાં જશે તેમ મુનિની સાન ઠેકાણે આવશે અને જવ સંતાડયા હશે તે કાઢી નાખશે.

મેતાર્ય મુનિએ પણ ગંધાતું ચામડું પોતાના મસ્તક ફરતું બાંધવા સામે લેશમાત્ર પ્રતિકાર ન કર્યો. જે માણસના હાથમાંની મૂલ્યવાન વસ્તુ લૂટાઈ ગઈ હોય–જેની સામે રાજવીનો કોપ ડોળા ફાડીને ઊભો હોય તે માણસ આટલો ક્રોધાંધ ન બને તો બીજું શું કરે? એને ક્રોધ કરવાનો અધિકાર છે.

ચામડાનું પાણી શોષાતા, મેતાર્ય મુનિના મસ્તક ફરતાં બંધનો વધુ ને વધુ તંગ થવા લાગ્યાં. માથાની નસો ઉપર મૂર્છા આવી જાય એટલી હદે દબાણ થયું. મેતાર્ય મુનિ આવે વખતે પણ મુંઝાતા નથી. સોનીના ક્રોધ–ખડગ સામે ક્ષમાની ઢાલ ધરીને ઊભા છે.

સોની પોતે નથી જાણતો પણ મેતાર્ય મુનિ તો બરાબર જાણે છે–કારણ કે એમની નજર સામે જ બનેલો બનાવ છે: સોની ઘરની અંદર ગયો એ વખતે એક ક્રૌંચ પક્ષી ઊડતું આવીને સોનાના જવને અન્ન માનીને ગળી ગયું હતું. મેતાર્ય મુનિ જો એ નજરે જોયેલી વિગત કહી દે તો એમને કંઇ આંચ ન આવે. પણ મેતાર્ય મુનિને ક્રૌંચના પ્રાણ રક્ષવાની જેટલી ધગશ છે તેટલી પોતાના પ્રાણ માટે નથી.

વસ્તુસ્થિતિ વર્ણવવા જતાં પક્ષીની પ્રાણહાનિ થાય એવી એમને બીક લાગે છે.

માથાની નસોમાં અસહ્ય વેદના થવા છતાં મેતાર્ય મુનિની શાંતિ અને ક્ષમા એટલી જ જ્વલંત અને ઉજ્જવલ રહે છે. અનંત જીવનનો સ્વામી, થોડા દિવસના આયુષની ભિક્ષા માગવા તૈયાર થાય એમાં એમને મોટો ચક્રવર્તી, એક ભિક્ષુક પાસે દાન માગતો હોય એવી કંગાલિયત લાગી. પ્રાણ જાય તોપણ દીનતા ન દાખવવાનો એમણે નિશ્ચય કર્યો હતો.

નિર્દોષપણે આવી કારમી યાતના સહન કરવાની સુવર્ણ તક પોતાને સાંપડી છે એમ સમજી એમણે પોતાની વિચાર-ધારા વધુ નિર્મળ બનાવી. પોતાની ઉપર જુલમ ગુજારનાર પ્રત્યે પણ એમણે કરુણાનો જ સ્રોત વહાવ્યો. તાપ જેમ જેમ વધુ ઉગ્ર બનતો ગયો તેમ તેમ માથા ફરતાં બંધનો પણ વધુ તંગ બનવા લાગ્યાં અને મેતાર્ય મુનિવરના કરુણા-ભીના અંતરમાંથી ક્ષમા અને શાંતિની છોળો સમુદ્રનાં મોજાંની જેમ જ ઊછળી રહી. શોષ લેતાં ચામડાનાં બંધનો એટલી હદે તંગ બન્યાં કે મેતાર્યમુનિની બે આંખો બહાર નીકળી આવી. એક તો કઠણ તપશ્ચર્યા અને ટાઢ–તડકા–ભૂખ તરસ-ના પરિસહોને લીધે કાયા જીર્ણ બની ગઈ હતી, તેમાં આ રિબામણીએ એમની નસોને કાચા સુતરના તાંતણાની જેમ જ તોડી નાખી.

નસો તૂટતી હતી તેમ મેતાર્ય મુનિનાં છેલ્લાં કર્મબંધનો પણ, એમની અનંત–અપાર–અસીમ શાંતિ અને આત્મ-

રમણુતાના પ્રતાપે, શિથિલ બનીને વિદીર્ણ થતાં ગયાં. મેતાર્ય મુનિ કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા.

જે કૌંચ પક્ષી સોનાના જવને દાણા માની ગળી ગયું હતું તે પક્ષી પણ અચાનક મોટો ધડાકો સાંભળીને ચોંકી ઊઠયું—સહસા એની ચાંચમાં રહેલા જવ બહાર નીકળી પડ્યા.

સોનીને પોતાની ભૂલ અને ક્રૂરતા સમજાઇ. જે મુનિ ઉપર પોતે જુલમ ગુજાર્યો હતો તે કોઈ સામાન્ય સાધુ નહોતા—મેતાર્ય મુનિ હતા એમ જણાતા એની ચિંતા અને પશ્ચાતાપની પણ કોઇ સીમા ન રહી. એણે અંતે ભ. મહાવીરના ચરણનો આશ્રય લીધો. તે પણ પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિત કરીને યથાશક્તિ નિર્મળ બન્યો.

*     *     *



# ૮. અર્જુન માળી

**ભ**ગવાન મહાવીર જ્યારે આ અવનિ પર વિચરી રહ્યા હતા તે સમયની આ વાત છે. રાજગૃહીમાં એ વખતે મગધાધિપતિ શ્રેણિક નામે પ્રતાપી રાજા રાજ્ય કરતા હતા. શ્રેણિક મહારાજા ભગવાન મહાવીરના પરમ ભક્ત હતા.

એક વખત ભગવાન મહાવીર રાજગૃહીથી થોડે દૂર એવા એક ઉદ્યાનમાં પધારેલા હતા. લોકો ભગવાન મહાવીર પાછળ ઘેલા થયા હતા. ભગવાનની વાણી એક જ વખત સાંભળતાં લોકોનાં અંતરચક્ષુઓ ખુલી જતાં. ભગવાનની દેશના સાંભળી અનેક યુવાનોએ દીક્ષા લીધી હતી, જેમાં રાજકુમારો તેમજ ધનવાન શ્રેષ્ઠિઓના પુત્રોનો પણ સમાવેશ થતો હતો. જેઓ દીક્ષા લેવાને અશકત હતા તેવા માનવો પણ પોતાની શક્તિ અને શ્રદ્ધાપૂર્વક શ્રાવકોના વ્રતો ધારણ કરતા અને તેઓનો ગૃહસ્થાશ્રમ પણ ઉજ્જવળ બની જતો.

રાજગૃહીના રાજવી શ્રેણિક અને તેની પટરાણી ચેલણા પણ ઉત્સાહ અને આનંદપૂર્વક ભગવાન મહાવીરને વંદના અર્થે જવા તૈયાર થઇ ગયા. રાજા અને રાણી જ્યાં રથમાં બેસવા જાય છે ત્યાં તો એક ભયાનક ગર્જના સંભળાણી. આ ગર્જના સાંભળતાં જ સારથીના હાથમાંથી લગામ છૂટી ગઈ

અને થર થર ધ્રૂજવા લાગ્યો. એ ગર્જનાના કારણે વીજળી જેવા તેજસ્વી ઘોડા પણ ઢીલા ઢફ થઈ ગયા. ચારે તરફ વાતાવરણ ગમગીન બની ગયું, રાજા અને રાણીના અંગરક્ષકો ટપોટપ રથમાંથી નીચે ઊતરી પડયાં, અને તરત નગરરક્ષક પણ ત્યાં દોડી આવ્યો અને શ્રેણિકને વંદન કરી કહ્યું : 'નામદાર ! હમણાં જ પેલા અર્જુનમાળીની ગર્જના સાંભળવામાં આવી એટલે ભગવાન મહાવીરને વાંદવા જતા તમામ લોકોને ગામમાં પાછા ફેરવવા પડયા છે. આપના માટે હવે આજે ભગવાનને વંદન કરવા જવાનું શકય નથી.'

ચેલણાએ તરત જ પૂછયું 'આ અર્જુનમાળી તે શું ભૂત છે કે શયતાન ?' નગરરક્ષકે જવાબ આપતાં કહ્યું : 'મહારાણી બા ! એ તો ભૂતો અને શયતાનોનો પણ સરદાર છે ! રાજગૃહીના રસ્તે જતાં આવતાં માણસોમાંથી હંમેશાં છ પુરુષ અને એક સ્ત્રીને તે મારી નાખે છે. કોઈ દિવસ ખાલી જતો જ નથી !'

શ્રેણિકે પૂછયું 'પણ આ રીતે હંમેશા સાત જણને મારી નાખવામાં તેને કારણ શું છે ? આ દુઃખનો શું કોઇ ઇલાજ નથી ?'

ચેલણાએ કહ્યું 'એ માણસના ભૂતકાળનો ઇતિહાસ જાણી લેવો જોઈએ. માનવીના દરેક કાર્ય પાછળ કોઇને કોઈ કારણ રહેલું જ હોય છે. કારણ વિના કોઈ કાર્ય બનતું નથી. એટલે પ્રથમ આ માણસના પાછલા જીવનનો ઇતિહાસ જાણી લ્યો તો તેનું નિવારણ પણ ચોક્કસ મળી આવશે.'

નગરરક્ષકે કહ્યું 'મહારાણીબા ! એ બધી તપાસ તો થઈ ચૂકી છે. આપણા મહેલમાં પેલી રૂપાળી માલણ ફૂલ દેવા ન આવતી ?'

ત્યાં તો ચેલણાની દાસી બોલી ઊઠી 'ઓળખી, ઓળખી. પેલી પાતળી છોકરી અત્યંત નાજુક અને ગોરી તે જ ને ? મહારાણી બા ! એક દિવસે એ માલણની છોકરી જોઈ તમે તેની મશ્કરી કરતાં કહ્યું હતું 'એલી ! કોઈ ચિત્રકાર તને સામે બેસાડી તારું ચિત્ર દોરે તો બીજાંને તો તે રાતનુ જ આબેહૂબ ચિત્ર લાગે !'

ચેલણાએ કહ્યું "હા ! હા ! યાદ આવ્યું. મશ્કરી સાંભળી ને તે હસી પડી હતી, પણ તેનો આ વાત સાથે શો સંબંધ છે. ?"

શ્રેણિકે વચમાં કહ્યું "તો પછી એના રૂપની જ કાંઈ રામાયણ હશે ! વધુ પડતું રૂપ મોટા ભાગે ઉપાધિજ ખેંચી લાવતું હોય છે."

નગરરક્ષકે કહ્યું "હા, નામદાર ! એમજ બન્યું છે" ચેલણા બોલી "પણ તમે વિગતથી બધી વાત કહો ત્યારે જ સાચી ખબર પડે ને !" પછી તો સૌ બેઠાં, એટલે નગરરક્ષકે વાત શરૂ કરતાં કહ્યું "માળીપાડમાં અર્જુન નામે એક માળી રહેતો હતો. તેને ગામથી દૂર ફૂલોનો એક સુંદર બગીચો હતો. એ બગીચાને છેડે એક નાનકડું પણ સુંદર મંદિર હતું. ત્યાં મુદ્દગર ધારણ કરી ઊભેલી મુદ્દગરપાણિ નામના યક્ષની મૂર્તિ હતી. પેલી છોકરી એ યક્ષમૂર્તિના દર્શન કરવા ત્યાં નિયમિત જતી. અર્જુન જેમ યુવાન હતો તેમ

પેલી છોકરી પણ યુવાતી બની હતી. પછી બંનેને પરિચય થયો એને પરિચયમાંથી પ્રેમ થયો.

"અર્જુન યક્ષમૂર્તિનો પરમ ભક્ત હતો. યક્ષના પૂજારીનું કામ પણ તે જ કરતો. પછી તો પેલી યુવતી જેનું નામ બંધુમતી હતું તે પણ અર્જુનને તેના કામમાં મદદ કરવા લાગી. બંધુમતીના માતાપિતા તેના લગ્નની તજવીજ કરતાં હતાં ત્યારે બંધુમતીએ સ્પષ્ટ રીતે કહી દીધું કે તે તો અર્જુન માળીને પોતાનું સર્વસ્વ આપી ચૂકી છે. માતાપિતાએ તેને બીજે લગ્ન કરવા સમજાવી, પણ તેણે તો પેલા પૂજારીની પૂજારણ બનવાનો દ્રઢ નિશ્ચય કરી લીધો હતો. સ્રી અને પુરુષ લગ્ન ભલે ગમે તેટલી વાર અને ગમે તેની સાથે કરે, પણ જીવનમાં સાચો પ્રેમ તો એક જ વાર અને એક જ વ્યકિત પ્રત્યે થાય છે, બાકીના બધા તમાશા!"

નગરરક્ષકે પોતાની વાત આગળ વધારતાં કહ્યું: "અર્જુન અને બંધુમતીના પછી તો લગ્ન થઈ ગયાં અને તેમનું દાંપત્ય સુખ જોઇ લોકોને ઈર્ષ્યા થતી. એના વર્ગના લોકોમાં એમની ખ્યાતિ સારસ સારસીની જોડલી જેવી હતી."

ચેલણાની દાસીએ કહ્યું: "હા! એ વાતનો મને પણ અનુભવ થઇ ગયો છે. બંધુમતી ફૂલ આપવા મહેલમાં આવે ત્યારે અર્જુન પણ અચૂક તેની સાથે જ હોય. એક વખત મેં તેને કહ્યું કે "એલી! તારો ધણી સાથેને સાથેજ હોય છે એટલે તને એનો વિશ્વાસ નથી કે પછી તેને તારા પર

વિશ્વાસ નથી ? બંધુમતીએ હસીને મને કહેલું કે "ગોર મહારાજે લગ્ન વખતે અમને બંનેને કહેલું કે આજ સુધી તમે બંને ભિન્ન ભિન્ન વ્યક્તિ હતાં. હવે એકરૂપ થઈ ગયાં-એટલે લગ્ન પછી અમે એક બીજાનાં પડછાયા રૂપ બની ગયાં. હવે અમે જૂદાં કેમ પડી શકીએ ?" દાસીની વાત સાંભળી સૌ મુક્ત મને હસી પડયાં.

નગરરક્ષકે પછી કહ્યું: "આ વાત તદ્દન સાચી છે, અમને પણ તપાસમાં આ બધું માલૂમ પડયું છે. યક્ષની મૂર્તિ સામે અર્જુન વીણા વગાડતો અને બંધુમતી નૃત્ય કરતી. એક વખત મંદિરમાં જ્યારે તેઓ બંને આ પ્રમાણે ભક્તિમાં લીન હતાં, ત્યારે છ ગુંડાઓની ટોળકી આવી અને પાછળથી અર્જુનને પકડી તેને દોરડા વડે એક થાંભલા સાથે બાંધી લીધો. પછી માતેલા સાંઢની માફક છયે નર રાક્ષસો બાજ પક્ષી જેમ પારેવા પર તૂટી પડે તેમ બિચારી બંધુમતી પર તૂટી પડયા. છ માતેલા સાંઢની સામે એક બિચારી ગાય જેવી બંધુમતી શું સામનો કરી શકે ? અર્જુન માળીથી આ દુરાચાર સહન ન થયો, પણ તે બંધાયેલો હતો એટલે શું કરી શકે ? સમગ્ર જીવન દરમ્યાન અર્જુને પેલા યક્ષની સેવા ભક્તિ કર્યા હતા. તેથી તે વિચારવા લાગ્યો કે આવા સમયે પણ જો યક્ષ પોતાનો પરચો ન બતાવી શકે તો એની કરેલી સેવા અને ભકિતનો અર્થ શું ?"

ચેલણાએ કહ્યું: "ભકિત અને સેવા અનાસક્ત ભાવે થવા જોઇએ. એમાં આસકિત કે બદલાની ભાવના હોય તો એવા ભકિત-સેવાના બહુ મૂલ્ય નથી."

નગરરક્ષકે કહ્યું : " આવી બધી સમજણ તો અર્જુન જેવાને કયાંથી હોય ? એટલે એક બાજુએ પેલા છ નરાધમો-એ તેઓનું કાળું કામ પુરું કર્યું અને બીજી બાજુએ યક્ષની પ્રચંડ શકિત અર્જુન માળીમાં પ્રવેશવા પામી. કોઇ કહે છે યક્ષે પોતાની પ્રચંડ શકિત અર્જુનને આપી, પણ એ ગમે તે હો–અર્જુન માળીમાં કોઈ રાક્ષસી શક્તિ ઉત્પન્ન થઇ અને એક પળમાં દોરડું તોડી યક્ષના હાથમાં જે મુદ્દગર હતું તે લઇને પેલા છ ય અધમ નર રાક્ષસોના ટુકડે ટુકડા કરી નાખ્યા. બંધુમતીના પર અત્યાચાર થવાના કારણે તે આઘાતથી ત્યાં જ મૃત્યુ પામી.

આ વાર્તાલાપ ચાલતો હતો તેવામાં નગરરક્ષકના એક માણસે આવી સમાચાર આપ્યા કે, ભગવાન મહાવીરને વંદન કરવા જતાં લોકો પાછા ફર્યાં છે, પણ સુદર્શન શેઠ પાછા ફરવાની વાત ન માનતાં અર્જુનમાળીના રસ્તે થઇને જ જવા રવાના થઈ ગયા છે.

શ્રેણિકે પૂછયું " આ સુદર્શન શેઠ કોણ છે ? "

નગરરક્ષકે જવાબ આપતાં કહ્યું " નામદાર ! સુદર્શન શેઠ ભગવાન મહાવીરનો પરમ ભકત છે. શ્રાવકના તમામ વ્રતોનું બરોબર પાલન કરે છે. મોટો વેપારી છતાં વેપારમાં કદી જૂઠું નથી બોલતો, કોઇને મનદુઃખ થાય એવું નથી બોલતો અને નફામાં અમુક રકમથી વધુ રકમ તેની પાસે થાય તો તે સદુપયોગ કરી નાખે છે. પોતાના જ પૈસાનો પોતાને માલિક ન માનતાં રખેવાળ માને છે. " શ્રેણિકે એ માણસના રક્ષણ

માટે નગરરક્ષકને ખાસ ભલામણ કરી અને પછી સૌ મહેલમાં ગયા નગરરક્ષક તેના સ્થાને ગયો.

રાજગૃહીનો સુદર્શન શેઠ ધાર્મિક અને ભગવાન મહાવીર પ્રત્યે અનન્ય ભક્તિભાવ ધરાવતો હતો. ભગવાનના આગમનના સમાચાર સાંભળી તે અત્યંત હર્ષ પામ્યો અને ભગવાનને વાંદવા જવા માટે તૈયાર થયો, પરંતુ તે વખતે અર્જુનમાળીના ભયના કારણે સુદર્શનના માતાપિતાએ તે રસ્તે જઈ ભગવાન મહાવીરને વંદન કરવા ન જવા તેને ઘણું સમજાવ્યો પણ સુદર્શને તો એક જ વાત કરી " હે માતાપિતા ! ત્રણ જગતના નાથ શ્રી જિનેંદ્ર અહીં પધાર્યા છે તો તેમના મુખથી ઉપદેશનું શ્રવણ કર્યા વિના મોંમાં કશું નાંખવું મને ન કલ્પે. " માતાપિતાએ પણ છેવટે રજા આપી અને સુદર્શન ભગવાન મહાવીરની વાણી સાંભળવા નીકળી ગયો. નગરરક્ષકના માણસોએ ગામ દરવાજે તેને અટકાવ્યો અને ખોટું સાહસ કરી એ માર્ગે ન જવા સમજાવ્યો. પરંતુ એ જ રસ્તે જવાનો સુદર્શનનો દ્રઢ નિશ્ચય હતો એટલે કોઈપણ તેને ચલાયમાન ન કરી શક્યું.

થોડે દૂર પહોંચ્યો ત્યાં તો સુદર્શને અર્જુન માળીને હાથમાંનો મુદ્‌ગર ઊંચો કરીને કોપ પામેલા યમદૂતની માફક પોતાની તરફ આવતો જોયો. સુદર્શન જરાયે ન ગભરાતાં વસ્ત્રના છેડા વડે ભૂમિનું પ્રમાર્જન કરી તે જ સ્થાને સ્થિર બેસી ગયો. ભગવાન મહાવીરનું સ્મરણ કરી ચાર શરણા અંગીકાર કર્યા અને દરેક જીવોને ખમાવી ઉપસર્ગનો નાશ ન થાય ત્યાં

સુધી સાગાર અનશન વ્રત સ્વીકારી ઉચ્ચ ભાવના ભાવવા લાગ્યો.

સુદર્શનને સ્થિર અને સમાધિસ્થ બેઠેલો જોઇ અર્જુન માળીને અચંબો થયો. મુદ્ગર ધારણ કર્યા પછી લોકો એને દૂરથી જોઇને જ પ્રાણનો ત્યાગ કરી દેતાં એવી એની ધાક હતી, એમ છતાં આ માણસને સ્થિર અને શાંત બેઠેલો જોઈ અર્જુનમાળીને આશ્ચર્યનો પાર ન રહ્યો.

નાની વસ્તુ મોટી વસ્તુના પેટાળમાં સમાઈ જાય એ વિજ્ઞાનનો નિયમ છે. મદમાતી નદી જેમ સાગરના વક્ષઃ-સ્થળમાં સમાઈ જાય છે એવું જ કાંઇક અર્જુન માળીના સંબંધમાં બન્યું. અર્જુન માળી ઘડી બે ઘડી અપલક દ્રષ્ટિએ સુદર્શનના શાંત મોં સામે જોઈ રહ્યો. તેને થયું કે આ માણસ કેટલો શાંત અને સ્થિર છે? આવી શાંતિ અને સ્થિરતા મારા જીવનમાં હવે શું કદી પણ પ્રાપ્ત થવાની નહિ? આવી શાંતિ અને સ્થિરતા આ માણસે કઈ રીતે પ્રાપ્ત કર્યાં તે તો જાણું ? ”

જરા મોટા અવાજે અર્જુન માળીએ કહ્યું: “ એઈ જરા મને સમજાવતો ખરો કે આવી શાંતિ અને સ્થિરતા તેં કઇ રીતે પ્રાપ્ત કર્યાં ? ”

સુદર્શને પોતાનાં ચક્ષુ ખોલ્યાં અને અર્જુન માળી સામે હાથ જોડી બોલ્યો: “ ભાઈ અર્જુન! આવ, મારી નજીક આવીને બેસ. હું તને એજ વાત સમજાવવા અહીં આવ્યો છું.”

સુદર્શનની અમૃત જેવી મીઠી વાણીએ તેની પર અજબ ચમત્કાર કર્યો. લોકો તેનાથી દૂર જ નાસતા અને ભૂલે ચૂકે

જો કોઈને તેનો ભેટો થઈ જતો, તો અર્જુન માળીને સાક્ષાત યમરાજ માની તે ત્યાં ને ત્યાં પોતાના પ્રાણ ત્યજી દેતો. આ એક એવો નરવીર નીકળ્યો કે જેણે એને પોતાના ભાઈની માફક સંબોધી આવકાર આપ્યો.

અર્જુન માળીએ કહ્યું: " ભાઇ ! તમારી નજીક આવીને બેસવાની મારામાં લાયકાત નથી. તમે જયારે સ્થિર અને શાંત છો ત્યારે હું સદાનો અસ્થિર અને અશાંત છું. મારા મનમાં એકજ રટણ છે કે મારા પર થયેલા જુલમના વેરનો બદલો કયારે લઉં ? અનેક સ્ત્રી પુરુષોની મારા હાથે, જાણતાં અજાણતાં હત્યા થઇ છે. પણ તેમ છતાં હજુ વેરતૃપ્તિ થતી જ નથી, એનું શું કરવું ?"

સુદર્શને કહ્યું: " વેરની તૃપ્તિનો જે માર્ગ તમે અખત્યાર કર્યો છે તે જ ખોટો છે. વેર કેમ લેવું એનો સાચો માર્ગ હું તમને બતાવવા માગું છું, પણ તમે અહીં મારી નજીકમાં આવો."

અત્યંત ક્ષોભપૂર્વક અર્જુન માળી સુદર્શનની નજીક આવીને બેઠો અને કહ્યું: " મને જો વેરની તૃપ્તિ થઈ જાયને, તો મારા મનને શાંતિ થઈ જાય. જ્યારથી પેલા છ પુરુષો અને મારી પત્ની મારા દુઃખનું કારણ બન્યાં ત્યારથી મારી શાંતિ લુપ્ત થઇ ગઇ છે. મારા મનને શાંત કરવા દરરોજ છ પુરુષો અને એક સ્ત્રીની હત્યાનું હું કારણ બનું છું, પણ તેમ છતાં શાંતિ થવાને બદલે અશાંતિ વધતી જ જાય છે."

સુદર્શને વિનમ્રતાપૂર્વક અર્જુનને કહ્યું. "અમુકે મને ગાળ દીધી, મને માર્યો, મારા સર્વસ્વનો નાશ કર્યો, મારું નખોદ કાઢી નાખ્યું–એવી વાતોની જે ગાંઠ **નથી** વાળતો, પણ ભૂલી જાય છે અને માફ કરી દે છે, તેનું વેર શાંત થઈ જાય છે. રસ્તે ચાલતાં પથ્થરની ઠેસ લાગે ત્યારે આપણે જેમ પથ્થર પર ક્રોધ નથી કરતા કારણ કે વાગવામાં પથ્થર તો નિમિત્ત બન્યો છે. તેમ આપણો અપરાધ કરનાર વ્યકિત વાસ્તવિક રીતે આપણાં જ કર્મોની પ્રેરણાથી આપણો અપરાધ કરતો હોય છે. પછી તેની પર ક્રોધ શા માટે? અગ્નિમાં ઈંધન નાખવાથી જેમ અગ્નિ બુઝાતો નથી પણ ઊલટો વધે છે, તેમ વેરથી વેર શાંત થવાને બદલે ઊલટું વધવા પામે છે. શીતળ પાણી વડે જેમ અગ્નિ શાંત થઇ જાય છે તેમ પ્રેમ વડે વેર પણ શાંત થઈ જાય છે."

અર્જુન માળીને સુદર્શનની વાતનું હાર્દ સમજાયું એટલે તેણે પૂછયું: "તમારા ગુરુ કોણ છે? તમને આવું બધું કોણે શીખવ્યું? તમે આ બધું કોની પાસેથી જાણ્યું?"

સુદર્શને કહ્યું: "ભગવાન મહાવીર પાસેથી આ બધું મેં જાણ્યું અને અત્યારે ભગવાનને વંદન કરવા જઇ રહ્યો છું. તમે પણ મારી સાથે આવી શકો છો."

અર્જુન માળીએ કરુણા ભર્યા સ્વરે કહ્યું: 'મારા જેવા અધમ અને પાપીને ભગવાન પોતાની પાસે આવવા દેશે?'

સુદર્શને હસીને કહ્યું: "ભગવાન મહાવીરને દરેક જીવો સમાન છે. પાપ પ્રત્યે ભલે ધિક્કાર હો, પણ પાપી પ્રત્યે તો

અનુકંપાની લાગણી કેળવવી જોઈએ એવો તેમનો ઉપદેશ મેં કાનોકાન સાંભળ્યો છે.”

પછી તો સુદર્શન અને અર્જુન માળી બંને સાથે જ ભગવાન મહાવીરને વંદન કરવા ચાલી નીકળ્યા.

સમવસરણમાં ભગવાનની અમૃત રૂપી વાણી પ્રથમ વાર જ સાંભળી અર્જુન માળીના હૃદયમાં ઘોર સંગ્રામ શરૂ થયો. તેનું સંતપ્ત હૈયું કોઈ અલૌકિક આનંદની પરમ તૃપ્તિ અનુભવી રહ્યું. અજ્ઞાન અને અબૂઝ દશામાં તેણે જે નિંદ્ય કૃત્યો કર્યાં હતાં તેનો તીવ્ર પશ્ચાત્તાપ શરૂ થયો અને સંસાર પરથી તેને વૈરાગ્ય આવ્યો. વૈરાગ્ય સ્વયં આત્મસ્ફૂરણા છે, એ કાંઈ પરાણે લાદવાની વસ્તુ નથી. વૈરાગ્ય જાગતાં ભગવાન સમક્ષ અર્જુન માળીએ પોતાના તમામ અપરાધોની કબૂલાત કરી અને ત્યાં જ દીક્ષા લઈ લીધી.

અર્જુન માળી હવે અર્જુનમુનિ બની ગયા. લોકો તેમને ઓળખે, તિરસ્કાર કરે, શિક્ષા કરે, પીડા ઉપજાવે, નિંદા કરે અને અપમાન કરે એ માટે જ પોતાનું મૂળ નામ ન ફેરવતાં અર્જુનમુનિ જ નામ રાખ્યું, અને દીક્ષાના દિવસથી જ જીવન પર્યન્ત છઠ્ઠના પારણે છઠ્ઠ કરવાનો અભિગ્રહ ધારણ કર્યો. કર્મમાં શૂરા હોય છે તે ધર્મમાં પણ શૂરા હોય છે એ વાત અર્જુમાળીએ દીક્ષિત જીવનમાં પુરવાર કરી આપી. અર્જુન માળી જેવો ક્રૂર, ઘાતકી અને ભયંકર હતો એવા જ અર્જુનમુનિ શાંત, સૌમ્ય અને સમભાવી બની ગયા.

[illegible] જતી વખતે લોકોના ટોળાં તેની આસપાસ ભેગાં [illegible] લોકોમાંથી કોઈના પિતાની, કોઈના પુત્રની, કોઈના ભાઈની તો કોઈની પત્નીની અર્જુન-માળી દ્વારા હત્યા થઈ હતી એટલે લોકો અર્જુનમુનિને જોઈ આવેશમાં આવી જઈ તેમના તરફ પથ્થર ફેંકતાં, કોઈ લાકડીનો માર મારતાં અને કોઈ ગમે તેવી ગાળો ભાંડતા, પણ અર્જુનમુનિ શાંત અને સ્થિર ચિત્તે કશોજ ઊંહકારો કર્યા વિના સમભાવ અને શાંતિપૂર્વક આવા તમામ ઉપદ્રવો સહી લેતા. લોકોને અર્જુન મુનિ અત્યંત વિનમ્રભાવે કહેતા કે " મહાનુભાવો, મારા પ્રત્યે આપ સૌનો ક્રોધ અને આવો વર્તાવ યોગ્ય છે, કારણ કે વિના અપરાધે મેં આપનાં સગાવહાલાંની ક્રૂર હત્યા કરી છે. આના બદલામાં તમે તો મને માત્ર શિક્ષા જ કરો છો, જે તમારો દયાભાવ સૂચવે છે. મેં જે અધમ કૃત્યો કર્યાં એ અજ્ઞાન અને મનની પામર દશાના કારણે થઈ ગયાં છે. તેનો મને અત્યંત આઘાત અને તીવ્ર પશ્ચાતાપ છે. હું આવી શિક્ષાને ખરેખર લાયક છું." અર્જુન મુનિની આવી સૌમ્ય અને શાંત વાણી સાંભળી પછી તો તેમને માર મારવાને બદલે લોકો નમી પડતા.

આ પ્રમાણે છ મહિના સુધી તેમણે અખંડ તપ કર્યું, તેમણે એકપણ દુર્ભાવ ન કેળવ્યો. આખરે તેમણે અનશન વ્રત ધારણ કર્યું. અને તેમનાં બધાંય કર્મો ખપી જતાં અંતકૃત કેવળી થઈને આ જ ભવમાં મોક્ષપદ પ્રાપ્ત કર્યું.



અપના છાપખાના, દરબારગઢ, ભાવનગર